શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૯ - અંક : ૫૩ - ડિસેમ્બર-૨૦૨૨




WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

# UNIQUE ROTOPACK PVT LTD

Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430






## MANUFACTURER:

Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers




Tarunkumar V. Dhrafani
Bhupeshkumar V. Dhrafani
Anil Kumar V. Dhrafani

93771 72545

### INDUSTRIES SERVED

| | |
|---|---|
| AGARBATTI | FOOD |
| FMCG | AGRICULTURE |
| PHARMACEUTICAL | AND MANY MORE |

AHMEDABAD

info@urplindia.com

www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : ડિસેમ્બર-૨૦૨૨ • વર્ષ : ૯ • અંક : ૫૩

## ટ્રસ્ટીશ્રીઓ


- અનિલભાઈ એસ. દોશી — મે.ટ્રસ્ટી — ૯૯૦૪૪૭૨૪૪૭
- બકુલભાઈ એ. દોશી — પ્રમુખ — ૯૯૨૫૨૦૩૯૨૪
- દીલીપભાઈ સી. શાહ — ઉપપ્રમુખ — ૯૮૨૫૦૩૬૫૩૧
- કમલેશભાઈ આર. મુછાળા — માનદ્મંત્રી — ૯૮૨૫૩૨૩૩૭૦
- ભૂપેન્દ્રભાઈ આર. પારેખ — કોષાધ્યક્ષ — ૯૮૨૫૦૨૨૧૪૨
- મનીષભાઈ વી. મહેતા — સહમંત્રી — ૯૩૭૫૦૫૨૫૧૧
- ભૂપેન્દ્રભાઈ એસ. ગાંધી — ટ્રસ્ટી — ૯૯૧૩૫૩૫૩૪૪
- ચંપકભાઈ બી. મુછાળા — ટ્રસ્ટી — ૯૪૦૯૦૫૪૬૭૮
- દીલીપભાઈ એન. ગાંધી — ટ્રસ્ટી — ૯૪૨૬૦૮૬૯૬૯
- જીતેશ એચ. દામાણી — ટ્રસ્ટી — ૯૩૭૬૦૧૮૩૪૭
- મનોજભાઈ આર. દિવાન — ટ્રસ્ટી — ૯૩૭૭૧૭૨૪૯૧
- મયુરભાઈ એમ. શાહ — ટ્રસ્ટી — ૯૨૨૭૨૪૩૧૪૩
- મિતેષભાઈ આઈ. શાહ — ટ્રસ્ટી — ૯૯૨૫૦૦૨૯૦૯
- સુરેશભાઈ એ. શાહ — ટ્રસ્ટી — ૯૯૦૪૨૨૨૭૧૧
- વિમલભાઈ આર. મુછાળા — ટ્રસ્ટી — ૯૮૭૯૭૯૪૭૦૦


## યુથવીંગ સભ્યો


- આશિષ જી. મહેતા
- હેમીલ એમ. શાહ
- જયમીન પી. રૂપાણી
- જીગર વાય. શાહ
- નિલેશ જે. કોઠારી
- રાજીવ બી. દોશી
- સચીન પી. દોશી


## મહિલાવીંગ સભ્યો


- નિશા એમ. જીવાણી
- નિતા બી. અંબાણી
- પાયલ બી. શાહ
- પ્રિતિ વી. શાહ
- રેખા એમ. કોઠારી
- તૃપ્તિ વી. મુછાળા
- વર્ષા આર. દામાણી


નોંધ: સ્નેહ–સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.

- માનદ્ મંત્રીશ્રી

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. સભ્યપદ અંગે - સરનામાં ફેરફાર - ચૂંટણી સમિતિનો આભાર | ૦૨ |
| ૨. પ્રથમ સોપાન | ૦૩ |
| ૩. સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ | ૦૪ |
| ૪. માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ | ૦૫ |
| ૫. સામાન્ય સભા તથા ચૂંટણી અહેવાલ | ૦૭ |
| ૬. મેક હેપ્પી - બી હેપ્પી - ખુશ કરીને ખુશખુશાલ | ૦૮ |
| ૭. કોષાધ્યક્ષ અહેવાલ | ૦૯ |
| ૮. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ - માનદ્ મંત્રીનો અહેવાલ | ૧૨ |
| ૯. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ - કોષાધ્યક્ષ અહેવાલ | ૧૩ |
| ૧૦. આરોગ્ય - જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) | ૧૪ |
| ૧૧. મસ્ત જિંદગી જબરજસ્તીથી નહીં... - જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) | ૧૫ |
| ૧૨. સંસ્થાના ટ્રસ્ટી તથા હોદ્દેદારો | ૧૭ |
| ૧૩. સચ્ચે દોસ્ત હમેં કભી ગિરને નહીં દેતે... - પ્રવિણભાઈ સોલંકી | ૧૯ |
| ૧૪. 'અનિંદ્રા' - સમસ્યા અને ઉપાયો - સુનીલ ચાંદોરીકર | ૨૧ |
| ૧૫. તસવીરી ઝલક - સ્નેહમિલન - ઇનામ વિતરણ સમારંભ | ૨૩ |
| ૧૬. કરસનકાકાની કથની - ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી' | ૨૭ |
| ૧૭. વર્તમાન ક્ષણમાં જીવો - નિરંજનભાઈ દામાણી | ૨૯ |
| ૧૮. તેજસ્વી મોઢ એક્સેલેન્ટ એવોર્ડ - અભિનંદન | ૩૧ |
| ૧૯. દિલ દઈને કામ કરો - પ્રદીપભાઈ વડોદરીયા | ૩૩ |
| ૨૦. મન્ડે માર્ક : રાજીવ મણીયાર | ૩૫ |
| ૨૧. નારી તું નારાયણી... - શ્રીમતી રશ્મીબેન શાહ | ૩૬ |
| ૨૨. કુંડળીના ગુણો તો મેળવી લીધો પણ શું? - શ્રીમતી સુષ્માબેન રાઠોડ | ૩૭ |
| ૨૩. વાનગી વિભાગ - નીતાબેન ગાંધી | ૩૯ |
| ૨૪. થેંક્સગીવીંગ - શ્રીમતી જયશ્રીબેન ઠાર | ૪૧ |
| ૨૫. શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા પ્રગતિ મંડળ - નરોડા ક્રિકેટ ટુર્ના. | ૪૩ |
| ૨૬. જાણવા જેવું - ભારતીય રાષ્ટ્રીય ધ્વજનું નિર્માણ | ૪૪ |
| ૨૭. સરકારી યોજનાની વિગત | ૪૬ |
| ૨૮. ગવર્નમેન્ટ બેનીફીટ યોજના ફોર્મ | ૪૭ |
| ૨૯. સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ | ૪૮ |


## લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે 'સ્નેહ–સેતુ'માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.

- માનદ્ મંત્રીશ્રી

## સભ્યપદ અંગે ખાસ

- સંસ્થાના નિયમ મુજબ જે નામનું સભ્યપદ હશે તે સભ્યનું અવસાન થતાં તે સભ્યપદ રદ ગણાશે.
- આવા સંજોગોમાં સભ્યના વારસદારે કે પરિવાર ઈચ્છે તે કોઈપણ પુખ્ત ઉંમરની વ્યક્તિએ સભ્યપદ મેળવવાનું રહેશે.
- સભ્યના અવસાન બાદ જો આ રીતે નવું સભ્યપદ મેળવવામાં નહીં આવે તો તે પરિવારો સંસ્થાની વિવિધ યોજનાના લાભથી વંચિત રહેશે.

**તેથી ખાસ વિનંતી કે...**

- જે સભ્યોનું અવસાન થયું હોય તેઓના પરિવારજનોએ નવું સભ્યપદ મેળવી લેવું.
- અલગ રહેવા ગયેલા સભ્યોએ પણ નવું સભ્યપદ મેળવી લેવું.
- સભ્યપદ ફી રૂા. ૧૫૦૦/– ભરી નવું સભ્યપદ મેળવી શકશો.

ખાસ નોંધઃ જે નામનું સભ્યપદ હશે તેના પરિવારને જ સંસ્થાની વિવિધ યોજનાનો લાભ મળશે તે ધ્યાનમાં લેશો.

**ઉપરાંત, સંસ્થાના નિયમ મુજબ એક સાથે રહેતા પરિવારજનો પણ અલગ-અલગ સભ્યપદ લઈ શકે છે. પરિવારની સભ્યપદ ધરાવતી વ્યક્તિ ઉપરાંત પરિવારની પુખ્ત ઉંમરની કોઈપણ વ્યક્તિ સભ્યપદ મેળવી શકે છે. તેની પણ નોંધ લઈ ઈચ્છા ધરાવતા ભાઈઓ-બહેનો સભ્યપદ મેળવી શકશે.**

**- કમલેશ મુછાળા (માનદ્ મંત્રી)**

**(સંસ્થાના સભ્ય થવાનું ફોર્મ આ અંકમાં પ્રકાશિત કરેલ છે)**

## સરનામા ફેરફાર અંગે ખાસ

સર્વે સભ્યશ્રીઓ,

સભ્યોના સરનામામાં ફેરફાર અંગેની જાણ સંસ્થાને તુરત કરવા વિનંતી. આ માટે નીચેની બાબત ખાસ ધ્યાનમાં લેશો.

સરનામા ફેરફાર અંગેની જાણ કોઈ પણ ટ્રસ્ટીને કે માનદ્મંત્રી – પ્રમુખશ્રીને કરવાથી ક્યારેક ધ્યાન બહાર રહી જાયે છે અને સરનામા સુધારવાનું રહી જાય છે.

હવે પછી સરનામામાં ફેરફાર અંગે જાણ ફક્ત નીચે જણાવેલ એક જ સ્થળે કરવાની રહેશે. સભ્યે પત્ર દ્વારા કે વ્હોટ્સએપ દ્વારા ટ્રસ્ટીશ્રી વિમલભાઈ મુછાળાને જાણ કરવાની રહેશે સાથે નવા સરનામાનો યોગ્ય આધાર મોકલવો જરૂરી છે.

**શ્રી વિમલભાઈ આર. મુછાળા (ટ્રસ્ટીશ્રી)**
**બી-૧૩, રત્નદીપ કોમ્પ્લેક્ષ, રાહુલ ટાવર પાછળ, ગ્લોરીયા રેસ્ટોરન્ટ સામે,**
**૧૦૦, આનંદ નગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. મો.: ૯૮૭૯૭૯૪૭૦૦**

## ચૂંટણી સમિતિનો આભાર

સંસ્થાના નવા ટ્રસ્ટીઓની ચૂંટણી તા. ૨૭.૧૧.૨૦૨૨, રવિવારના યોજવામાં આવેલ. આ ચૂંટણી પ્રક્રિયા માટે સંસ્થા દ્વારા ચૂંટણી પ્રક્રિયા માટે નીચેના ત્રણ સન્માનનીય સભ્યોની ચૂંટણી સમિતિ બનાવેલ હતી.

**(૧) શ્રી હર્ષદભાઈ રસીકલાલ શાહ, (૨) શ્રી મનીષભાઈ મનસુખલાલ જીવાણી, (૩) શ્રી મનીષભાઈ રમણીકલાલ દામાણી**

આપશ્રીઓએ આ જવાબદારી માટે સહર્ષ સ્વીકૃતિ આપી તેની અમે ખાસ નોંધ લઈએ છીએ. આપશ્રીઓએ નિષ્પક્ષ રીતે, ખૂબ જ સરળતાથી અને બંધારણના નિયમને અનુસરીને મર્યાદિત સમયમાં ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા ખૂબ જ સફળ રીતે પૂર્ણ કરેલ હતી. આપશ્રીઓએ કુશળતાપૂર્વક અને શાંત વાતાવરણમાં ચુંટણીનું સંચાલન કરી એક નોંધપાત્ર જવાબદારી પૂર્ણ કરી હતી.

આપશ્રીઓની આ માનદ્ સેવાની હાર્દિક નોંધ લઈ ટ્રસ્ટના તમામ સભ્યો વતી આપ સર્વેનું અભિવાદન કરીએ છીએ અને અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કરીએ છીએ.

ભવિષ્યમાં આપશ્રીઓના આવા જ સહકારની અપેક્ષા સહ.

**- પ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ**

# પ્રથમ સોપાન



**સ્નેહી સભ્યશ્રીઓ,**

પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામનાઓ. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરી આપણે દિવસે-દિવસે પ્રગતિના પંથે જઈ રહ્યા છીએ.

સારા, સંસ્કૃત, શિક્ષિત મજબૂત મનોબળ અને સ્વસ્થ બાળકો અને યુવાવર્ગ થકી જ ભવિષ્યમાં મજબૂત અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ થઈ શકશે. આવો આપણે બધા સાથે મળી હજુ વધારે પ્રગતિશીલ, સન્માનનીય અને સમભાવપૂર્ણ સમાજ બનાવવા જરૂરી કાર્યો કરીએ.

ગત તા. ૧૩-૧૧-૨૦૨૨ ના રોજ આપણે સંસ્થાનો વાર્ષિક સ્નેહમિલન અને ઈનામવિતરણ સમારંભ ખૂબ જ રંગે-ચંગે-આનંદ-ઉલ્લાસ સાથે ઉજવ્યો. ત્રણ વર્ષના લાંબા અંતર પછી યોજાયેલ સમારંભમાં ખૂબ જ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી સંસ્થાના બાળગોપાળ - યુવાવર્ગ - ભાઈઓ-બહેનો અને વડીલોએ દરેક કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ મોજ-મજા કરી. સંસ્થાના ટ્રસ્ટીઓએ, યુથવીંગ - મહિલાવીંગના સભ્યોએ અને નામી-અનામી પરદા પાછળના સંસ્થાના કાર્યકરોએ પોતાના યોગદાન દ્વારા સવારથી લઈ રાત્રિના ભોજન સુધીની સંસ્થાની દરેક પ્રવૃત્તિઓને સફળ રીતે પૂર્ણ કરી. આમ આપણા સૌના સંયુક્ત સાથ-સહકાર, સમન્વય અને શિસ્ત થકી સમારંભ સફળ થયો તે માટે સૌ અભિનંદનના અધિકારી છે.

સ્નેહીજનો... છેલ્લા બે થી પણ વધારે વર્ષો દરમિયાન બધાએ ખૂબ જ પ્રતિકૂળ અને સંઘર્ષમય સમય પસાર કર્યો. આ સમયગાળા દરમિયાન એક આડફાયદો એ થયો કે બધાની એકબીજા પ્રત્યેની લાગણીમાં વધારો થયો અને એકબીજાની જરૂરિયાતનો અહેસાસ થયો. સાથે સભ્યોને સહાયરૂપ થવાની ભાવનામાં પણ વધારો થયો. સંસ્થા અને સંસ્થાના સભ્યો દ્વારા આ સમય દરમિયાન તન-મન અને ધન દ્વારા વધુમાં વધુ સેવાકીય કાર્યો થયા, અને એકબીજાના પૂરક બની રહ્યા. આ એક આવકારદાયક બદલાવ આવ્યો. સંસ્થાના સભ્યોમાં સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરવા અંગેની જાગૃતિમાં ઘણો વધારો થયો અને આના પરિણામ સ્વરૂપ સંસ્થાના નાના-મોટા દરેક સભ્યો સંસ્થાને જ્યારે પણ જરૂર પડી ત્યારે આર્થિક સહકાર આપતા રહ્યા.

તમે એ જાણીને ગૌરવની લાગણી અનુભવશો કે, છેલ્લા ૩ વર્ષના ગાળા દરમિયાન સંસ્થાના સભ્યો દ્વારા સંસ્થાને અંદાજે રૂા. ૨૭,૦૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે અને તેથી જ અમો સંસ્થાના સભ્યો માટે જરૂરિયાતના સમયે સારી કામગીરી કરી શક્યા છીએ. વધુમાં ઉમેરૂં તો આપણી સંસ્થાના અન્ય ટ્રસ્ટ શ્રી માતંગી વેલફેર સોશિયલ ટ્રસ્ટને પણ આ જ ગાળા દરમિયાન રૂા. ૧૨ થી ૧૩ લાખનું અનુદાન મળેલ છે અને આ રીતે જોઈએ તો છેલ્લા ૩ વર્ષમાં સંસ્થાના સભ્યો દ્વારા રૂા. ૪૦,૦૦,૦૦૦ (દર મહિને સરેરાશ રૂ. ૧ લાખથી પણ વધારે) જેવી રકમ મળેલ છે. દાતાઓનો દિલસે આભાર.

આપણા આવતા વર્ષો ઘણા મહત્ત્વના છે. આ અંક તમને મળશે ત્યારે સંસ્થાને ૭૫ વર્ષ (અમૃત મહોત્સવ વર્ષ)માં પ્રવેશવામાં ૭ મહિના બાકી હશે. ભારત વર્ષની જેમ આપણા સમાજમાં પણ યુવાશક્તિ ભરપૂર છે સાથે મહિલાશક્તિ પણ ખૂબ જ પ્રગતિ કરી રહેલ છે. આવતા સમયમાં આ બંને શક્તિની આવડતનો, ઉત્સાહનો, શિસ્તનો અને **Extra Skills** નો લાભ સમાજને મળે તે માટે સંસ્થા દ્વારા જરૂરી આયોજન કરવાના પ્રયત્નો કરવાના છે.

આ માટે આર્થિક ફાળો તો ખરો જ, પરંતુ તેની સાથે દરેક સભ્યોના સૂચનોની, જરૂરી સહકારની અને ખાસ તો સક્રિયતાથી સંસ્થાના કાર્યોમાં રસ લેવાની જરૂરિયાત રહેશે અને આ બધું તમારા તરફથી સમયાંતરે મળતું રહેશે જ તે અંગે મારા મનમાં કોઈ સંશય નથી જ.

લાંબા ગાળાના આયોજન માટે સંસ્થાના ટ્રસ્ટીઓની મીટીંગ ટૂંક સમયમાં મળશે. જેમાં ખાસ તો શૈક્ષણિક, તબીબી ક્ષેત્ર ઉપરાંત બાળકો અને મહિલાઓ માટેના કાર્યક્રમોને અગ્રતાક્રમ આપી તે માટે વધુમાં વધુ બજેટ ફાળવવા અંગે વિચારણા કરવામાં આવશે.

**પ્રિય વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ,**

સ્નેહ-સેતુનો આ અંક તમને મળશે ત્યારે તમો બધા વાર્ષિક પરીક્ષાઓની તૈયારીમાં ઓતપ્રોત હશો. દર વર્ષે આવતો આ પરીક્ષા ઉત્સવ માનસિક તાણ, ચિંતા, આશા, ઉત્તેજના અને છેલ્લે પરિણામની પ્રતિક્ષાનો અનુભવ કરાવતો હોય છે. પરંતુ પરીક્ષાને પ્રસંગમાં ફેરવીને પૂર્ણ મહેનતથી, પોતાનામાં પૂરેપૂરો આત્મવિશ્વાસ રાખીને, સમજણપૂર્વકની યોગ્ય તૈયારી સાથે અને માનસિક બોજ વગર પરીક્ષાખંડમાં જશો તો તમો ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશો તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

વ્હાલા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ શુભેચ્છા. તમો તમારી મહેનતનું યોગ્ય ફળ મેળવો અને સારામાં સારા ગ્રેડ સાથે ઉત્તીર્ણ થાવ તેવી અંતરની અભિલાષા સાથે શુભકામનાઓ પાઠવું છું.

**AL THE BEST - BE POSITIVE - BE CONFIDENT**

**– બકુલ દોશી (પ્રમુખશ્રી)**

SPARK

કોઈને "સારા" લાગશો, કોઈને "ખરાબ" લાગશો પણ ચિંતા ના કરશો...
જેવા જેના "વિચારો" હોય તેવું જ તેનું "મૂલ્યાંકન" હોય છે.

# સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ

## (૧) દવામાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી :

"સ્વર્ણિમ સ્વાસ્થ્ય યોજના" અંતર્ગત સંસ્થાના કોઈ પણ સભ્ય દવાના બીલમાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી યોજનાનો લાભ લઈ શકે છે. આ માટે સંસ્થાએ "Wswasthya Mediserve Pvt. Ltd." સાથે એમઓયુ કરેલ છે. તેઓને ૦૭૯-૪૮૪૮૪૮૪૮ ઉપર વ્હોટ્સઅપ દ્વારા પ્રિસ્ક્રીપ્શન મોકલવાથી જરૂરી દવા ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી મેળવી શકશો. બીલનું પેમેન્ટ દવાની ડિલીવરી સમયે આપવાનું છે. આ અંગેની વિગતવાર માહિતી સ્નેહસેતુના સપ્ટે. ૨૦૨૦, અંક-૪૫ માં પ્રકાશિત કરેલ છે. આમ છતાં વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂરી હોય તો કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો. વધુમાં વધુ પરિવારો આ યોજનાનો લાભ લે તેવી આશા છે.

## (૨) દવાના બીલમાં ૫૦% રોકડ સહાય :

સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને દવાના બીલમાં ૫૦% રોકડ સહાયની યોજના નિયમિત ચાલે છે. આ લાભ લેવા દવાના બીલો વ્હોટ્સઅપ દ્વારા શ્રી દિલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) ને મોકલવા. તેઓ જરૂરી કાર્યવાહી કરીને દવાના નેટ બીલની ૫૦% રકમ તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપશે.

## (૩) શૈક્ષણિક સહાય :

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મેરીટ આધારિત અપાતી નિયમિત સ્કોલરશીપ આપવાનું ચાલુ છે. જરૂરિયાતમંદ પરિવારના બાળકો આ બંને યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે છે. આ માટેના ફોર્મ કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મેળવી શકશો અને ફોર્મ ભરીને તેઓને પરત આપી શકશો.

## (૪) મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટ તરફથી મળતી શૈક્ષણિક સ્કોલરશીપ :

જરૂરિયાતમંદ પરિવારના ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ મેળવી શકે છે. આ માટેના ફોર્મ પણ સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મળી શકશે. જે મેળવી જરૂરી માહિતી ભરી તેઓને પરત પહોંચાડી શકશો.

## (૫) ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન :

સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોનની યોજના ચાલુ છે હવેથી દર વર્ષે બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ ઉપલબ્ધ થશે. આ લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

## (૬) અવસાન સમયે ભોજન વ્યવસ્થા

પરિવારના કોઈ સ્વજનના અવસાન સમયે એક સમયની ભોજનની નિ:શુલ્ક સેવા. જેમાં જરૂરિયાત મુજબનું ભોજન ઘરે પહોંચતું કરવામાં આવે છે. આ માટે કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરવાથી વ્યવસ્થા થઈ શકશે.

# સદ્ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુ:ખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.


પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. શશીકાંતભાઈ પ્રભુદાસ દોશી | તા. ૨૭.૦૮.૨૨ |
| (૨) | સ્વ. પ્રવિણભાઈ ચંદુલાલ દોશી | તા. ૨૯.૦૮.૨૨ |
| (૩) | સ્વ. હિનાબેન નૈનેશભાઈ દોશી | તા. ૩૦.૦૮.૨૨ |
| (૪) | સ્વ. બરખા નિશાંતકુમાર મહેતા | તા. ૧૮.૧૧.૨૨ |
| (૫) | સ્વ. જસવંતીબેન ભીખાલાલ સોલંકી | તા. ૦૭.૧૨.૨૨ |
| (૬) | સ્વ. મહેન્દ્રભાઈ ચંદુલાલ છગનલાલ શાહ (લીંબડીવાળા) | તા. ૧૯.૧૨.૨૨ |

ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:

- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો

# વાર્ષિક સ્નેહમિલન તથા ઈનામ વિતરણ સમારંભ અહેવાલ



સુજ્ઞ જ્ઞાતિજનો

આ અંક આપના હાથમાં આવશે ત્યારે આપણે ત્યાં સુંદર મજાની ઠંડીની મજા માણતા જ હશો. તેમજ સ્વેટર જેકેટ તથા કાનટોપી પણ આપના ભંડાકીયામાંથી કાઢીને તેનો ઉપયોગ પણ ચાલુ થઈ ગયેલ જ હશે. આ એક જ સીઝન છે કે આપ વિવિધ વ્યંજન જે ઠંડીને લગતા છે તેનો પણ આનંદ માણતા જ હશો.

આપ સૌને યાદ જ હશે કે આ વર્ષે આપણા સમાજનો વાર્ષિક મેળાવડો ૧૩/૧૧/૨૨ ના રવિવારના રોજ ચંદ્રપ્રસાદ દેસાઈ હોલ, બાપુનગર લગભગ ત્રણ વર્ષના કોરોનાના કપરા સમયબાદ આયોજીત થયેલ હતો. મને આશા છે કે આપ સૌ કે આપના પરિવારજનો તેના હિસ્સેદાર હશો જ છતાં પણ તેની વિગતવાર માહિતી અત્રે ફરીવાર આપું છું આ અંકમાં તેના ફોટોગ્રાફ પણ આપેલ છે.

આ વખતના મેળાવડાની શરૂઆત સવારથી જ ચાલુ થયેલ હતી. પ્રથમ કાર્યક્રમ મુજબ નાના નાના ભૂલકાઓના બાળચિત્ર ઉત્સવનું આયોજન કરેલ હતું. જેમાં ૨, ૩, ૪ ધોરણ અને ૫, ૬, ૭ ધોરણના બે ગ્રુપ બનાવી બાળકોને મનગમતા વિષય ઉપર ચિત્રકામ સ્પર્ધા રાખેલ હતી. બન્ને ગ્રુપના મળીને લગભગ ૩૪ જેટલા બાળકોએ ભાગ લીધેલ હતો. સંસ્થા તરફથી દરેક બાળકોને સ્પર્ધા માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવેલ હતી. જેમાં પેડ, ડ્રોઈંગપેપર, પેન્સિલ, રબર, શાર્પનર તથા કેમલ કંપનીના કલરની કીટ સામેલ હતી. બધા બાળકો સમયસર ૧૧ વાગે હાજર થઈ ગયા હતા. નાના બાળકો ખરેખર ખૂબ જ મજાના ચિત્રો બનાવતા હતા અને સુંદર મજાનું રંગકામ કરીને તેને સજાવતા હતા.

ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન આપણા ટ્રસ્ટની મહિલાવિંગની બહેનોએ ખરેખર અદ્‌ભૂત રીતે કરેલ હતું. જેમાં કોઈ બાળકને કોઈ પણ જાતની અગવડ ન પડે તેનું ખાસ ધ્યાન રાખેલ હતું.

આ કાર્યની ચિત્રસ્પર્ધાના જજ તરીકે

(૧) **મેઘા દોશી** તથા (૨) **નિધી દોશી**એ સુંદર સેવા આપેલ હતી.

બન્ને ગ્રુપમાં ત્રણ ત્રણ ઈનામો આપવામાં આવેલ હતા અને દરેક ભાગ લેનાર બાળકોને આશ્વાસન ઈનામ પણ આપેલ હતા.

ત્યારબાદ બપોરે બરાબર ચાર વાગ્યા બાદ સંસ્થાના મુખ્ય કાર્યક્રમની શરૂઆત થયેલ હતી. જેમાં સૌપ્રથમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનિલભાઈ દોશીએ હાજર રહેલા સર્વે સભાસદો તથા તેના પરિવારજનોનું સ્વાગત કરેલ હતું તેમણે તેમના સ્વાગત પ્રવચનમાં સંસ્થાને તન, મન અને ધનથી સહાય કરવાની અપીલ કરેલ હતી.

ત્યારબાદ સંસ્થાનો મુખ્ય કાર્યક્રમ સમાજના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆત થયેલ હતી.

ધોરણ-૧ થી ૧૨ના પ્રથમ દ્વિતીય તથા તૃતિય આવનાર વિદ્યાર્થીઓને **સ્વ. કાંતિલાલ વાઘજીભાઈ ગાંધી** તથા **સ્વ. સુંદરજીભાઈ વાઘજીભાઈ ગાંધી**ના પરિવારજનોના હસ્તે ઈનામો અપાયેલ હતા.

ગ્રેજ્યુએશન કરનાર દરેક વિદ્યાર્થીને **શ્રી અનીલભાઈ નટવરલાલ શાહ** પરિવાર તરફથી ઈનામો આપવામાં આવેલ હતા.

પોસ્ટગ્રેજ્યુએશન પૂરુ કરનાર વિદ્યાર્થીઓને **સ્વ. મનસુખલાલ દુર્લભજીભાઈ જીવાણી** પરિવાર તરફથી ઈનામો આપવામાં આવેલ હતા.

ઉચ્ચતમ ડિગ્રી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીનું બહુમાન **શ્રી રસીકભાઈ હિંમતલાલ શાહ** પરિવારે કરેલ હતું.

આશ્વાસન ઈનામના દાતા **સ્વ. સવીતાબેન લક્ષ્મીચંદ દોશી** તથા **સ્વ. સુરેશભાઈ લક્ષ્મીચંદ દોશી** પરિવારે ૧ થી ૭ ધોરણમાં પાસ થયેલ દરેક બાળકોને આશ્વાસન ઈનામ દ્વારા સન્માન્યા હતા.

આ વર્ષથી ધોરણ-૧૨ કોમર્સ અને ૧૨ સાયન્સમાં સર્વાધિક માર્ક મેળવનાર વિદ્યાર્થીને દરેકને અલગથી ટ્રોફી આપી સન્માનિત કરવાનું શરૂ કરવામાં આવેલ છે.

જેમાં ટ્રોફીના કાયમી દાતા કોમર્સ માટે **સ્વ. ઉષાબેન મનસુખલાલ જીવાણી** પરિવારે તેમજ સાયન્સ માટે **સ્વ. જયંતિલાલ રતિલાલ શાહ**ના પરિવારે પ્રથમ આવનાર બન્ને વિદ્યાર્થીઓનું સન્માન કરેલ હતું.

સર્વે ઈનામના દાતાઓનું સમાજે પુષ્પગુચ્છ આપીને અભિવાદન કરેલ હતું.

અંતમાં સંસ્થાના પ્રમુખશ્રી બકુલભાઈ દોશીએ તેમની આગવી ભાષણ શૈલીમાં સંસ્થાના હાજર રહેલા ૧૨૦૦ મેમ્બરોને સંબોધન કરી સંસ્થા વિશે વિસ્તૃત અહેવાલ આપેલ હતો, સંસ્થાને પ્રાપ્ત થયેલ અનુદાન અને તેના સદ્ઉપયોગની જાણકારી સર્વે સભ્યોને આપેલ હતી. તેમણે સંસ્થાની આગામી વર્ષ દરમિયાન કરવાના કાર્યોનો પણ વિસ્તૃત અહેવાલ રજૂ કરેલ હતો. ૨૦૨૪ માં આવનાર સંસ્થાના **"અમૃત મહોત્સવ"**ની પણ ભવ્ય ઉજવણી કરવાનું પણ આયોજન કરવાની મહેચ્છા જાહેર કરેલ હતી.

આ વર્ષે સંસ્થાએ નોમીનલ ફી લઈને સંસ્થાના સભ્યો માટે પ્રદર્શન કમ વેચાણ માટે સ્ટોલની વ્યવસ્થા કરેલ હતી. જેનો પણ સંસ્થાના સભ્યોએ સારો લાભ લીધેલ હતો.

અંતમાં અમદાવાદના ખ્યાતનામ સિંગર દિપ્તીબેન પાઠક દ્વારા ગુજરાતી ગીતો અને હિન્દી ગીતોમાં નવા જુના યાદગાર ગીતો ગાઈને હાજર સૌ સભ્યોને એક યાદગાર મનોરંજન પૂરું પાડેલ હતું. વચ્ચે તેઓએ ગરબા દ્વારા હાજર રહેલા સૌ બહેનોને ગરબા ગવડાવ્યા હતા અને અંતમાં યુવા ભાઈ-બહેનો માટે ડી.જે.ના તાલ ઉપર લગભગ ૧ કલાકથી વધારે સૌ યુવાધનને ખૂબ જ નચાવ્યા હતા. સાચે જ કાર્યક્રમ પૂરો ન થાય તેવી લાગણી હર કોઈના હૃદયમાં હતી પણ સમયની મર્યાદા ધ્યાનમાં રાખી રાત્રે લગભગ ૧૦ કલાકે સંપૂર્ણ કાર્યક્રમ સમાપન તરફ લઈ ગયા હતા.

સંસ્થાના ઇતિહાસમાં પ્રથમ વખત આ વખતે યુવા અને વડીલો સૌને મનગમતા ભાવતા ભોજનીયાનો અનોખો રસથાળ. જેમાં ઇંડિયન / ઇટાલીયન અને ચાઈનીઝ વાનગીઓ તૈયાર કરેલ હતી જેને હાજર રહેલ સર્વે સભ્યોએ ન્યાય આપેલ હતો.

આ વખતના સુંદર આયોજન માટે અમોને સમાજના યુવાધનનો ખૂબ જ સપોર્ટ મળેલ હતો. સમાજનું યુથ ગ્રુપ સવારથી કામ પર લાગી જઈ સ્ટેજ તથા બેઠક કક્ષ તેમજ બેનરો લગાવવાનું ભગિરથ કાર્ય ખૂબ જ ચોક્સાઈ સાથે પાર પાડેલ હતું.

ભોજનકક્ષમાં સુંદર વ્યવસ્થા નરોડા તથા કૃષ્ણનગરના યુવાનોએ પાર પાડેલ હતી. કોઈ પણ જાતની ગીર્દી ના થાય અને બધાને ગરમ ગરમ જમવાનું મળી રહે તેવી અલાયદી વ્યવસ્થા કરેલ હતી. સમાજના સર્વ વડીલો તેમજ અશક્ત પરિવારજનો માટે ખુરશી ટેબલ ઉપર બેસીને જમવાની વ્યવસ્થા કરેલ હતી, જેની માટે ભોજનકક્ષમાં હાજર રહેલા યુવા સ્વયંસેવકોએ પીરસીને તેમને કોઈ પણ જાતની તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખેલ હતું. અમારા સર્વે યુવાધન, મહિલાવીંગ, અમારા પડદા પાછળના અદના કાર્યકરોને સંસ્થા વતી અનેક અનેક ધન્યવાદ પાઠવું છું અને આવી સેવા અમોને હર કાર્યક્રમમાં મળતી રહે તેવી ઈચ્છા વ્યક્ત કરીએ છીએ.

સંસ્થાના વાર્ષિક મેળાવડાના મસ મોટા ખર્ચાને પહોંચી વળવા સંસ્થાને સંસ્થાના સભ્યો દ્વારા અમુલ્ય યોગદાન આપવા બદલ દાતાઓનો પણ ખૂબ ખૂબ આભાર સંસ્થાને મળેલ અનુદાનની યાદી કોષાધ્યક્ષશ્રીના અહેવાલમાં પ્રકાશિત કેરલ છે.

**– કમલેશ મુછાળા (માનદ્ મંત્રી)**

## ખુલાસો

સંસ્થા તરફથી ધોરણ-૧ થી ઉચ્ચતમ શિક્ષણમાં અગ્રક્રમે પાસ થનાર સંસ્થાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સંસ્થાના વિવિધ પરિવારોએ ઈનામો સ્પોન્સર કરેલ છે અને દર વર્ષે જે-તે પરિવારના સભ્યો હસ્તક ઈનામોનું વિતરણ કરવામાં આવે છે.

આ દાતાઓ પૈકી **શ્રી રસીકલાલ હિંમતલાલ શાહ** તરફથી અગાઉ રૂા. ૧,૦૦,૦૦૦/- અને વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન પણ રૂા. ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૨,૦૦,૦૦૦/- અનુદાન મળેલ છે. આજ સુધી સી.એ.માં પ્રથમ આવનારને તેમના તરફથી ઈનામો અપાતા હતા. પરંતુ તેઓએ કોઈ પણ સ્ટ્રીમમાં માસ્ટર ડિગ્રી મેળવનારને પોતાના તરફથી ઈનામો આપવા જણાવેલ. જે ધ્યાનમાં લઈ હવે પછી તેઓની ઈચ્છાનુસાર દર વર્ષે તેમના હસ્તક કે તેમના પરિવારજનો હસ્તક ઈનામો આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.

સંસ્થાના ગત તા. ૧૩.૧૧.૨૨ના સ્નેહમિલન દરમિયાન તેઓના હસ્તે આપવાના ઈનામો – ટ્રોફીનું વિતરણ શરતચૂકથી તેમના હસ્તે કરવાનું રહી ગયું હતું. એ માટે તેઓને રૂબરૂ મળી આ શરતચૂક બદલ ક્ષમા માંગેલ અને તેઓએ પણ એક વડીલ તરીકે મોટું મન રાખી ભવિષ્યમાં ધ્યાન રાખવા જણાવેલ.

આવતા વર્ષથી સંસ્થાના જે વિદ્યાર્થી-વિદ્યાર્થીની ઉચ્ચતમ (માસ્ટર) ડિગ્રી પ્રાપ્ત કરશે તેમને શ્રી રસીકલાલ હિંમતલાલ શાહ તરફથી ટ્રોફી અને સર્ટિફિકેટ આપવાનું કાયમી ધોરણે ચાલુ રહેશે.

**– કમલેશ મુછાળા (માનદ્મંત્રી)**

# સામાન્ય સભા તથા ચુંટણી અહેવાલ

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તથા નવા ટ્રસ્ટીઓની નિમણૂંક માટે લાયન્સ હોલ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ખાતે તા. ૨૭.૧૧.૨૦૨૨, રવિવારના રોજ સભાનું આયોજન કરવામાં આવેલ. આ સભામાં સંસ્થાના ૨૪૬ સભ્યોની વિશાળ હાજરી હતી.

ગત વર્ષ દરમિયાન અવસાન પામેલ સંસ્થાના સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેના માનમાં એક મિનિટનું મૌન પાડી સભાની શરૂઆત કરવામાં આવી હતી.

– મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનીલભાઈ દોશીએ હાજર સર્વેનું સ્વાગત કરેલ હતું.
– માનદ્‌મંત્રી શ્રી કમલેશભાઈ મુછાળા દ્વારા ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્‌સનું વાંચન કરેલ જેને સભાએ સર્વાનુમતે બહાલ કરેલ હતી.
– કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ પારેખે વર્ષ ૨૦૨૧–૨૨ના ઓડિટેડ હિસાબોની વિસ્તૃત જાણકારી રજુ કરી હતી અને આવક–જાવકની માહિતીથી બધાને વાકેફ કરેલ હતા. સભાસદો દ્વારા રજૂ થયેલ ખુલાસાઓના સંતોષકારક પ્રત્યુતરો આપ્યા હતા. ત્યાર બાદ હાજર સર્વે સભાસદોએ વર્ષ ૨૦૨૧–૨૨ના ઓડિટેડ હિસાબોને સર્વસંમતિથી મંજૂર કરેલ હતા.
– વર્ષ ૨૦૨૨–૨૩ માટે નવા ઓડિટર તરીકે કલ્યાણી એન્ડ એસોસીએટ્‌સની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી.
– પ્રમુખશ્રી બકુલભાઈ દોશીએ સભાને સંબધોન કરતા, સંસ્થા દ્વારા થઈ રહેલ વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ખાસ તો સંસ્થાના સભ્યો દ્વારા આર્થિક અનુદાન દ્વારા મળતા સહકારની ખાસ નોંધ લીધી હતી અને દાતાઓનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત તમામ ટ્રસ્ટીઓ તથા યુથવીંગ – મહિલાવીંગના સભ્યોએ સહકાર, સમન્વય અને ઉત્સાહપૂર્વક એક ટીમ તરીકે દરેક કાર્યોને સફળ બનાવ્યા તે માટે તેઓને અભિનંદન પાઠવેલ હતા.
– સહમંત્રી શ્રી મનીષભાઈ મહેતાએ વિશાળ હાજરી સાથે સામાન્ય સભાની કાર્યવાહીમાં સક્રિયતાથી ભાગ લઈ સહકાર આપવા બદલ હાજર સર્વે સભ્યોનો આભાર માની સામાન્ય સભાની કાર્યવાહી પૂર્ણ થયેલ હતી.

## ચુંટણી અહેવાલ

વર્તમાન ટ્રસ્ટીઓની મુદત પૂરી થતી હોય આગામી મુદત માટેના ૧૫ ટ્રસ્ટીઓની નિમણુંકની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ.

આ માટે સંસ્થા દ્વારા ત્રણ સભ્યોની ચુંટણી સમિતિ બનાવવામાં આવેલ.

(૧) શ્રી હર્ષદભાઈ રસીકલાલ શાહ (૨) શ્રી મનીષભાઈ મનસુખલાલ જીવાણી અને (૩) શ્રી મનીષભાઈ રમણીકલાલ દામાણી

સન્માનનીય ચુંટણી સમિતિના સભ્યો દ્વારા ચુંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ.

કુલ ૧૯ ઉમેદવારી પત્રો આવેલ. જે પૈકી એકનું ઉમેદવારી પત્ર રદ થતા નીચે મુજબ ૧૮ ઉમેદવારો બાકી રહ્યા હતા.

| | | |
|---|---|---|
| (૧) અનિલભાઈ શાંતિલાલ દોશી | (૨) બકુલભાઈ અમૃતલાલ દોશી | (૩) ભૂપેન્દ્રભાઈ રતિલાલ પારેખ |
| (૪) ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ ગાંધી | (૫) ચંપકભાઈ ભગવાનજીભાઈ મુછાળા | (૬) ચિરાગભાઈ કિરણભાઈ શાહ |
| (૭) દિલીપભાઈ ચંદુલાલ શાહ | (૮) દિલીપભાઈ નવીનચંદ્ર ગાંધી | (૯) જીતેશભાઈ હીરાલાલ દામાણી |
| (૧૦) કમલેશકુમાર હસમુખલાલ શાહ | (૧૧) કમલેશ રસીકલાલ મુછાળા | (૧૨) મનીષભાઈ વસંતલાલ મહેતા |
| (૧૩) મનોજભાઈ રમણીકલાલ દિવાન | (૧૪) મયુરભાઈ મનુભાઈ શાહ | (૧૫) મિતેષભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ |
| (૧૬) પ્રતાપભાઈ તારાચંદભાઈ શાહ | (૧૭) સુરેશભાઈ અમીચંદભાઈ શાહ | (૧૮) વિમલભાઈ રમેશભાઈ મુછાળા |

ત્યારબાદ મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૨૩૨ સભ્યોએ મતદાન કરેલ. ૨૦ મતો કેન્સલ થયેલ. કુલ માન્ય મત ૨૧૨ હતા. મત ગણતરી બાદ નીચેના ૧૫ (પંદર) સભ્યોને વિજેતા જાહેર કરવામાં આવેલ.

| | | |
|---|---|---|
| (૧) અનિલભાઈ શાંતિલાલ દોશી | (૨) બકુલભાઈ અમૃતલાલ દોશી | (૩) ભૂપેન્દ્રભાઈ રતિલાલ પારેખ |
| (૪) ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ ગાંધી | (૫) ચંપકભાઈ ભગવાનજીભાઈ મુછાળા | (૬) દિલીપભાઈ ચંદુલાલ શાહ |
| (૭) દિલીપભાઈ નવીનચંદ્ર ગાંધી | (૮) જીતેશભાઈ હીરાલાલ દામાણી | (૯) કમલેશ રસીકલાલ મુછાળા |
| (૧૦) મનીષભાઈ વસંતલાલ મહેતા | (૧૧) મનોજભાઈ રમણીકલાલ દિવાન | (૧૨) મયુરભાઈ મનુભાઈ શાહ |
| (૧૩) મિતેષભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ | (૧૪) સુરેશભાઈ અમીચંદભાઈ શાહ | (૧૫) વિમલભાઈ રમેશભાઈ મુછાળા |

શાંતિપૂર્ણ, વ્યવસ્થિત રીતે અને સહકારથી મતદાન કરી મતદાનની પ્રક્રિયા સરળ બનાવવા માટે ચુંટણી સમિતિના સભ્યોએ દરેકનો આભાર માનેલ હતો.

કાર્યવાહી પૂર્ણ થયા બાદ સર્વે સમુહભોજનનો આનંદ માણી છુટા પડ્યા હતા.

– કમલેશ મુછાળા, માનદ્‌મંત્રી

# "MAKE HAPPY - BE HAPPY"
# ખુશ કરીને ખુશ થાવ

સ્નેહી સભ્યશ્રીઓ,

માર્ચ ૨૦૨૨ના અંકમાં આ અંગે જાણકારી આપી હતી. હવે આ કાર્ય શરૂ કરેલ છે. MAKE HAPPY - BE HAPPY (MHBH) એક એવું જૂથ છે. જેમનો ઉદ્દેશ્ય આપણા સમાજના જરૂરિયાતમંદ પરિવારોને શૈક્ષણિક કે તબીબી કારણોસર અચાનક આવી પડતા ખર્ચમાં મદદરૂપ થવું. જેની કાર્યપદ્ધતિ નીચે મુજબ રહેશે.

૧. આ પ્રકારની સહાય મેળવવા ઈચ્છતા સમાજના સભ્યે પોતાની જરૂરિયાત અંગેની અરજી મોકલવાની રહેશે.
૨. સંયોજક સમિતિ તેની અરજી ઉપર યોગ્ય વિચારણા કરી આપવા પાત્ર રકમ નક્કી કરશે. જેની જાણ અરજીકર્તાને કરવામાં આવશે. અરજીકર્તા તરફથી તે અંગે સહમતી આવ્યા બાદ આગળ કાર્યવાહી થશે.
૩. જે રકમ નક્કી થશે તેની જાણ "MHBH" ગ્રુપમાં મુકવામાં આવશે.
૪. ગ્રુપના સભ્યો પોતાનો સ્વૈચ્છિક ફાળો ગ્રુપમાં જણાવશે.
૫. નક્કી થયેલ રકમ એકત્રિત થઈ જતાં વધુ ફાળો ન મોકલવા ગ્રુપમાં સૂચના મુકી દેવામાં આવશે.
૬. ત્યારબાદ જે દાતાઓએ રકમ જાહેર કરેલ હશે તેઓને જ લાભાર્થીના બેંક ખાતાની વિગત અને ગુગલ-પેની વિગત મોકલવામાં આવશે.
૭. દાતાઓએ તે મુજબ પોતે લખાવેલ રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની રહેશે.

આ પદ્ધતિમાં આખા ગ્રુપમાં સભ્યોને નહીં, પણ ફક્ત સહાય કરનાર વ્યક્તિને જ લાભાર્થીના નામની જાણ થશે.

આ સહાય મેળવવા માટેની અરજી શ્રી બકુલભાઈ એ. દોશીને (૯૯૨૫૯૦૩૭૨૪) અથવા શ્રી દિલીપભાઈ સી. શાહ (૯૮૨૫૦૩૬૫૩૧)ને વ્હોટ્સઅપ દ્વારા કરવાની રહેશે.

'MHBH'માં આવતી અરજીઓ અનુસંધાને ગ્રુપમાં મેસેજ મુકવાની, જે દાતાઓ પોતાનો ફાળો લખાવે તે માહિતી ગ્રુપમાં આપવાની, જરૂરી રકમ પૂરી થતાં વધુ રકમ ન મોકલવા અંગેની જાણ ગ્રુપમાં કરવાની, લાભાર્થીના બેંક ખાતાની વિગત જણાવવાની અને લખાયેલ રકમ લાભાર્થીના ખાતામાં જમા થઈ ગઈ છે તે અંગેની જાણકારી રાખવાની – આ તમામ વ્યવસ્થા સંસ્થાના ટ્રસ્ટીશ્રી **વિમલભાઈ આર. મુછાળા (૯૮૭૯૭૯૪૭૦૦)** અને યુથવીંગ સભ્યશ્રી **આશિષ જી. મહેતા (૭૬૯૮૪૧૦૨૨૯)** સંભાળશે.

**MHBH - સંયોજક સમિતિ :**

**(૧) શ્રી મુકેશભાઈ એમ. શાહ - અણમોલ ફીનસેક, (૨) શ્રી બકુલભાઈ એ. દોશી**

**(૩) શ્રી મયુરભાઈ એમ. શાહ (બોઘાણી) - CA, (૪) શ્રી દિલીપભાઈ સી. શાહ (કલ્યાણી)**

નોંધ: 'MHBH'માં શૈક્ષણિક સહાયની રૂા. ૨૦,૦૦૦/- ની આવેલ એક અરજીની રકમ ફક્ત ૨૪ કલાકમાં એકત્રિત થઈ ગયેલ અને લાભાર્થીના ખાતામાં જમા કરી દેવામાં આવેલ.

**અપીલ : આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવા ઇચ્છતા સભ્યોએ 'MHBH' ગ્રુપમાં જોડાવા અમારો સંપર્ક કરવા વિનંતી.**

# અનુકરણીય

સ્વ. બીપીનચંદ્ર ગોરધનદાસ અંબાણીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલી સ્વરૂપે તેમના પરિવાર તરફથી **"બ્લડ ડોનેશન કેમ્પ"** તથા **નિઃશુલ્ક નિદાન કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં ૨૮ વ્યક્તિઓએ પોતાનું બ્લડ ડોનેટ કરેલ હતું. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના નિવૃત્ત કર્મચારીઓ માટે યોજવામાં આવેલ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ઓર્થોપેડિક કન્સલ્ટેશન, એક્સ-રે, આઈ ચેક-અપ, બેઝિક બ્લડ રિપોર્ટ અને કેલ્શિયમ ટેસ્ટ કરી આપવામાં આવેલ, જેનો ૮૦ વ્યક્તિઓએ લાભ લીધો હતો. બંને કેમ્પનું આયોજન એકદમ સુનિયોજીત રીતે અને હાઈજેનીક પદ્ધતિથી કરવામાં આવેલ. બ્લડ ડોનરો માટે ચા-કૉફી-નાસ્તાની સગવડ રાખવામાં આવી હતી.

ખાસ તો સમગ્ર દિવસ દરમિયાન ડૉ. હેમાંગ અંબાણી, ડૉ. હેમાક્ષી અંબાણી, તેમના પુત્ર અને પુત્રવધુ, બહેન અર્પણા, ભાઈ મીલીન અંબાણી, માતૃશ્રી બકુલાબેન તથા અંબાણી પરિવારના સદસ્યોએ પોતાની સેવાઓ આપેલ હતી. અંબાણી પરિવારને આવા અનુકરણીય આયોજન માટે હાર્દિક અભિવંદન પાઠવીએ છીએ.

**– પ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ**

# કોષાધ્યક્ષ અહેવાલ



- શ્રી ભૂપેન્દ્ર પારેખ (કોષાધ્યક્ષ)

સ્નેહી સભ્યશ્રીઓ,

આપ દરેક પરીવારજનોની કુશળતા સહ સુખમય સારા સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે દરેકને મારા જયશ્રી કૃષ્ણ.

જુન ૨૦૨૨ના અંકમાં પ્રકાશિત થયેલ અનુદાન બાદ સંસ્થાના સભ્યો તરફથી જુલાઈ-૨૨ થી ડિસે.૨૨ સુધીમાં આપેલ અનુદાન તથા ખુશી ભેટની યાદી નીચે મુજબ પ્રસ્તુત કરેલ છે.

## સંસ્થાના કાયમી ફંડમાં મળેલ અનુદાન

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૧,૦૧,૦૦૦-૦૦ | સ્વ. પ્રવિણચંદ્ર ચંદુલાલ દોશીના સ્મરણાર્થે (હ. કુસુમલતાબેન પી. દોશી) | મેડીકલ ફંડમાં |
| રૂા. | ૧,૦૦,૦૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ કનકરાય ગાંધી | શૈક્ષણિક ફંડમાં |
| રૂા. | ૧,૦૦,૦૦૦-૦૦ | સ્વ. બીપીનચંદ્ર ગોરધનદાસ અંબાણીના સ્મરણાર્થે (હ. બકુલાબેન તથા ડૉ. હેમાંગભાઈ અંબાણી) | શૈક્ષણિક ફંડમાં |
| રૂા. | ૫૦,૦૦૦-૦૦ | સ્વ. બીપીનચંદ્ર ગોરધનદાસ અંબાણીના સ્મરણાર્થે (હ. બકુલાબેન તથા ડૉ. હેમાંગભાઈ અંબાણી) | મેડીકલ ફંડમાં |
| રૂા. | ૫૦,૦૦૦-૦૦ | સ્વ. લીલાવંતીબેન રસીકલાલ શાહના સ્મરણાર્થે (હ. રસીકલાલ હિંમતલાલ શાહ) | શૈક્ષણિક ફંડમાં |
| રૂા. | ૫૦,૦૦૦-૦૦ | શ્રી રસીકલાલ હિંમતલાલ શાહ | મેડીકલ ફંડમાં |
| | ૪,૫૧,૦૦૦-૦૦ | | |

## સ્નેહમિલન ૨૦૨૨ દરમિયાન મળેલ ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫૦૦૦-૦૦ | શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ (અણમોલ ફીનસેક) |
| રૂા. | ૨૫૦૦૦-૦૦ | એક શુભેચ્છક તરફથી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | એક શુભેચ્છક તરફથી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | એક શુભેચ્છક તરફથી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી હાર્દિકભાઈ રમેશભાઈ શાહ (હડાળાવાળા) |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી શરદભાઈ પરમાણંદદાસ મુછાળા |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી કૌશિકભાઈ મનસુખલાલ શાહ (રાણભાણ) |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી બીપીનભાઈ ધીરજલાલ દામાણી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ કનકરાય ગાંધી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | કોકીલાબેન રસીકભાઈ કલ્યાણી (હ. ભુવનેશભાઈ કલ્યાણી, ઉદયપુર) |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી અનીલભાઈ શાંતિલાલ દોશી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી બકુલભાઈ અમૃતલાલ દોશી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ અરવિંદભાઈ ગાંધી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ (બોઘાણી) |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શાહ સવાઈલાલ રતિલાલ ફેમીલી ટ્રસ્ટ |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી કેતનભાઈ પોપટલાલ દોશી |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી મનીષભાઈ ચંદુલાલ શાહ (મનીષ જ્વેલર્સ) |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | લાલન કોર્પોરેશન (હ. પંક્તિભાઈ પરીખ તથા રાજુભાઈ દામાણી) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી દીલીપભાઈ મનસુખલાલ શાહ (રાણભાણ) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી કાંતિલાલ વાઘજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી મનીષભાઈ વસંતલાલ મહેતા |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ રસીકલાલ મુછાળા |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી ચીમનભાઈ અમૃતલાલ દોશી |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી જયેન્દ્રભાઈ અમીચંદભાઈ મહેતા |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી પંકજભાઈ શાંતિલાલ શાહ |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી ચીમનભાઈ શાંતિલાલ શાહ (વટવાવાળા) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી મુકુંદભાઈ પ્રેમચંદ શાહ (હ. તેજસ એમ. શાહ) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | સ્વ. બીપીનચંદ્ર જી. અંબાણી (હ. ડૉ. હેમાંગભાઈ અંબાણી) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી હર્ષદભાઈ રમણીકલાલ શાહ (રાણભાણ) |

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી ઈન્દ્રવદનભાઈ મનસુખલાલ શાહ (હ. મિતેષભાઈ તથા સંદીપભાઈ) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી હર્ષદભાઈ બાલુભાઈ દોશી |
| રૂા. | ૫૦૦૦-૦૦ | સ્વ. શાંતિલાલ સુંદરજીભાઈ ગાંધી પરિવાર |
| રૂા. | ૫૦૦૦-૦૦ | સ્વ. લીલાધરભાઈ સુંદરજીભાઈ ગાંધી પરિવાર |
| રૂા. | ૫૦૦૦-૦૦ | સ્વ. રસીકલાલ સુંદરજીભાઈ ગાંધી પરિવાર |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી વિમલભાઈ રમેશભાઈ મુછાળા |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી હરેશભાઈ હરકીશનદાસ દોશી (જાફરાબાદવાળા) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ હરીલાલ શાહ (હ. નીરવભાઈ) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી વિરાજભાઈ રોહિતભાઈ દોશી |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી પ્રવિણભાઈ ધારશીભાઈ દોશી (રાજકોટ) |
| રૂા. | ૫૦૦૦-૦૦ | શ્રી ભરતભાઈ જયંતિલાલ ગાંધી |
| રૂા. | ૩૧૧૧-૦૦ | શ્રી સંજયકુમાર પ્રાણજીવન મહેતા |
| રૂા. | ૨૫૦૧-૦૦ | સ્વ. એનાક્સીબેન બટુકરાય મહેતા (હ. મિહીરભાઈ) |
| રૂા. | ૨૫૦૧-૦૦ | સ્વ. બટુકરાય નવનીતરાય મહેતા (હ. મિહીરભાઈ) |
| રૂા. | ૨૫૦૦-૦૦ | શ્રી પ્રફુલભાઈ ચંદુલાલ દોશી |
| રૂા. | ૨૧૦૦-૦૦ | સ્વ. જમનાદાસ વ્રજલાલ કલ્યાણી (હ. વિજયભાઈ કલ્યાણી) |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી દીલીપભાઈ નવીનચંદ્ર ગાંધી |
| રૂા. | ૨૧૦૦-૦૦ | બોની પ્લાયવુડ (હ. મનીષભાઈ દામાણી) સપન પેઈન્ટ એન્ડ હાર્ડવેર |
| રૂા. | ૨૧૦૦-૦૦ | Unique Printing & Packaging House |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી પ્રતાપભાઈ તારાચંદભાઈ શાહ (સોલંકી) |
| રૂા. | ૧૫૦૧-૦૦ | શ્રી જીમીતભાઈ જે. ગઢીયા |
| રૂા. | ૧૫૦૦-૦૦ | શ્રી કેતનભાઈ વિનોદભાઈ ગાંધી |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી દીલીપભાઈ જમનાદાસ ધારૈયા |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી દીપકકુમાર જયંતિલાલ ગાંગડીયા |
| રૂા. | ૧૧૦૦-૦૦ | દિવ્યા કોમ્પ્યુટર્સ (હ. કૃણાલ એન. ગાંધી) |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રીનાથજી પાઉંભાજી |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રીમતી નિતાબેન ભૂપેન્દ્રભાઈ અંબાણી |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રીમતી પ્રિતિબેન વીરેનભાઈ શાહ |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી આશિષભાઈ ગુલાબરાય મહેતા |
| રૂા. | ૧૧૦૦-૦૦ | મેઘા લેગીંગ્સ |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી હિરેનભાઈ જીતેન્દ્રભાઈ શાહ |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી હસમુખલાલ ચુનીલાલ શાહ (બળોલવાળા) |
| રૂા. | ૧૧૦૦-૦૦ | જયસુખભાઈ લાલચંદ ગઢીયા (હ. ચંદ્રીકાબેન) |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી પ્રફુલભાઈ વી. ગાંધી |
| રૂા. | ૧૧૦૦-૦૦ | સુમનબેન મંગળદાસ ગાંધી |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી નિલેશભાઈ ચંદ્રકાન્ત મહેતા તથા દર્શ નિલેશ મહેતા |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી નવીનભાઈ નાથાલાલ ગાંધી |

રૂા.૩૮૧૦૧૪૬-૦૦

## સંસ્થાને પ્રસંગોપાત મળતી ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૩૧૦૦-૦૦ | શ્રી હસમુખલાલ ચુનીલાલ શાહ (બળોલવાળા) વડીલોના શ્રાદ્ધ નિમિત્તે |
| રૂા. | ૨૫૦૧-૦૦ | શ્રીમતી શીલાબેન તથા શ્રી મુકેશભાઈ આર. ગાંગડીયા – લગ્નતિથિ નિમિત્તે |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી તા. ૧/૮/૨૨ |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી તા. ૧/૯/૨૨ |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી તા. ૧/૧૦/૨૨ |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી તા. ૧/૧૧/૨૨ |
| રૂા. | ૨૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી તા. ૧/૧૨/૨૨ |

(છેલ્લા બે વર્ષથી દર મહિને સંસ્થાને રૂા. ૨૧૦૦/–નું અનુદાન આપવાના ઉમદા આશય અનુસંધાને)

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ રસીકભાઈ મુછાળા – ખુશીભેટ |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી બકુલભાઈ અમૃતલાલ દોશી – ખુશીભેટ |
| રૂા. | ૧૧૦૦-૦૦ | શ્રી અશોકભાઈ મોતીલાલ રાઠોડ – ખુશીભેટ |
| રૂા. | ૧૦૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ રતિલાલ પારેખ – ખુશીભેટ |
| રૂા. | ૧૦૦૦-૦૦ | શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ (બોઘાણી) – ખુશીભેટ |
| રૂા. | ૧૦૦૦-૦૦ | શ્રી વિશાલભાઈ સી. શાહ – ખુશીભેટ |
| રૂા. | ૫૦૧-૦૦ | શ્રીમતી પારૂલબેન દીલીપભાઈ ગાંધી – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રીમતી પ્રિતિબેન વીરેનભાઈ શાહ – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રીમતી પ્રિતિબેન વિશાલભાઈ દોશી – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | ભવ્યા દેવાંગભાઈ દોશી – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી મનીષભાઈ વસંતલાલ મહેતા – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રીમતી હાર્વી પૂજન મહેતા – જન્મદિવસ નિમિત્તે |

રૂા. ૫૦૦-૦૦ શ્રી મનોજભાઈ રમણિકલાલ દિવાન – જન્મદિવસ નિમિત્તે
રૂા. ૫૦૦-૦૦ શ્રી પ્રતાપભાઈ તારાચંદભાઈ શાહ (સોલંકી) – પૌત્રજન્મની ખુશીભેટ
રૂા. ૫૦૦-૦૦ શ્રી ભરતભાઈ નંદલાલ ભાઈ ગાંગડીયા – પુત્ર દર્શન સી.એમાં પાસ થતા ખુશીભેટ
રૂા. ૫૦૦-૦૦ ગં.સ્વ. પલ્લવીબેન રાજેન્દ્રભાઈ શાહ – ખુશીભેટ
રૂા. ૨૭૪૦૩-૦૦

| | | |
|---|---|---|
| **કુલ અનુદાન -** | **કાયમી ફંડમાં** | **રૂા. ૪,૫૧,૦૦૦-૦૦** |
| | **સ્નેહમિલન સમારંભમાં** | **રૂા. ૩,૮૧,૦૧૪-૦૦** |
| | **અન્ય ભેટ** | **રૂા. ૨૭,૪૦૩-૦૦** |
| | | **રૂા. ૮,૫૯,૪૧૭-૦૦ છેલ્લા છ મહિના દરમિયાન મળેલ કુલ અનુદાન** |

ઉપરોક્ત દરેક દાતાઓશ્રીનો ટ્રસ્ટી મંડળ વતી હું હૃદયથી ખુબ ખુબ આભાર માનું છું.

આ સાથેની દાતાઓની સંખ્યા ઉપરથી લાગે છે કે આપ દરેક સભ્યશ્રીઓ તરફથી દિવસે-દિવસે સમાજ પ્રત્યે પ્રેમભાવ અને તન-મન-ધનથી સેવા કરવાની ભાવના વધતી જાય છે. તે ખરેખર સમાજ માટે આશીર્વાદ સમાન છે.

કહેવત પ્રમાણે ટીપે-ટીપે સરોવર ભરાય અને તેવી જ રીતે ફુલ નહીં તો ફુલની પાંખડી.

મને ચોક્કસ વિશ્વાસ છે કે સમાજના દરેક કાર્યમાં આપના દરેક તરફથી સાથ સહકાર મળતો રહેશે અને અમને આગળ ઉપર વધુ સારા કાર્ય કરવાની પ્રેરણા મળશે.

આપનું અનુદાન નીચે જણાવેલ સંસ્થાના બેંક ખાતામાં જમા કરાવીને જાણ કરવા વિનંતી.

બધાના ઉત્તમ સ્વાસ્થ્યની શુભેચ્છા.

**(નોંધઃ શરતચૂકથી કોઈના અનુદાનની યાદી લખવાની રહી ગઈ હોય તો મને ૯૮૨૫૦૨૨૧૪૨ ઉપર જાણ કરવા વિનંતી.)**

**સંસ્થાના બેંક ખાતાની વિગત**

**A/c Name : SHREE SAURASHTRA DASHA MODH-MANDLIA VANIK MAHAJAN**
**Bank : BANK OF INDIA, RAILWAYPURA BRANCH**
**SB A/c. No. : 201710100009502**
**IFSC CODE : BKID0002017**

# ચીમનલાલ શાંતિલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (વટવાવાળા)

## ભૂતપૂર્વ પ્રમુખશ્રી ચીમનભાઈ શાહ (વટવાવાળા) દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓ

અમારા ટ્રસ્ટ "મનોરમા ચીમનભાઈ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ" તરફથી સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે નીચેની સેવા મળે છે.

૧. **X-Ray** ફોટો ફક્ત ૪-સેકન્ડમાં આપશ્રીને મળી શકશે. આ સેવા સિવિલ હોસ્પિટલમાં **OPD** વોર્ડ નંબર-૧૭માં **X-Ray** રૂમ છે ત્યાંથી મળશે.

૨. કિડનીમાં પથરી હોય તો તેને ફ્રી ઓફ ચાર્જ દૂર કરવાની સેવા. દર બુધવારે સિવિલ હોસ્પિટલમાં પેરાફિજીયા વોર્ડમાં આ સગવડ કરેલ છે. ડોક્ટર કાપડિયા સાહેબને મારું નામ આપવાથી આ કામ થઈ જશે.

૩. જન્મથી બહેરાશ તથા બોલી ન શકતા હોય તેવા બાળકો માટે અદ્યતન મશીનરી અમારા ટ્રસ્ટ તરફથી લગાવી છે દરરોજ માટે આ સેવા ઉપલબ્ધ છે જેનો કોઈ ચાર્જ નથી તે વિનામૂલ્યે મળશે. જે સેવા પેરાફિજીયા વોર્ડ ચોથા માળે મળશે.

– ટાઈમ લેવાની જરૂર નથી.

– દરેક જ્ઞાતિ માટે ફ્રી છે.

૪. આ સિવાય જરૂરિયાત મંદ તથા વિડો બહેનોને સિલાઈના ઇલેક્ટ્રિક મશીન ફ્રી આપીએ છીએ. તેમાં આધારકાર્ડ – રહેઠાણનાં પ્રૂફ – ઇલેક્ટ્રિક બિલ તથા અમારા ટ્રસ્ટ ઉપર આપેલી એપ્લિકેશન તથા પાસપોર્ટ સાઇઝનો ફોટો કમિટિના મેમ્બરને પહોંચાડશો તો પણ ચાલશે.

# શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ - માનદ્‌મંત્રીશ્રીનો અહેવાલ



- શ્રી રાજુભાઈ દામાણી (માનદ્ મંત્રીશ્રી)

સંસ્થા દ્વારા સંચાલિત "સુરક્ષા-છત્ર" યોજના અંતર્ગત જુલાઈ-૨૨ થી ડિસે.૨૨ દરમિયાન સુરક્ષા છત્રના ત્રણ સભ્યોના અવસાન થતા તેમના વારસદારોને દરેકને રૂા. ૫૦૦૦૦/-નો ચેક સુપરત કરવામાં આવેલ છે.

**(આજ સુધી અપાયેલ કુલ રકમ - રૂા. ૫૦,૦૦૦/- x ૩૫ = રૂા. ૧૭,૫૦,૦૦૦/-)**

સંસ્થા સ્વર્ગસ્થ પ્રત્યે હાર્દિક શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

## "દિવાળી કીટ"

જે જરૂરિયાતમંદ પરિવારોને સંસ્થા દ્વારા પૂર્ણ કીચન-કીટ મોકલવામાં આવે છે તે દરેક પરિવારને દિવાળીના તહેવારો નિમિત્તે **"દિવાળી સ્પેશીયલ કીટ"** પણ આપવામાં આવે છે. દર વર્ષની માફક આ વર્ષે પણ આવા ૨૭ પરિવારોને નીચે મુજબની દિવાળી કીટ મોકલવામાં આવેલ. કાજુકતરી ગ્રામ-૫૦૦, રસગુલ્લા ટીન-૧, ગુલાબજાંબુ ટીન-૧, ચવાણુ ગ્રામ-૫૦૦, મઠીયા ગ્રામ-૫૦૦, રવો ગ્રામ-૫૦૦, સોજી ગ્રામ-૫૦૦, મકાઈના પૌંવા ગ્રામ-૫૦૦, કપાસીયા તેલ ૨ લિટર અને મુખવાસ - ૨૫૦ ગ્રામ.

## દિવાળી કીટના દાતાઓની યાદી

| | |
|---|---|
| શ્રી સુરેશભાઈ જશવંતલાલ નાણાવટી, મહુવા | - કાજુકતરી |
| શ્રી જીતુભાઈ ગાંડાલાલ શાહ | - ચવાણું |
| શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ (અણમોલ) | - રસગુલ્લા ટીન-૧, ગુલાબજાંબુ ટીન-૧ |
| શ્રી વિમલભાઈ રમેશભાઈ મુછાળા | - મઠીયા ૫૦૦ ગ્રામ |
| શ્રી અમીનભાઈ હરીલાલ શાહ | - સોજી ૫૦૦ ગ્રામ |
| શ્રી બકુલભાઈ અમૃતલાલ દોશી | - મકાઈના પૌંવા ૫૦૦ ગ્રામ |
| શ્રી કમલેશભાઈ રસીકભાઈ મુછાળા | - મુખવાસ - ૨૫૦ ગ્રામ |
| શ્રી શૈલેષભાઈ ગાંધી | - રૂા. ૫૦૦૦/- |

સંસ્થાવતી ઉપરોક્ત તમામ દાતાઓનો હાર્દિક આભાર માનું છું.

# કેન્દ્ર સરકાર દ્વારા મળતી વિવિધ સહાય મેળવવા અંગે માર્ગદર્શક સેલ

સંસ્થા દ્વારા "સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર" (SVVP) ના સહકારથી કેન્દ્ર સરકારશ્રી દ્વારા મળતી વિવિધ સહાય યોજનાનો લાભ મેળવવા અંગે એક **"માર્ગદર્શક સેલ"** શરૂ કરેલ છે. જે યોજનાનો લાભ લેવા અંગેની પ્રકિયામાં મદદરૂપ થશે.

આ માટે યોજનાનો લાભ લેવા યોગ્યતા ધરાવતા પરિવારોનો ડેટા તૈયાર કરવાનો છે. ડેટા ફોર્મ અને સરકારની વિવિધ યોજનાઓની યાદી આ સાથે પ્રકાશિત કરેલ છે. લાભ લેવા ઈચ્છતા પરિવારોએ સાથેનું ડેટા ફોર્મ ભરી વહેલી તકે મોકલવાનું છે. ત્યારબાદ તબક્કાવાર દરેકને રૂબરૂ બોલાવી જરૂરી પ્રક્રિયામાં સહાયરૂપ થઈ યોજનાનો લાભ મળે તે માટે કાર્યવાહી શરૂ થશે.

સાથેનું ફોર્મ વ્યવસ્થિત ભરી વહેલી તકે નીચેના સરનામે પહોંચતું કરવા વ્યવસ્થા કરશો.

**વધુ માહિતી માટે આ ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.**

**(૧) શ્રી દીલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦૩૬૫૩૧), (૨) શ્રી ભૂપેન્દ્ર પારેખ (૯૮૨૫૦૨૨૧૪૨),**
**(૩) શ્રી મનીષભાઈ મહેતા (૯૩૭૫૦૫૨૫૧૧), (૪) શ્રી દીલીપભાઈ ગાંધી (૯૪૨૬૦૮૬૯૬૯),**
**(૫) શ્રી મિતેષ શાહ (૯૯૨૫૦૦૨૯૦૯)**

સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટીને ફોર્મ પહોંચાડશો તો પણ ચાલશે.

# શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ – કોષાધ્યક્ષ અહેવાલ

- અજયભાઈ શાહ (કોષાધ્યક્ષ)



## જુલાઈ-૨૨ થી ડિસે. ૨૨ દરમિયાન સંસ્થાને મળેલ અનુદાનની યાદી

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ (બોઘાણી) | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી બકુલભાઈ એ. દોશી | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી રાજુભાઈ (જીતેશ) એચ. દામાણી | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી અનીલભાઈ શાંતિલાલ દોશી | – કીચનકીટ માટે |
| રૂા. | ૨૨૦૦૦-૦૦ | શ્રી મનીષભાઈ વસંતલાલ મહેતા | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રીમતી નિરંજનાબેન શરદકુમાર મુછાળા | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ કનકરાય ગાંધી | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી તેજસભાઈ મુકુંદભાઈ શાહ | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રી ઈંદુભાઈ સવાઈલાલ શાહ | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | ડો.શ્રી બિપીનભાઈ વી. દોશી | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૧૦૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ રતિલાલ પારેખ | – કીચનકીટ માટે |
| રૂા. | ૧૫૦૦૦-૦૦ | શ્રીમતી કુંદનબેન તથા શ્રી બકુલભાઈ એ. દોશી | – લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે |
| રૂા. | ૫૦૦૦-૦૦ | સોનલબેન દીપકભાઈ કોઠારી | – કીચનકીટ માટે |
| રૂા. | ૫૦૦૦-૦૦ | માયરા નિરવભાઈ શાહ (હ. મુકેશભાઈ મણીલાલ શાહ) | – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૧૫૦૦-૦૦ | શ્રી ઈશાન સુરેશભાઈ નાણાવટી | – નવી દુકાનના શુભારંભ નિમિત્તે |
| રૂા. | ૧૧૦૦-૦૦ | સ્વ. રસિકલાલ હેમચંદ મુછાળા (હ. કમલેશભાઈ મુછાળા) | – પિતૃશ્રાદ્ધ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રીમતી શર્મિષ્ઠાબેન રોહિતભાઈ દોશી | – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી મનીષભાઈ વસંતલાલ મહેતા | – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૫૦૧-૦૦ | શ્રી ગીરીશભાઈ અમીચંદભાઈ શાહ | – જન્મદિવસ નિમિત્તે |
| રૂા. | ૧૯૭૧૦૨-૦૦ | | |

**સંસ્થા તમામ દાતાઓનો હાર્દિક આભાર માને છે. સમાજના માનનીય સદસ્યોને પણ ખાસ અપીલ છે કે સંસ્થાના 'કીચન-કીટ''ના સેવાકીય કાર્યમાં નાના-મોટા પ્રસંગોએ અનુકુળ અનુદાન આપી સહકાર આપશો. તમો પ્રસંગોવાત સંસ્થાના બેંક ખાતામાં ડાયરેક્ટ અનુદાન જમા કરાવી શકો છો.**

**સંસ્થાના બેંક ખાતાની વિગત**

**SHRI MATANGI WELFARE SOCIAL TRUST**
**BANK OF INDIA, Gurukul Branch**
**SB A/c No : 204810110008685**
**IFSC CODE : BKID0002048**

# આરોગ્ય



**શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)**

આજનો માણસ જાણે વધુ ને સમજે ઓછું

પ્રિય પરિવારજનો,

"અછતમાં જે મજા છે.
એ અઢળક માં નથી હોતી,
જિંદગી સપનામાં જેવી હોય છે,
એવી હકીકતમાં નથી હોતી."

જીવનમાં જોવું અને જાણવું જેટલું જરૂરી છે એટલું જ જરૂરી છે સમજવું અને માણવું. સામાન્ય રીતે આપણે જાણીએ છીએ વધુ અને સમજીએ છીએ ઓછું. આમ તો સમજી શકીએ ઘણું બધું પરંતુ કયા તો સમજવું નથી અથવા તો સમજવાની કોશિષ પણ નથી કરવી. માણસ જો સમયાંતરે સમજણને rechargeના કરાવે તો દુ:ખને ખુદ – બખુદ આમંત્રણ આપે છે. નાસમજ અને ગેરસમજ માનવીય સંબંધોમાં કડવાશ લાવવાનું કાર્ય કરે છે. સાચી સમજ વાતાવરણને હળવું રાખે છે અને એક–મેકના મન સુધી ભાવના અને લાગણીને પહોંચાડવાનું નેક કાર્ય કરે છે.

સમજને કેળવવા માટે શુદ્ધ હૃદય અને શ્વાસમાં વિશ્વાસ હોવો આવશ્યક છે. કહેવાય છે કે છત્રી વરસાદને રોકી શકતી નથી, પરંતુ વરસાદમાં ઊભા રહેવાનું બળ આપે છે. તેમ આત્મવિશ્વાસ કદાચ સફળતાની ગેરંટી ના આપી શકે. પરંતુ સફળતા માટે સંઘર્ષ–મુકાબલો કરવાની ચોક્કસ પ્રેરણા આપે છે.

સમજણની જરૂર એટલા માટે છે કે આધુનિક જમાનામાં જેમ વખત વીતતો જાય છે તેમ પરિવર્તનો આવતા જાય છે. માણસ માણસથી બિનજરૂરી સરખામણી કરીને ગભરાય છે. પોતે ખુશ થવા કરતાં વધારે દેખાડો કરવામાં સમય વ્યતીત કરે છે. ઈર્ષાની આગમાં સળગતો માણસ ભીતરની ભીનાશ સમી લીલીછમ લાગણી ઘટાડતો જાય છે. પ્લાસ્ટિકિયું સ્મિત બતાવી ને હૈયામાં કેવળ સ્વાર્થ લઈને ફરતો માણસ... વાતે વાતે મને શું ? અને મારું શું ? ભીતરમાં સંઘરી ને ફર્યા કરે છે. કાચિંડાની જેમ રંગ બદલતો માણસ વિવેકહીન અને લાગણીથી વિમુખ થઈ જાય છે. સમજથી સમાજ બને છે.

સુંદર પંક્તિ માણો.....

પૈસા કરતાં પરવરિશ મહત્ત્વપૂર્ણ છે.
સુવિધાઓ કરતાં સંસ્કાર મહાન છે.
સુંદરતા કરતાં સ્વભાવ અગત્યનો છે.
સંપત્તિ જીવનમાં જરૂરી પણ તે સંપૂર્ણ જીવન નથી."

મિત્રો, સમય સમયસર આવે તો જ કામનું નહીં તો સમજ હોય પણ સમય ના હોય તો તે શું કામનું ? યાદ રાખો સમજશક્તિ વિકસિત કરવા માટે....લાગણી–કરુણા હોય ત્યાં ચિંતા રહેવાની, પ્રેમ–સ્નેહ હોય ત્યાં યાદ–સ્મરણ રહેવાનું, કાળજી–ચીવટ હોય ત્યાં ગુસ્સો હોઈ શકે, જ્યાં આ બધું હોય ત્યાં માનવું કે વાતાવરણમાં હૈયાની હળવાશ અને મનની મોકળાશ પ્રવર્તમાન રહે છે. જીવનયાત્રામાં એ અનુભૂતિ કરવાની જરૂરત છે કે દુનિયા એક જ છે, પરંતુ બધા માટે અલગ–અલગ છે. દૃષ્ટિ અને દૃષ્ટિકોણમાં ફરક છે. નજર અને નિયતમાં ફેર છે.

સકારાત્મક અભિગમ સંવાદિતા સ્થાપિત કરવામાં મહત્ત્વનો રોલ ભજવે છે. વાદ–વિવાદ હોય ત્યાં સંવાદ કરવા માટે સમજણનું ઉમેરણ કરવું પડે જો કોઈ વસ્તુ તમારી પાસેથી જતુ રહે. છિનવાઈ જાય તો સમજજો કે જે ગયું એ તમારું હતું જ નહીં શ્રદ્ધા રાખો કે ઈશ્વર જે તમને આપશે એ શ્રેષ્ઠ જ આપશે. અને જો રાહ જોવડાવે તો માનવું કે સર્વશ્રેષ્ઠ આપશે અથવા તે મેળવવાની અથાગ અને અપાર શક્તિ આપશે.

પ્રિયજનો, સમજના સથવારા અને સધીયારાથી શિરમોર બનીને સરતાજ બનો તેવી શુભેચ્છા અને શુભકામના.

**જયેશ અને નિહારિકાના વંદન**

**રાહી ફાઉન્ડેશન**

# મસ્ત જિંદગી જબરજસ્તીથી નહીં, પરંતુ જબરજસ્ત રીતે જીવો

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

પ્રિય પરિવાજનો,

"તાળું તોડી કોઈ લૂંટે એટલી જિંદગી અમીર નથી, પણ
લાગણીના ભાવો કદી ખૂટે, એટલો હું ગરીબ પણ નથી."
સમયની સાથે તો બધા સંબંધ નિભાવે, પણ મીઠાસ તો ત્યારે આવે,
જ્યારે સમય બદલાય પણ સંબંધ ના બદલાય.

પંક્તિ સર્જકને સો સલામ !!

આ જિંદગી ગમે – તેમ જીવવા માટે પ્રભુએ પ્રદાન નથી કરી, પરંતુ સૌને અને આપણને ગમે, તેવી રીતે જીવવા માટે અર્પણ કરી છે.

અર્પણ, તર્પણ અને સમર્પણથી માનવી જ્યારે જિંદગી જીવે છે, ત્યારે ચોક્કસ સુખ અને સંતોષની સ્નેહાભૂતિ થાય છે. ભગવાનને અને આપણને સૌને હસતું મુખારવિંદ જ પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે.

મિત્રો, ઘણા વાંક દેખા વ્યક્તિઓ માખીની વૃત્તિવાળા હોય છે, સારું જોવાને બદલે તેમની નજર ગંદકી / દોષ / ભૂલ / અધૂરપ / ઓછપ / ખોટ ઉપર જ કેન્દ્રિત થતી હોય છે. આ જીવન તો મસ્ત, વ્યસ્ત અને જબરજસ્ત હોવું જોઈએ. પરાણે, ના છૂટકે અને વેઠ ઉતારીને કે કરવા ખાતર કરેલું કામ કે જીવેલી જિંદગી ના જીવ્યા બરાબર છે. જીવન ને સરળ રાખવા અને મનવાંછિત ફળની પ્રાપ્તિ માટે વિનમ્રતા રાખવી અને વિનમ્ર રહેવું આવશ્યક છે. જો બીજને પણ અંકુરિત થઈ છોડ બની અને વૃક્ષ બનતા પહેલા જમીનમાં દટાવું પડે છે. કંઈક બનવા માટે કંઈક કરવું પડે છે, ત્યાગવું પડે છે કે ભોગ આપવો પડે છે.

પ્રિય જનો, આજની દુનિયામાં ખોટા માણસને પોતાની જાતને સાચી સાબિત કરવામાં જેટલી મુશ્કેલી નથી પડતી તેના કરતાં સાચા માણસને પોતે સાચો છે તે સાબિત કરવામાં વધુ મુશ્કેલી પડે છે. જબરજસ્ત બનવા માટે અને વિકાસની તરફ આગેકૂચ કરવા માટે જરૂર છે.

૧. ઓછું, જરૂરિયાત મુજબનું, માપસર અને મુદ્દાસર બોલો. જેથી તમારી રજૂઆત અસરદાર અને ચોટદાર રહે. મહેનત ખામોશીથી કરો, જેથી સફળતા શોર મચાવે.

૨. સાંભળવાનું ધ્યાનથી રાખો. સંભળાવવાની આદત છોડો. સાંભળશો તો જાણવા અને શીખવા મળશે. જ્ઞાનપ્રાપ્તિ નહીં કરો તો સફળતા કેવી રીતે મળશે.

૩. પ્રતિભાવ, પ્રતિસાદ અને પ્રત્યુત્તર ઉતાવળે કદી ના આપો. જાણી, જોઈ, સમજી અને વિચારીને તમારો પક્ષ, અભિપ્રાય અને તમારી માન્યતાને આત્મવિશ્વાસપૂર્વક પેશ કરો.

૪. પરિસ્થિતિને કાળજીપૂર્વક, ચીવટથી અને ઝીણવટથી નિહાળો, જેને લીધે સાચું શું છે તેનું પ્રાગટ્ય થશે. નિર્ણય લેવાની અનુકૂળતા થશે. નિર્ણયનું પરિણામ તમને ગમશે તે પ્રમાણે આવશે.

મિત્રો, જબરજસ્ત જિંદગી જીવવા માટેના ઉપરોક્ત ચાર મજબૂત પાયા છે, અને આ મજબૂત પાયા ઉપર રચાયેલી ઈમારત સફળતાની સીડી છે જે આપને આકાશની ઊંચાઈ પ્રાપ્ત કરાવશે. સક્ષમ બનવું હોય તો solid થવું પડે.

"જે પોતાના માટે જ જીવે છે, એ ક્યારેય જવાબદારી માથે લેતા નથી,
અને જે જવાબદારી માથે લે છે, એ કદી પોતાના માટે જીવતાં નથી."

જબરજસ્ત જીવન જીવવા માટે વાણી–શબ્દ–વાતને વિવેક ના વાઘા પહેરાવવા પડે.

શબ્દ, સે ખુશી, શબ્દ સે ગમ, શબ્દ, સે પીડા, શબ્દ હી મરહમ,
શબ્દ ભી ગજબ કી ચીજ હૈ, મહેંકે તો લગાવ, ઔર બહેંકે તો ઘાવ.."

ખમીરવંતી જિંદગી માટે જીવનમાં ઓતપ્રોત થઈ જવું ! એટલે પોતાનામાં ખોવાઈ જવું, તરબતર થઈ જવું..! જ્યારે માણસ પોતાનામાં સંપૂર્ણ ખોવાઈ જાય ત્યારે તેને પરમ સુખની અનુભૂતિ થાય છે. એક વાર ગાડી ચલાવતા આવડી જાય પછી ગાડી આપમેળે ચાલે, તેમ એકવાર પોતાનામાં સમાઈ ગયા પછી કોઈ જ સુખ–દુ:ખ રહેતું નથી. માત્ર આઠે પહોર આનંદ અને નિજાનંદની જ અનુભૂતિ થાય છે. જીવનમાં સાચું બોલવું ઉત્તમ છે, પરંતુ સાચું સાંભળી લેવું એ સર્વોત્તમ છે. અપેક્ષા રાખ્યા વિના બધાનું સારું કરવા પ્રયત્ન કરવો એટલા માટે કે જે લોકો ફૂલ વહેંચે છે, તેના હાથમાં સુગંધ રહી જાય છે.

મિત્રો, આપણે ક્રોધમાં, ગુસ્સામાં અને મદમાં ના કરવાનું કરી બેસીએ છીએ. પછી ઉતાવળે કરેલી ભૂલ માટે નિરાંતે પસ્તાવું પડે છે. હળવાશની ક્ષણમાં સુંદર પંક્તિ માણીએ....

ઇતિહાસ સાક્ષી છે,
ભૂલ સેલની હોય છે, અને થપ્પડ રિમોટ ખાય છે...

બસ... આવું જ કંઈક સુમધુર સંબંધની જાળવણીમાં છે.

જીવનમાં ગતિનું મહત્વ છે, પણ ગતિ કરતાં દિશા વધુ મહત્વની છે. આપણે સ્પીડો મીટર જોવામાં એટલા વ્યસ્ત છીએ કે માઈલસ્ટોન ભૂલી જઈએ છીએ.

સુખદ જીવન માટે મનમાં સત્યતા, હોઠો ઉપર પ્રસન્નતા અને હૃદયમાં પવિત્રતા અનિવાર્ય છે. આજના માણસનું દુ:ખી થવાનું એકમાત્ર કારણ એ છે કે તે જાણે છે સર્વાધિક, પરંતુ સમજે છે બિલકુલ ઓછું.

શેષ જીવનને વિશેષ બનાવો તેવી શુભેચ્છા અને શુભકામના. જબરજસ્ત જુસ્સા સાથે જીવનયાત્રા પરમ આનંદમય બને તેવી પ્રભુ પ્રાર્થના.

## સુખ છટકી જાય છે ને દુ:ખ અટકી જાય છે.

પ્રિય પરિવારજનો,

માનવીનો જીવન રથ પ્રેમ, પ્રામાણિકતા, સત્ય અને સન્માન જેવા ચાર પૈડાં ઉપર ચાલે છે. માણસ હંમેશા ફરિયાદ કરતો હોય છે મારી જીવન યાત્રામાં સુખ લાંબુ ટકતું નથી અને દુ:ખ તો જવાનું નામ જ લેતું નથી. અસંતોષી માણસ કાયમ તનની તકલીફ, મનની મૂંઝવણ અને ધનની ઓછપનો સદૈવ એહસાસ કરતો હોય છે. જે છે એ ને માણવા ને બદલે જે નથી એની પાછળ દોડવામાં તન, મન અને ધનની બરબાદી નોંતરે છે. સરસ પંક્તિ માણો....

બધું મળે એનું નામ જિંદગી, કાંઈક ખૂટે એનું નામ જિંદગી,
ચલાવી લઈશ, કહીને, હસીને, ચલાવી લઈએ એનું નામ જિંદગી.

મિત્રો, દુ:ખ આવવાનું કારણ એ છે કે જ્યારે મનમાં વહેમ, દિમાગમાં જીદ અને વાતોમાં મુકાબલો આવી જાય ત્યારે સમજવું કે પતનની તરફ જઈ રહ્યા છો. યાદ રાખો.

માણસ સૌથી વધુ સુખી લાગણીઓથી છે, અને સૌથી દુ:ખી પણ લાગણીઓથી જ છે. જે આનંદ આપણને આપણી પોતાની નાની ઓળખ પ્રસ્થાપિત કરતો હોય, તે કોઈ મોટા માણસ ના પડછાયો બનવાથી નથી મળતો. સુખને ટકાવવું હોય અને દુ:ખને દર કિનાર કરવું હોય તો જીવનમાં પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રયાસને અપનાવી લો. સમગ્ર જીવન જીવવાનો નજરિયો બદલાઈ જશે.

"અજવાળું ફેલાવી જાણે એનું નામ ફાનસ, બીજા માટે જીવી જાણે એનું નામ માણસ."

સુખને આત્મસાત કરવું હોય તો પરમને મળવા પ્રયત્નશીલ રહેવું પડે, સાચું દિશાદર્શન કરવું પડે, આત્મ પરિચય કરાવવા માટે સદમાર્ગ શોધીને તેનું અનુસરણ કરવું પડે.

પ્રિયજનો, આપણી તાસીર એવી છે કે જૂઠ આપણે ચલાવીએ તો સારું અને જો અન્ય જૂઠ નો સહારો લે તો આપણી ભ્રુકુટી તંગ થઈ જાય છે અને ક્રોધથી રાતા-પીળા થઈ જઈએ છીએ. દિવસ સારો કે ખરાબ નથી હોતો, પરંતુ તમારા વિચારો સારા કે ખરાબ અથવા સકારાત્મક કે નકારાત્મક હોય છે. હવે નક્કી આપણે કરવાનું છે કે આપણે કેવો દિવસ જોઈએ છીએ. આપણે બીજાનો સ્વભાવ માફક નથી આવતો એવો વિચાર ઘણીવાર કર્યો હશે, આપણો સ્વભાવ બીજાને માફક આવે છે કે નહીં, તેનો કદી વિચાર કર્યો છે ખરો ? આજ રીતે લાગણી ખોટી હોતી નથી, પરંતુ એ ખોટી જગ્યાએ એ વ્યક્ત થઈ જાય છે. કોઈ આપણી ખબર ના પૂછે તો ખોટું નહીં લગાડવું, કેમ કે આ દુનિયામાં ખબર પૂછવાવાળા ઓછા છે અને ખબરને ફેલાવવાવાળા વધારે હોય છે.

મિત્રો, સુખમાં ભટકો નહીં અને દુ:ખમાં ક્યાંય અટકો નહીં એ છે સાચો જીવન મંત્ર.

કોઈએ કરેલી ભૂલથી તમને ઉતારી પાડવા એ તમારા અહંકારનું પ્રદર્શન છે, પરંતુ તેમને સાચો માર્ગ દેખાડવો એ તમારા સંસ્કારનું દર્શન છે.

નાણાંથી કરેલ કોઈ જરૂરિયાતમંદને કરેલ મદદ સમાજ જાણે છે, પરંતુ હૃદયથી કરેલ મદદની નોંધ ખુદ ભગવાન લે છે.

"હમ કરતે વો હૈ, જો હમ ચાહતે હૈ, પર હોતા વો હૈ, જો વો ચાહતા હૈ."

જોરદાર અને અસરદાર પંક્તિથી સમાપન કરીએ...

"દુ:ખ હોય તો સહી લે જે, ચહેરાનું સ્મિત એવું રાખજે કે,
તને જોવા વાળા પણ, એમનું દુ:ખ ભૂલી જાય."

પરિવારજનો, કાગડો કોયલના અવાજને દબાવી શકે પણ પોતાનો અવાજ મધુર ના બનાવી શકે. નિંદા કરનારી વ્યક્તિ સજ્જન વ્યક્તિને બદનામ કે પરેશાન કરી શકે પણ પોતે સજ્જન ના બની શકે.

આપ સૌ દુ:ખમાં અટકો નહી અને સુખ - સંતોષ - પ્રસન્નતા સદાય આપની પાસે રહે તેવી પ્રભુ પ્રાર્થના.


**જયેશ અને નિહારિકાના વંદન (રાહી ફાઉન્ડેશન)**

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

## સંસ્થાના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારો

**સંસ્થાની તા. ૨૭.૧૧.૨૦૨૨, રવિવારના રોજ યોજાયેલ ચુંટણી દરમિયાન ચુંટાયેલ ટ્રસ્ટીઓની યાદી**


શ્રી અનિલભાઈ શાંતિલાલ દોશી
મેનેજીંગ ટ્રસ્ટી



શ્રી બકુલભાઈ અમૃતલાલ દોશી
પ્રમુખ


શ્રી દીલીપભાઈ ચંદુલાલ શાહ
ઉપપ્રમુખ



શ્રી કમલેશભાઈ રસીકલાલ મુછાળા
માનદ્ મંત્રી


શ્રી ભૂપેન્દ્રભાઈ રતિલાલ પારેખ
કોષાધ્યક્ષ


શ્રી મનીષભાઈ વસંતલાલ મહેતા
સહમંત્રી



શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ ગાંધી
ટ્રસ્ટી



શ્રી ચંપકભાઈ ભગવાનજીભાઈ મુછાળા
ટ્રસ્ટી


શ્રી દીલીપભાઈ નવિનચંદ્ર ગાંધી
ટ્રસ્ટી


શ્રી જીતેશભાઈ હીરાલાલ દામાણી
ટ્રસ્ટી


શ્રી મનોજભાઈ રમણીકલાલ દિવાન
ટ્રસ્ટી


શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ
ટ્રસ્ટી


શ્રી મીતેષભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ
ટ્રસ્ટી


શ્રી સુરેશભાઈ અમીચંદભાઈ શાહ
ટ્રસ્ટી


શ્રી વિમલભાઈ રમેશભાઈ મુછાળા
ટ્રસ્ટી

# શ્રી સૌરાષ્ટ્ર દશા માટે માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

## સંસ્થાની યુવવીંગ



આશિષ જી. શાહ



હેમીલ એમ. શાહ



જયમીન પી. રૂપાણી



જીગર વાય. શાહ



નિલેશ જે. કોઠારી



રાજીવ બી. દોશી



સચીન પી. દોશી

## સંસ્થાની મહિલાવીંગ



નિશા એમ. જીવાણી



નીતા બી. અંબાણી



પાયલ વી. શાહ



પ્રિતિ વી. શાહ



રેખા એમ. કોઠારી




તૃપ્તિ વી. મુછાળા



વર્ષા આર. દામાણી

# સચ્ચે દોસ્ત હમેં કભી ગિરને નહીં દેતે ન કિસી કી નઝરોં મેં, ન કિસી કે કદમોં મેં !

- પ્રવીણ સોલંકી



ક્યાંક વાંચેલી એક વાત યાદ આવે છે. કહેવાય છે કે દોસ્ત અને દવાને ગાઢ સંબંધ છે. દોસ્તો ત્રણ પ્રકારના હોય છે; આયુર્વેદ જેવા, એલોપેથી જેવા અને ત્રીજા હોમિયોપથી જેવા.

આયુર્વેદી દોસ્ત એટલે જેનાં ગુણગાન બધા જ ગાય, પરંતુ ઈમર્જન્સીમાં કામ ન આવે, એના ફાયદા કદાચ લાંબા ગાળે થાય કે ન પણ થાય.

એલોપથી દોસ્ત એટલે જે ઈમર્જન્સીમાં કામ આવે અને એની અસર તાત્કાલિક થાય, પણ એની કઠણાઈ એ છે કે ભવિષ્યમાં એની આડઅસર થવાની ઘણીબધી શક્યતા હોય છે.

હોમિયોપથી દોસ્ત એટલે જે ઈમર્જન્સીમાં કામ નથી આવતા, તો લાંબા ગાળે નુકસાન પણ નથી કરતા. એની અસર ધીમે-ધીમે થાય કે કદાચ ન પણ થાય.

નક્કી કરો, આપના મિત્રો કેવા પ્રકારના છે ? મદદ કરીને ઉપકારની ભાવના રાખનારા કે મદદ કરીને ભૂલી જનારા કે બદલાની ભાવના રાખી મદદ કરનારા.

ફ્રોઈડ કહે છે કે માણસના દરેક કાર્ય પાછળ કોઈ ચોક્કસ કારણ હોય છે. તેનો કોઈ પણ પ્રવૃત્તિ પાછળ બદલાની-ફળની આશા તો રહેવાની જ, ફળની આશા ન રાખવી એવો ભાવ પણ એક ફળની આશા જ છે.

અહીં હું એક ચોથા પ્રકારના મિત્રની વાત કરવા માંગું છું. આવા મિત્રો દુર્લભ હોય છે, જેઓએ પોતે મદદ કરી છે એનો બિલકુલ અહેસાસ જ થવા નથી દેતા.

બે મિત્રો હતા. લંગોટિયા મિત્રો, આપણે તેમને રાજુ અને હિતુ તરીકે ઓળખીશું. રાજુ શ્રીમંત, હિતુ ગરીબ. હિતુ ભણવામાં હોશિયાર, રાજુ ઠોઠ.

રાજુ પરીક્ષામાં હિતુમાંથી કોપી કરીને જ પાસ થતો અને હિતુ હોંશે-હોંશે તેને કોપી કરવા દેતો. ઘણી વાર રાજુ તોફાન કરતો, ગુનો કરતો અને હિતુ એ ગુનો પોતાને માથે ઓઢીને સજા ભોગવી લેતો. આવી ગાઢ દોસ્તી બન્ને વચ્ચે હતી.

એક વાર શાળામાં વક્તૃત્વ હરીફાઈ હતી. વિષય હતો, 'લક્ષ્મી ચડે કે સરસ્વતી ?' રાજુ-હિતુ બન્નેએ એમાં ભાગ લીધો હતો. રાજુએ લક્ષ્મીનાં ભરપૂર ગુણગાન ગાયાં અને લક્ષ્મી જ સર્વસ્વ છે એવું જોરજોરથી ઠરાવ્યું. રાજુને હતું કે હિતુ તેની સામે બોલવા ઊભો નહીં જ થાય અને પોતાને જિતાડશે, પણ બન્યું ઊલટું. હિતુએ સરસ્વતીને શ્રેષ્ઠ પુરવાર કરીને ઇનામ મેળવ્યું, પણ એ ઈનામે બન્નેની દોસ્તી વચ્ચે ડંખ પેદા કર્યો. રાજુએ હિતુને કહ્યું, 'ભવિષ્યમાં તને બતાવી આપીશ કે કોનો પ્રતાપ વધારે છે, લક્ષ્મીનો કે સરસ્વતીનો.'

વર્ષોનાં વહાણાં વાયાં, બન્ને પરણ્યા, પરિવાર થયો, બન્ને શહેરમાં આવ્યા. રાજુ મોટો બિઝનેસમેન બન્યો, પણ હિતુએ ઘણી મહેનત કર્યા છતાં તેનું શહેરમાં કંઈ જામતું નહોતું. એમાં વળી તેના નાના દીકરાને પોલિયો છે એની સારવાર માટે ૨-૩ લાખ રૂપિયાની જરૂર છે. પત્ની વારંવાર હિતુને રાજુ પાસે મદદ માગવા ટોક્યા કરે છે. આખરે નાછૂટકે દીકરા ખાતર તે રાજુના ઘરે જાય છે.

રાજુ અને તેનો ભાગીદાર વસંત બન્ને ઘરમાં બેઠા છે અને ત્યારે જ રાજુનું આવવાનું થાય છે. આમ તો વસંત તેના ગામનો જ છે અને બન્નેની ગાઢ દોસ્તીનો સાક્ષી છે એટલે ભોળિયા હિતુએ વસંતની હાજરીમાં જ પોતાની ગ્રામકહાણી કહી, વસંત બોલી ઊઠ્યો, 'અરે તારે તો રાજુને હુકમ કરવાનો હોય, વિનંતી નહીં. બે-ત્રણ લાખ રૂપિયા તો રાજુ માટે ચણા-મમરા જેવા છે.'

પણ રાજુનો મિજાજ જુદો હતો. વસંતની હાજરીમાં તેણે હિતુનું અપમાન કર્યું. ઉતારી પાડ્યો કહ્યું, 'ક્યાં ગયો તારી સરસ્વતીનો પ્રતાપ ? આજે તારે લક્ષ્મીના આંગણે ભીખ માંગવા આવવું પડ્યુંને ? હું તને એક પાઈની પણ મદદ કરવાનો નથી, એટલું જ નહીં, આજ પછી મારી એપોઈન્ટમેન્ટ લીધા વગર મને મળવા આવતો નહીં.'

હિતુ ડઘાઈ ગયો હતો, સમસમી ગયો, પણ રાજુના વ્યવહારે તેના સ્વમાનને જાગ્રત કરી દીધું. જીવનમાં કંઈ કરી બતાવી આપવાનું મનમાં ઠાની લીધું. પણ પૈસા વગર કરવું શું ?

શુભ વિચાર કરો તો જીવનમાં શુભ સંકેત જ મળે. વસંત હિતુની મદદે આવ્યો. હિતુને કહ્યું. 'રાજુએ તારી જેમ મારું પણ અપમાન કર્યું છે, હું તેનાથી છૂટો થઈ ગયો છું. હવે તારી બુદ્ધિ, મારા પૈસા. આપણે બન્ને રાજુને બતાવી દઈએ.'

કહે છે ને કે 'દેનેવાલા જબ ભી દેતા હૈ, છપ્પડ ફાડકે દેતા હૈ.' પાંચ વર્ષમાં હિતુ-વસંતે મોટો ખેલો કરી નાખ્યો. હિતુના અભ્યાસ અને દૂરંદેશીએ વસંતના પૈસાનો મોટો ગુણાકાર કરી નાંખ્યો. હવે હિતુ પાસે બધું જ છે. પણ શાંતિ નથી. તેનું ધ્યેય એક જ છે રાજુને બરબાદ કરવાનું.

અચાનક વસંત ખબર લાવ્યો કે રાજુને કેન્સર છે અને હોસ્પિટલમાં છે. આ સમાચારે હિતુનો ચહેરો ક્ષણભર ચમકી ગયો. વસંત રાજુની ખબર કાઢવા જવાનું સૂચન કરે છે. પણ હિતુ સાફ ઈનકાર કરે છે. એ બાબતે બન્ને વચ્ચે મોટો વિવાદ જાગે છે. વસંત કહે છે, "રાજુ ગમે તેવો હોય, પણ તારો દોસ્ત હતો અને મારો ભાગીદાર.' હિતુથી બોલાઈ જાય છે. 'તારે જવું હોય તો તું જઈ શકે છે. બાકી તે મરે કે જીવે એમાં મને બિલકુલ રસ નથી.' આટલું તે બોલ્યો નથી કે વસંત તેને જોરદાર બે-ત્રણ તમાચા મારી દે છે.

'બેવકૂફ, મૂરખ, સાચી વાત જાણીશ તો તારા પગ નીચેની ધરતી સરકી જશે. હું તારો પાર્ટનર બન્યો એ તો માત્ર એ નાટક હતું. રાજુના કહેવાથી કરેલું નાટક. તારું સ્વમાન જગાવવા. તારું ખમીર જીવંત કરવા, તારી બુદ્ધિની પાર સતેજ કરવા તેણે તારું અપમાન કરીને તને ઉશ્કેર્યો હતો. મને કહ્યું હતું, 'હું જો તેને બે-પાંચ લાખ રૂપિયાની મદદ કરીશ તો તેના દીકરાની સારવાર માટે કામ આવશે, પણ મારે તેની આખી જિંદગી સુધારવી છે. ડોબામાં બુદ્ધિ છે, પણ સાહસ નથી, હિંમત નથી, મહેનત કરવાની ધગશ નથી. આ બધું જગાડવા જ મેં તેનું અપમાન કર્યું હતું.' તારો પાર્ટનર બનીને તારા દીકરાની સારવાર અને ધંધા માટે આર્થિક મદદ કરવા તેણે પોતાના ભાગમાંથી ૧૦ લાખ રૂપિયા આપીને મને આ નાટક કરવા મજબૂર કર્યો હતો.'

વસંતની વાત સાંભળીને હિતુ દિગ્મૂઢ થઈ ગયો.

## મજા કરો મજા

પ્રમાણિકતાનું શું આવે?
નિરાંતે ઉંઘ આવે...

✧✧✧✧✧

સંતોષ સાથે સુવું.
અરમાન સાથે ઉઠવું.
સ્વમાન સાથે જીવવું.
એ જ સાચી જિંદગી...

✧✧✧✧✧

ભરોસા ઉપર ટકેલ છે
આ જિંદગી...
નહીં તો કોણ કહી શકે
કાલે ફરી મળીશું...

✧✧✧✧✧

સ્વભાવ સૂર્ય જેવો રાખવો.
ઉગવાનું અભિમાન નહીં,
આથમવાની નાનપ નહીં.

✧✧✧✧✧

અણી હોય કે ટણી –
બહુ વધે એટલી તૂટી જ જાય.

✧✧✧✧✧

આપણી હાજરી દેખાય
તે આપણું અસ્તિત્વ.
જ્યાં આપણી ઉણપ દેખાય
તે આપણું વ્યક્તિત્વ.

વિતાવીશું તો ઉમ્ર છે.
જીવીશું તો જિંદગી છે.

✧✧✧✧✧

ઈશ્વર ઘણાં સ્વરૂપે આપણને
મદદ કરવા આવે છે,
એટલે ઈશ્વરને શોધવો નહીં,
બલ્કે ઓળખવો.

✧✧✧✧✧

તુલસી ને વૃક્ષ
ગાય ને પશુ
માતા-પિતા ને મનુષ્ય
કદી ન સમજવા.
આ ત્રણેય સાક્ષાત ભગવાનનું રૂપ છે.

✧✧✧✧✧

જરૂરી નથી કે
બધા લોકો આપણને સમજી શકે.
ત્રાજવા વજન માપી શકે
ક્વોલિટી નહીં.

✧✧✧✧✧

ન મને કોઈ અપેક્ષા,
ન એને કોઈ અપેક્ષા.
છતાં મળીએ.... ને
બંનેનું શેર લોહી વધે
તેનું નામ મિત્રતા...

યાદોના પાનથી ભરેલી છે જિંદગી...
સુખ-દુ:ખના પ્રસંગોથી
ભરેલી છે જિંદગી...
એકલા બેસીને વિચારી તો જુઓ
પરિવાર અને મિત્રો વગર
કેટલી અધૂરી છે જિંદગી...

✧✧✧✧✧

સુખના કોઈ ઈન્જેક્શન નથી.
દુ:ખની કોઈ દવા નથી.
પણ
સ્નેહનું વિટામીન અને
લાગણીનું ઓક્સીજન જો
સમયસર મળી જાય તો
સંબંધો જળવાઈ રહે.

✧✧✧✧✧

રાષ્ટ્રીય શાયર મેઘાણી લખે છે–
મહેફીલમાં સૌને નોંતરજે,
જમજે અશ્રુથાળ એકલો.

✧✧✧✧✧

મારૂં ને તારૂં કરનારા
લોકો
અસ્તિત્વ હારી ગયા.
જતું કરનારા લોકો જ
દુનિયા જીતી ગયા.

- મૌલિન વૈષ્ણવ (વડોદરા)

# 'અનિંદ્રા' – સમસ્યા અને ઉપાયો

- સુનીલ ચાંદોરીકર



આજકાલ બદલાતી જતી લાઈફસ્ટાઈલના કારણે સરેરાશ દસમાંથી સાત વ્યક્તિઓને મોડી રાત સુધી ઉંઘ નહીં આવવાની સમસ્યા જોવા મળી છે. મોડી રાત સુધી પડખાંઓ ફેરવ્યા બાદ જયારે ઉંઘ આવે છે ત્યારે માંડ ત્રણથી ચાર કલાકની અપૂરતી ઉંઘ આવી વ્યક્તિઓની તંદુરસ્તી અને આરોગ્ય પર ગંભીર અસર કરે છે. ઉંઘ માટે કેટલાક તો **Sleeping pills**નો ઉપયોગ કરતા હોય છે પણ લાંબે ગાળે આવી ગોળીઓના પરિણામે ગંભીર આડઅસરો થતી જોવા મળે છે. "નસીબદારના જીવનમાં જ ગાઢ નિંદ્રા જોવા મળે." આ ઉક્તિ ખાસ કરીને શહેરોમાં રહેતા લોકો માટે લાગુ પડે છે. શહેરોમાં રહેતા લોકોની લાઇફસ્ટાઇલ / નોકરીની ભાગદોડ, માનસિક તણાવ ઉભો કરે છે. આવો તણાવ સતત રહે તો લોકો ડિપ્રેશન અને માનસિક રોગનો ભોગ બને છે. આથી રોગનું નિદાન કરતા રોગનું કારણ જાણીતે ઉપાય કરવામાં આવે તો આવી સમસ્યાનું નિરાકરણ થાય, સમાધાન થાય શરીર નિરોગી બની સફળ આયુષ્યની સાથે આવરદા પણ વધે.

એક માન્યતા એવી પણ છે કે રાત્રે કસરત, વ્યાયામ કે જીમ વર્કઆઉટ કરીએ તો શરીર થાકી જાય અને શારીરિક શ્રમને કારણે વ્યક્તિને ઝડપથી ઉંઘ આવી જાય. પણ આ તદ્દન ખોટું છે. જો તમે આવી કસરત કે વધારે શારીરિક શ્રમ / જીમ વર્કઆઉટ કરતા હો તો તેનાથી ચેતી જવાની જરૂર છે. આ બધી કસરત / વ્યાયામના પરિણામે વ્યક્તિના હૃદય પર અસર થવાની શક્યતા વધી જાય છે. હાર્ટએટેકના કિસ્સાઓમાં પણ વધારે પડતી જીમ-વર્કઆઉટનો સમય વધારે કારણભૂત જોવા મળ્યો છે. તાજેતરમાં જ રાજુ શ્રીવાસ્તવ તેમજ બોલીવુડના ઘણા સિતારાઓ શરીરને સાચવવા **Maintain** કરવાની લ્હાયમાં વધુ પડતી કસરતો કરી સામે ચાલીને હૃદયરોગ જેવી જવીલેણ બીમારીને આમંત્રણ આપે છે વધુ પડતી કસરતના કારણે ઉંઘના હોર્મોન્સ પર અસર થાય છે. તણાવ વધે છે. ઉંઘની **Cycle** પર અસર થતા અનેક રોગો થવાની શક્યતા વધે છે.

આ માટે વ્યક્તિએ ૧૦-૩-૨-૧ની ફોર્મ્યુલા અપનાવવી જરૂરી છે. જેથી લાઇફસ્ટાઇલમાં બદલાવ આવશે.

૧. ૧૦ કલાકની અંદરમાં કેફીનયુક્ત પદાર્થ લેવાનું રાખો. જો તમે રાત્રે ૯ વાગે સૂતા હો તો અગિયાર વાગ્યા પહેલા કેફીનયુક્ત પદાર્થ લઈ શકો છો.

૨. ત્રણ કલાક પહેલા શરાબ-દારૂ-ભારે જમણ લેવાનું ટાળવું જોઈએ જેથી ગેસ અને છાતીની બળતરાની સમસ્યા ન થાય.

૩. સૂવાના ૨ કલાક પહેલા કોઈ પણ પ્રકારનું શારીરિક કે માનસિક કાર્ય ન કરવું જોઈએ.

૪. ઉંઘવાના ૧ કલાક પહેલા મોબાઈલ, ટીવી, કમ્પ્યૂટર વગેરે બંધ કરી દો અને કુટુંબના સભ્યો સાથે પ્રસન્ન વાતાવરણ / હળવા સંગીતમાં ધીમે અવાજે વાતચીત કરો. પ્રસન્ન વાતાવરણમાં ગાઢ ઉંઘ અને પૂરતા પ્રમાણની ઉંઘને કારણે બીજા દિવસની સવાર તાજી, ઉષ્માભરી અને પ્રસન્નતાવાળી હશે. આખો દિવસ સારો જશે.

## ઝૂલન ગોસ્વામી '૨૦ વર્ષની યાત્રા - અલવિદા ક્રિકેટ

'ચકદા એક્સપ્રેસ'ના હુલામણા નામથી પ્રસિદ્ધ થયેલ ઝૂલન ગોસ્વામીની ૨૦ વર્ષની ક્રિકેટ કારકિર્દીમાં કેવો યોગાનુયોગ – તાજેતરમાં ઈંગ્લેન્ડ ખાતે રમાયેલ ભારત-ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ્સની મેચમાં ભારતે ત્રણ મેચોની સ્પર્ધામાં ઈંગ્લેન્ડનો વ્હાઈટ વોશ કરી. આખી શ્રેણી જીતી લીધી. જેના છેલ્લી મેચ પછી ભારતીય ટીમની મહિલા સ્ટાર ઝૂલન ગોસ્વામીએ ક્રિકેટમાંથી નિવૃત્તિની ઘોષણા કરી. ૧૯ વર્ષની વયે ઈંગ્લેન્ડ સામેની .... મદ્રાસ ખાતેની ૬-૧-૦૨ની મેચમાં ક્રિકેટમાં પદાર્પણ કરનાર ઝૂલનની પ્રથમ મેચ અને ઈંગ્લેન્ડ સામેની છેલ્લી મેચ વચ્ચે ૨૫૫ વન-ડેની ૨૦ વર્ષની કારકિર્દીની યાત્રા બની.

૧૯૮૨માં બંગાળના નાદિયા જીલ્લાના ચકદા ગામમાં જન્મેલી આ બાળકી ક્રિકેટ જગમાં આટલું મોટું નામ અને સિદ્ધિ પ્રાપ્ત કરશે તેનો ખ્યાલ કોઈને ન હતો. જાન્યુ-૨૦૦૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીની ૨૦ વર્ષ અને ૨૬૦ દિવસની ક્રિકેટની આ યાત્રા દરમિયાન તે ટેસ્ટ મેચ, વન-ડે મેચ અને ટી-૨૦ની અનેક મેચ રમી હતી, અનેક સિદ્ધિઓ, અનેક રેકોર્ડસ, અનેક ખિતાબો મેળવી તેના મા-બાપ, ક્રિકેટ અને દેશનું નામ રોશન કર્યું. તેણે ક્રિકેટની આખી કારકિર્દી દરમિયાન ૧૦,૦૦૦ કરતા પણ વધારે દડા ફેંક્યા હતા. ઓવરની દૃષ્ટિએ જોઈએ તો ૨૨૭૦.૨ ઓવર ફેંકવાનો પણ વિક્રમ હાંસલ કર્યો. તે ૨૦૦૭ થી ૨૦૧૭ સુધીમાં વિશ્વકપની મેચમાં ભારત તરફથી પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું. વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી સફળ બોલર તરીકે નામના મેળવી ૨૫૫ વિકેટ્સ ઝડપી હતી. તેના પછી બીજા ક્રમ દક્ષિણ આફ્રિકાની શબનમ ઈલિયાએ ૧૯૧ વિકેટ ઝડપી હતી. મિતાલી રાજ પછી સૌથી

વધારે મેચ રમવાનો વિક્રમ ધરાવે છે. ત્રણ વાર તે એશિયા કપ વિજેતા બનનારી ભારતીય ટીમની મેમ્બર બની. ૨૦૦૭માં તેને ICCનો સર્વોચ્ચ એવો "ICC વિમેન્સ-પ્લેયર ઓફ ધ યર" એનાયત થયો. ૨૦૧૧માં ન્યુઝિલેન્ડ સામે રમાયેલ મેચમાં ૩૧ રનમાં ૭ વિકેટ ઝડપવાનો એક વિક્રમ હતો. જે તેના ત્રીજા નંબરના સ્થાનનો શ્રેષ્ઠ પ્રદર્શનનો એક વિક્રમ હતો.

તેની સંઘર્ષભરી ક્રિકેટની જીવનયાત્રા પર એક બાયોપીક 'ચકદા એક્સપ્રેસ" બની રહી છે. જેમાં અનુષ્કા શર્માએ તેની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ ફેબ્રુ-૨૦૨૩માં ભારતમાં રજૂ થવાની છે.

તેની કારકિર્દીની કેટલીક આંકડાકીય માહિતી

૧૨ ટેસ્ટ – ૪૪ વિકેટ, ૨૦૨ વન-ડે – ૨૫૫ વિકેટ, ૬૮ ટી-૨૦ – ૫૬ વિકેટ

૩૯માં વર્ષે તેને ક્રિકેટને અલવિદા કહી સૌને આંચકો તો આપ્યો હતો. છેલ્લી મેચમાં તે શૂન્ય રને આઉટ થતા વિશ્વના મહાન બેટ્સમેન સાથે અકારણ સરખામણી થઈ ગઈ એટલું તો ચોક્કસ છે કે ભારતની મહિલા ક્રિકેટ જગતને એક જાનદાર અને શાનદાર ફાસ્ટ બોલરની ખોટ પડશે. **All the best for your second inning of your life "Zoolan Goswami....."**

# જીવનરૂપી પરીક્ષામાં સફળતા મેળવવી...

દરેક વ્યક્તિ સફળતા મેળવવા માટે સ્પર્ધામાં હોય છે. પરંતુ કોઈ વ્યક્તિ સફળતા ખરેખર શું છે તે વિચારવા માટે થોભતી નથી. મોટાભાગના લોકો જ્યારે લોકો કહે કે તમે સફળ છો, તે જ સફળતા છે. આવી સફળતા મળે છે કે નહીં તે ચોક્કસ નથી હોતું, પરંતુ તેની પાછળ ભાગવામાં તમારા મનની શાંતિ ચોક્કસ જતી રહે છે. મારા માટે જ્યારે તમારા ચહેરા પર મુરઝાઈ ના જાય તેવું સ્મિત હોય તે સફળતા છે. એવું સ્મિત કે જે કોઈ પરિસ્થિતી કે વ્યક્તિ છીનવી ના શકે. આવું સ્મિત એક આંતરિક સંતોષ અને ખુશીની અવસ્થાથી આવે છે. પરંતુ જો દરેક વ્યક્તિ પોતાની સફળતાની વ્યાખ્યા આપવા માંડે તો જે પરિપક્વ નથી તે આત્મસંતોષી બની જાય. લોકોને આળસથી બચાવવા માટે કોઈકે ચોક્સાઈ કરવી જોઈએ કે લોકો પ્રગતિ કરી રહ્યા છે. પરીક્ષા લેવા પાછળનો મુખ્ય હેતુ આ છે.

કમનસીબે આજે પરીક્ષાઓ જીવન મરણની બાબત બની ગઈ છે. કોઈક પરીક્ષામાં પોતે નાપાસ થયા છે તેવું જાણીને ઘણાં બાળકો અને નાના વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લે છે. કોઈને આવું કૃત્ય કરવાની જરૂર હોતી નથી. કોઈ પરીક્ષાની સરખામણીએ આ જીવન વધારે કિંમતી છે. તમારે સફળતા અને નિષ્ફળતા સ્વીકારવા જોઈએ. કારણ કે કર્મના ફળ ઉપર તમારો કોઈ કાબુ હોતો નથી. પરીક્ષાનું તમારૂં પરીણામ જે કંઈ આવે તેનો હસતા હસતા સ્વીકાર કરો, પરંતુ હવેથી વધારે મહેનત કરવાનો નિર્ધાર કરો.

જ્યારે કોઈ વ્યક્તિ નાપાસ થાય ત્યારે પોતાના ભવિષ્ય વિષે વિહવળતા, ડર અને ચિંતા થાય તે સ્વાભાવિક છે. એવું ના વિચારો કે પરીક્ષામાં પાસ કે નપાસ થવું તે તમારી આખી જિંદગીની દિશા નક્કી કરે છે. પરીક્ષામાં નાપાસ થનાર દરેક વ્યક્તિ મૂર્ખ નથી હોતી અને પાસ થનાર દરેક વ્યક્તિ બુદ્ધિશાળી નથી હોતા. જીવનને વિશાળ દ્રષ્ટિકોણથી જુઓ. એવા કેટલાય દ્રષ્ટાંત છે કે નિષ્ફળ ગયેલા લોકો ખૂબ પ્રગતિ કરે છે. જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતીનો સામનો કરવાનો હોય ત્યારે હિંમતથી કામ લો અને વિશ્વાસથી પડકારનો સામનો કરો. એટલો વિશ્વાસ રાખો કે તમને જે મળવાનું છે તે મળશે જ. ભીતિ બેસી જાય તેવું ના થવા દેશો. તમારા મનને કેન્દ્રિત રાખવામાં પ્રાણાયામ, યોગ, ધ્યાન અને સુદર્શન ક્રિયા ખૂબ જ મદદરૂપ થશે. મારી માતા-પિતાને વિનંતી છે કે બાળકો નિષ્ફળ જાય તો પણ તેમને પ્રોત્સાહન આપજો અને ધ્યાન રાખજો કે તેઓ હતાશામાંથી બહાર આવી જાય. બાળકો જે કંઈ કરી શકે તેમ હતા તે તેમણે કર્યું હતું. તેઓ પોતાના પરિણામથી ખુશ નથી અને તે સમયે તમે પણ દુ:ખ વ્યક્ત કરો તો તેનાથી તેમના પશ્ચાતાપ અને નિરાશામાં વધારો થશે. માતા-પિતાએ તેઓને સમજાવવું જોઈએ કે જીવન આ પરીક્ષા કરતાં ક્યાંય વધારે અગત્યનું છે.

જો તમે સફળ થયા છો, તો શું થઈ ગયું? તમે બીજું એક વધારે કાર્ય કર્યું અને તમે ઘણું વધારે કરી શકો છો. જો તમે કંઈક સારી રીતે ના કરી શક્યા તો ઠીક છે, ના કરી શક્યા. જો તમે ૧૦૦ વખત પડો તો પણ ઉભા થઈ જાવ અને ચાલતા રહો. બાળક તરીકે તમે પોતાના પગ પર ઉભા રહેતા શીખ્યા તે પહેલા કેટલી વાર પડી ગયા હતા? આજે સંકલ્પ લો કે કંઈપણ થાય પણ હું હતાશ નહીં થાઉં. ઈશ્વર હંમેશાં મારો હાથ પકડશે અને મને માર્ગદર્શન આપશે. તમને ઉભા કરવા માટે આટલું પૂરતું છે. દરેક પરિસ્થિતીમાં તમારૂં મન સંતુલિત રાખો. સફળતા અને નિષ્ફળતા બંનેમાં રાખવામાં આવતું સંતુલન જ તમને સાચી સફળતા તરફ લઈ જશે.


- ગુરૂદેવશ્રી રવિશંકર

(સૌજન્ય: ચિત્રલેખા)


# તસવીરી ઝલક... સ્નેહમિલન – ઈનામવિતરણ સમારંભ
























# તસવીરી ઝલક... સ્નેહમિલન – ઈનામવિતરણ સમારંભ































# તસવીરી ઝલક... સ્નેહમિલન – ઈનામવિતરણ સમારંભ












# તસવીરી ઝલક... સ્નેહમિલન – ઈનામવિતરણ સમારંભ














# કરસનકાકાની કથની



- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

આ કહાની એક કાલ્પનિક વિચાર છે જે વાસ્તવિક જીવન સાથે મળતી આવે છે.

સૌરાષ્ટ્રના એક નાનાકડા ગામમાં એક ખાનદાન અને સંસ્કારી પરિવારમાં કરસનભાઈનો જન્મ થયો. બહુ જ નાની વયમાં માતા-પિતાની છત્રછાયાં ગુમાવી પિત્રાઈ કાકાને ત્યાં બાલ્યાવસ્થાનો ઉછેર થયો. સમજદારી આવતાની સાથે જ સગા સ્નેહીની સર્વસંમતિથી નિર્ણય કરી અનાથ આશ્રમમાં દાખલ કરી દીધા.

આશ્રમમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થયું. મા-બાપના સંસ્કારી લોહીના હિસાબે આશ્રમના સૌ બાળકોથી અલગ તરી આવ્યા અને સહુના પ્રિતિ પાત્ર બની ગયા. વ્યવસ્થાપક કસોટીને પણ સંતોષ સાથે ખુશીની લાગણી અનુભવી.

સમયનું ચક્ર ફરવા લાગ્યું. આશ્રમના સંચાલકોએ તેના વાણી, વર્તન અને સંસ્કારને વ્યવહારમાં અનુભવ્યા પરિણામ સ્વરૂપે તે પોતે પગભર થઈ શકશે. તેવા આત્મવિશ્વાસ સાથે તેમને એક કરિયાણાની દુકાનમાં નોકરીએ લગાડી દીધા. સમય સરકતો રહ્યો પોતાની પ્રમાણિકતા મહેનતથી દુકાનદારનો પ્રેમ જીતી લીધો. તેથી પ્રભાવિત થયેલા દુકાનદારે તેના ઉજળા ભવિષ્યની આશાએ પોતાના એક નજીકના સંબંધોના શહેરમાં આવેલા એક મોલમાં નોકરી અપાવી દીધી. સમય જતાં એજ દુકાનદારના નજીકના સંબંધી એવા સામાન્ય પરિવારની દીકરી નામે કાંતાબેન સાથે લગ્ન કરાવી આપ્યા. કાંતાબેનનો ભૂતકાળ પણ કંઈક અંશે કરસનભાઈ જેવો જ હતો. જેથી બંનેના આચાર-વિચારમાં સહકાર સાથે સહાનુભૂતિ સરળ બની રહેતી. ભાડાના મકાનમાં જ્યાં રહેતા હતા ત્યાં પોતાના મળતાવડા અને લાગણીશીલ સ્વભાવના કારણે આડોશ-પાડોશમાં બહુ જ પ્રિય થઈ ગયા હતા.

સમય સરકતો રહ્યો સમયાંતરે કરસનભાઈને ત્યાં પ્રથમ દીકરી અને ત્યાર બાદ દીકરાનો જન્મ થયો. પરિવારમાં ખુશી છવાઈ ગઈ. પોતાની પરિસ્થિતિ મુજબ બાળકોમાં સંસ્કારના સિંચન સાથે શિક્ષણ આપ્યું. બાળકો પણ ખૂબ જ હોંશિયાર હતા. શિક્ષણમાં અવ્વલ નંબર મેળવી પોતાના પગ ઉપર ઉભા રહી આવકના સ્રોત ઉભા કરી પરિવારના બોજાને હળવો બનાવ્યો. દીકરા-દીકરી બંને પુખ્ત ઉંમરના થતાં બન્ને વરાવી પરણાવી જવાબદારીની મુક્તિ સાથે રાહત અનુભવી.

દીકરી સુખી પરિવારમાં પરણાવી. મળેલા શિક્ષણ અને સંસ્કારથી પરિવારને પોતાનો કરી લીધો જેના પરિણામ સ્વરૂપ સમાજમાં એક આદર્શ વહુ તરીકેની નામના મેળવી. ફળસ્વરૂપે તેના પરિવારમાં પણ તેની સાથે વર્તન અને વ્યવહાર દીકરી જેવો જ કરતા.

દીકરાને પણ સંસ્કારી પરિવારમાં પરણાવ્યો. સંસારની સડક પર ચાલતા ચાલતા દીકરાએ પરિવારનો સંપૂર્ણ બોજ ઉઠાવી લીધો. કરસનકાકા અને કાકાએ પારિવારિક જવાબદારી પૂરી કર્યાના સંતોષ સાથે ભવિષ્ય આશા અને અરમાનો સાથે જીવન પસાર કરતા રહ્યા. પરંતુ આ સમય બહુ જ અલ્પજીવી નીકળ્યો. વહુની અહંકારી અને કટુતા ભરેલી વ્યવહાર અસહ્ય થવા લાગ્યો. વહુ પણ ખૂબ જ ચાલાક અને હોંશિયાર હતી. પ્રસંગોપાત કે અન્યની હાજરીમાં સાસુ સસરા સાથેનું વર્તન આત્મિયતા સાથે લાગણી સભર રાખે. જેથી કરીને પોતાની પ્રશંસનીય છાપ સમાજમાં એક આદર્શ અને સંસ્કારી વહુ તરીકેની પાડી શકે. પરંતુ આંતરિક હાલત તો ભોગવનારા જ જાણતા હોય. દીકરાને પણ પત્નીના આ દંભી વર્તનની અણસાર આવી ગયો હતો પરંતુ 'પત'ની પરવરીશ માટે મજબુરીના સહારે જીવન જીવી રહ્યો હતો.

સમયનો પ્રવાહ વહેતો રહ્યો સમયાંતરે પ્રથમ દીકરી અને ત્યારબાદ દીકરાનો જન્મ થયો પરિવારમાં ખુશી સાથેનું માહોલ સર્જાયો. દાદા-દાદીને પણ લાગણીસભર ખુશી સાથે આનંદની અનુભૂતિ થઈ. કંઈક અરમાનો હતા બાળકોને રમાડવાના અને સાથે રમવાના, બાળકો પણ દાદા-દાદીને એટલો જ પ્રેમ કરતા હતા પરંતુ બાળકો દાદા-દાદી પાસે રહેકે રમે તે વહુને બિલકુલ પસંદ ન હતું જેથી તે કોઈને કોઈ બાનુ કાઢી તેમની પાસે જવા દેતી નહિ તેમનાથી દૂર જ રાખતી. આ વર્તન અને વ્યવહારનો આઘાત વ્રજઘાત જેવો લાગ્યો. સમય જતા પરિવારમાં વિકૃત વાતાવરણ પેદા થયું જેના આઘાતો વિચારમાં ને વિચારમાં ટૂંક સમયમાં કરસનભાઈની જીવનલીલા સંકેલાઈ ગઈ અને આ કારમાં આઘાત સાથે કાંતાબેન તેનું જીવન જીવતા રહ્યા સમય જતા બોજારૂપ બનેલા કાંતાબેનને વૃદ્ધાશ્રમમાં દાખલ કરી દીધા. જ્યાં તેઓ પ્રભુ સ્મરણ સાથે શેષ જીવન જીવી રહ્યા છે.

દીકરો, વહુ અને બે બાળકો પોતાનું જીવન જીવી રહ્યા છે. પરંતુ કુદરતના ન્યાય પ્રમાણે કરેલા કર્મનું ફળ ભવિષ્યમાં ભોગવવું જ પડે છે તે સમય આવે સમજાશે.

આ કહાની જેવી માયાઝાળમાં જગતના ઘણા પરિવારો જીવન જીવી રહ્યા હશે જે ફક્ત આબરુને અકબંધ રાખવા માટેનું બલિદાન છે.

## શ્રી હરિ હારે ચેટીંગ

હરિ તારા છે હજાર નામ ક્યા નામે કરવું 'ચેટીંગ' મારે
ગ્રુપ તારું વિશાળ મેમ્બર તારા અપાર. કર્યું 'ચેટીંગ' પ્રાર્થના સહ.
જગતના તાત શ્રી કૃષ્ણને જગતના રખેવાળ શ્રી રામને
દ્વારકાના નરેશ શ્રી દ્વારકાધીશને ડાકોરના રાજા શ્રી રણછોડરાયને
દેવાધી દેવ શ્રી ભોળા શંભુને પરંતુ 'વોટ્સએપ' મારુ કામ ન આવ્યું
'ફેસબુકમાં ફસાઈ ગયો અંતે આધાર લીધો 'ઈ-મેલ'નો
કર્યો 'ઈ-મેલ' શ્રી હનુમાનજીને વાયુ વેગે આવ્યો જવાબ
ભક્ત તારે 'ચેટ' કરવાની જરૂર નથી હજાર નામને ફક્ત 'ચેટ' કરી લે શ્રી હરિને
અંતરની આરાધનાથી જપતો રહે તેનો જાપ ના કોઈ નેટની જરૂર, ના કોઈ રીચાર્જ
રટતો રહે શ્રી હરિનું નામ, તારો બેડો પાર બોલો બજરંગબલિ કી જય

## જીવનનું ઝારણ

૧. લખાણની લીટીથી પ્રેમ ના થાય મારા વ્હાલા, પ્રેમભરી પટપટતી નયનની નિખારથી થાય.

૨. જ્યારે કોઈ વ્યક્તિ એમ કહે કે પેલી વ્યક્તિ મારા જીવનમાંથી ઉતરી ગઈ છે ત્યારે કહેનાર વ્યક્તિએ પોતાની જાતને પૂછવું જોઈએ કે હું મારા જીવનમાં કેટલી નીચે ઉતરી ગઈ છું આ વિચારથી જ સમાધાન થઈ જશે.

૩. જૂઠના ઝટકા મારવા સહેલા છે પરંતુ સત્ય સ્વીકારવું અઘરું છે.

૪. વડીલપણું ઉંમરથી નહિ, પરંતુ વાણી, વર્તન અને વ્યવહારમાં હોવું જોઈએ.

૫. શ્રદ્ધા અને વિશ્વાસથી સ્વપ્નાઓ સાકાર થાય છે. અપેક્ષાઓથી સ્વપ્નાઓ રોળાય છે.

૬. નારાજગીને નાથવા અહંકારની આંટી અને ઉપેક્ષાના આંટા ઉકેલવા પડે.

૭. નફરતને નાથી આત્મમંથન કરશો તો આત્મીયતાનો ઉદય થશે જેના થકી પરસ્પરની નજદીકતા વધશે જેથી સંતોષ પ્રાપ્ત થશે. બાકી 'અહંકાર'માં આળોટતા રહેશો તો એકલતા અને ઉદાસીનતા સિવાય જીવનમાં કશું પામી નહિ શકો.

૮. જે વ્યક્તિ વાત વાતમાં વારંવાર કહેતી હોય કે હું સાચું જ બોલું છું. મને સાચું જ કહેવા જોઈએ. તે તેનું જૂઠું બોલવાનું પ્રથમ સોપાન છે.

૯. સામેની વ્યક્તિના વર્તન સાથે તેના જેવું વર્તન કરતા આપણને આપણા સંસ્કાર રોકે છે.

૧૦. જગતમાં માનવી બહારનું બધું જ માણવા તૈયાર છે. પરંતુ અંદરનું જાણવા કોઈ તૈયાર નથી.

૧૧. ઝંખનાના ઝુમખા તોડવા કરતા સંતોષનો સહવાસ જીવનને સમતોલ બનાવે છે.

૧૨. જેના માટે જીવીએ છીએ એ જીવ જ જ્યારે જાકારો આપે ત્યારે જીવન નિરસ બની જાય છે.

૧૩. લાગણીને જ્યારે 'લુણો' લાગે ત્યારે ખુદની સાથે ખુશામત કરી જીવન જીવવું પડે છે.

૧૪. સંબંધોમાં જ્યારે સ્વાર્થની સરવણી ફૂટવા માંડે ત્યારે આત્મીયતામાં ઓટ આવવા માંડે.

૧૫. ભવસાગરમાં માનવી જ્યારે લાગણીની ભરતીમાં ભમતો હોય ત્યારે અહંકારી અણગમાનો અહેસાસ થતા માનવી આઘાતમાં અટવાય જાય છે.


૧૬. ભાઈ ભાઈ કે સગા સંબંધી દૂર થાય તો સહન થઈ શકે છે પરંતુ દોસ્ત દૂર થાય તો જીંદગીમાં ખાલીપો અનુભવાય છે.

૧૭. જેને ચાહો છો તે દૂર થતું જાય અને જેને નફરત કરો છો તે નજીક આવતું જાય ત્યારે તે ચાહતને સમતોલ કરવી મુશ્કેલ બની જાય છે.

૧૮. ડાહ્યાના ડહાપણ સાથે જીવવા કરતા ગાંડાના ગાંડપણ સાથે જીવવામાં મોજ આવે છે.

૧૯. રોટી કે અન્ય કોઈ વસ્તુઓ માગનારને ક્યારેય તિરસ્કાર કે ધિક્કારશો નહિ, વિવેક સભર નકાર ભણી દેશો કારણ કદાચ એ આપણા પૂર્વજો હોઈ શકે.

# વર્તમાન ક્ષણમાં જીવો



- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)

શ્રીમદ્ ભાગવદ્ગીતા મુજબ ઈશ્વરે પશુ–પક્ષીઓની સરખામણીમાં માનવીને જીવનમાં એક વિશેષ સુવિધા આપી છે અને એ છે આ જીવનમાં નવીન કર્મો કરવાનો અધિકાર પશુ–પક્ષીઓનું જીવન માત્ર આગલા જન્મોના કર્મફળ ભોગવવા માટે જ છે જ્યારે માનવી નવા કર્મો કરી શકે છે અને એટલા માટે જ માનવીએ સતર્કતા રાખવી પડે છે. સમજી વિચારી જાગૃત પણે કર્મો કરવા પડે છે કે જેથી તેનું બંધન ન થાય અને એટલે જ સભાનતાપૂર્વક દરેક ક્ષણે દરેક ક્ષણમાં જીવવું પડે છે. વર્તમાન ક્ષણ સમયનો સુંદર ઉપયોગ કરી આ ક્ષણનો ભરપૂર આનંદ ઉઠાવવાની સાથે વર્તમાન સમયના પાયા મજબુત કરવા રહે. જેમાં વ્યક્તિ ફરજસભર, અધ્યાત્મસભર કે અન્યના કલ્યાણ અર્થે જીવવા માટેનો કોઈ પણ રાહ પસંદ કરી શકે.

વર્તમાન ક્ષણનું જીવન મૂલ્યવાન છે કારણ કે તેમાં આપણે બદલાવ લાવી શકીએ છીએ. સમયસર જીવવા અને જીવનની ધડકનોના સુરોને માણવા આપણી જાતને ભૂતકાળની યાદોમાંથી વર્તમાન એટલે કે હમણામાં વહાવવી જરૂરી છે. ભવિષ્યની ચોક્કસ સચ્ચાઈમાં જવું જરૂરી છે. જે બનાવો બની ગયા અને બનશે એ વચ્ચે જોડાણ હોય છે. શરીર અને મનની તંદુરસ્તીનું રહસ્ય ભૂતકાળનો અફસોસ અપેક્ષામાં નથી પરંતુ વર્તમાનમાં ડહાપણ અને અનુરાગપૂર્વક જીવવામાં છે. શ્રેષ્ઠ અકલ્પ્ય પરિસ્થિતિ કે જે આપણા જીવનને સરળ બનાવે તે એ છે કે જે આપણને વર્તમાનમાં જીવવાની શરૂઆત કરવા પ્રેરે. બિનજરૂરી બોજાવાળી બાબતોનું અથવા ચિંતાનું નિવારણ આપણને ભૂતકાળના જીવન સાથે જોડાયેલ ઘણી સંવેદનાઓથી મુક્ત કરે છે કે જેનાથી આપણે જકડાયા હોય અને આ સ્વયંના મનની સફાઈ જીવનને સુંદર બનાવવા સ્વતંત્રતા બક્ષે છે. વર્તમાનમાં કેવી રીતે જીવવું તે વિષેના સુઝાવો હવે સમજીએ.

૧. હાસ્ય – દરેક દિવસ અનંત શક્યતાઓથી ભરેલ છે. દિવસની શરૂઆત હાસ્થી કરો. હાસ્યના આદાન–પ્રદાનથી તમો નિયંત્રિત વર્તણુંકમાં રહેશો. જીવનને આશાવાદી, પ્રતિક્ષામય બનાવો તે વિષે ઈરાદાવાદી બનો જે સરળતાથી થશે.

૨. આજની, અત્યારની ક્ષણોને સંપૂર્ણ આદર આપો. વર્તમાન ક્ષણો અને પ્રવૃત્તિઓને યોગ્ય ન્યાય આપી તેને માણો.

૩. તમારા કામને ચાહો, તેને પ્રેમ કરો. તેમ કરવાથી અનેરો સંતોષ મળશે. જો તમારા કાર્યથી સંતોષ ન હોય તો જેમાં તમોને આનંદ મળે તેવી જોબ ગોતો અથવા એવું કંઈક શોધો કે તમારી ચાલુ કેરીયરને માણી શકો.

૪. પાછલા દર્દને ભૂલો – જો ભૂતકાળમાં તમોને કોઈએ ઈજા પહોંચાડી હોય કે દર્દ આપ્યું હોય અને તમે બદલાના ભાવથી પ્રેરાવ છો તો તમો તેને માફી આપવાનું પસંદ કરી આગળ વધો. આ બાબતને તમારા મુડ પર અસર થવા દેશો નહીં. જતું કરી વર્તમાનમાં આનંદથી જીવો હળવા બનો.

૫. ભવિષ્યનું સ્વપ્ન સેવો – પણ આજ સખ્ત કામ કરો, સખ્ત કામ એ તમારા સ્વપ્નને સાકાર કરવાનું પ્રથમ સોપાન છે.

૬. બિનજરૂરી બોજો દૂર કરો – બોજમુક્ત એટલે કે હળવા થવાથી તમો વર્તમાનમાં જીવવા તરફ ગતિ કરશો. ભૂતકાળની અસરથી મુક્ત થશો તો જ વર્તમાનમાં જીવી શકશો.

૭. ભૂતકાળની ઉપલબ્ધિમાં ન રહો – જો તમો હજુ પણ ગઈ કાલે શું કર્યું તે ગુણગાનમાં છો તો તમો આજ વધુ નહિ કરી શકો માટે વર્તમાનમાં રહો તમારું ભવિષ્ય નક્કી કરો.

૮. ચિંતા છોડો – જો તમો આવતીકાલની ચિંતા કરશો. તો આજના આનંદથી વંચિત રહેશો. ચિંતા કરો કે ન કરો જે બનવાનું છે તે બનીને જ રહેશે. ચિંતાએ કોઈને કશી જ ઉપલબ્ધિ આપી નથી પરંતુ ચિંતા માનસિક શક્તિ હણી લે છે.

૯. વ્યસન મુક્ત બનો – વ્યસનો માનવીને બંધક બનાવી સંપૂર્ણ સ્વતંત્ર જીવન જીવવાથી દૂર કરે છે. વર્તમાન ક્ષણ માણવાથી દૂર કરે છે. બુરી આદતોથી છુટકારો મેળવી વર્તમાનમાં જીવો અને એજ સુખી જીવનનું ઘટક છે. આ સમયે જો તમો એક ક્ષણ પણ જીવો તો તેને વર્તમાન બનાવી શકો છો.

ભવિષ્ય વિષેના વિઘ્નો હટાવવાથી ભવિષ્યની ચિંતા દૂર થાય છે સમજો કે ભવિષ્ય એ ભેટ સોગાદ નથી, ભૂતકાળ એ વ્યર્થ નથી અને વર્તમાન એ કાયમી નથી જે તમે વર્તમાનમાં કરો છો ભવિષ્ય એ જ તમારા માટે કરશે.

તમો વર્તમાન ક્ષણમાં જાગૃત હશો તો વિચારો અટકશે. મગજ શાંત થશે. તમો વિચારો અટકાવવાના પ્રયત્નો નહિ કરતા હો પરંતુ તે વિચારો અટકશે કારણ કે તમો વર્તમાનમાં જાગૃત બનો છો અને એ વિચારો હંમેશા ભૂતકાળ કે ભવિષ્ય વિશે હશે.

વર્તમાન ક્ષણમાં જીવવું એ જાગૃતિ છે. સજાગપણું છે. જ્યારે તમે આ રીતે જીવો છો તો તમે ધારણાઓ, યોગ્યતાઓ, પૂર્વગ્રહ અને અન્યોના અભિપ્રાયની અસરોથી મુક્ત થઈ. સ્વતંત્રપણે જીવો છો. સાથે સાથે તમો પણ કોઈ વિશે અભિપ્રાય, ટીકાટિપ્પણ કે જજમેન્ટ આપવાથી દૂર રહો છો. વર્તમાન ક્ષણની હાજરી અને જાગૃતિ જીવનને આનંદ, ઉત્સાહ પ્રેરણા અને પ્રેમ સભર બનાવે છે. જે સત્ય છે. ઈશ્વર સમીપે છે.

વર્તમાન ક્ષણના જીવન વિશે મહાપુરુષોના વિચારો જોઈએ, સમજીએ,

"વર્તમાન ક્ષણ કે ફક્ત એક જ ક્ષણ જે આપણને પ્રાપ્ય છે અને એ બધી ક્ષણોનું પ્રવેશદ્વાર છે." – થીક ન્હાટ હાન્હ

"વર્તમાન ક્ષણમાં જીવવાનું શીખવું એ આનંદના રસ્તે જવાનો ભાગ છે વર્તમાન ક્ષણને સંપૂર્ણપણે જીવો." – સારાહબાન

"જો તમો અદ્‌ભુત જીવન જીવવા માંગો છો ખરેખર પ્રચુર સુખીજીવન તો તમો વર્તમાન ક્ષણમાં વધુ જીવવા પર અગ્રતા આપો. વર્તમાન ક્ષણ પર ભૂતકાળનો કશો જ પ્રભાવ નથી." – એકાર્ટ ટોલ

"સ્વાગત છે વર્તમાન ક્ષણમાં. અહિંયા. હમણાં. ફક્ત એ ક્ષણ કે જે હંમેશ છે." – એકાર્ટ ટોલ

"વર્તમાન ક્ષણે જે કંઈ બને છે તેને એવી રીતે સ્વીકારો કે જે તમે પસંદ કરેલ છે." – એકાર્ટ ટોલ


"બે વસ્તુ આપણને સુખથી વંચિત કરે છે ભૂતકાળમાં જીવવું અને અન્ય વિષે નિર્ણય કરવો." – પાઉલો કોએલ્હો


વર્તમાન ક્ષણ એ તમારું ઘર બને છે. તમારે મનની દુનિયામાં થોડું ભ્રમણ રહેશે પરંતુ તમે મગજ (મન)ની દુનિયામાં એટલા દૂર નહિ જશો કે જેથી તમો ત્યાં ખોવાઈ જાવ. ભૂતકાળ અને ભવિષ્યની દુનિયામાંથી વર્તમાનમાં પ્રવેશી એ અદ્‌ભૂત અનુભવ માણો. જે સંપૂર્ણપણે નવો રાહ હશે.

## અભિનંદન

### સૂરજ ઉમેશકુમાર શાહ

સૂરજ સ્વીમીંગમાં ખૂબ જ રસ ધરાવે છે.
તેમણે દરિયામાં સ્વીમીંગ સ્પર્ધામાં સને ૨૦૨૦ માં ૧ કિમી. અને
સને ૨૦૨૨ માં ૫ કિમી.ની દરિયાઈ સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો.
ઉપરાંત ૧૧મા ખેલ મહાકુંભમાં પણ ૧૦૦ મીટર ફ્રી સ્વીમીંગ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવેલ છે.
અભિનંદન સૂરજ.
હજુ વધારે સફળતાઓ મળે તેવી શુભકામનાઓ.





# તેજસ્વી મોઢ એક્સેલેન્ટ એવોર્ડ

ફેડરેશન મોઢ વણિક સમાજ - મુંબઈ દ્વારા દર વર્ષે વિવિધ ક્ષેત્રમાં સફળતમ મોઢ વણિક સભ્યોનું "તેજસ્વી મોઢ એક્સેલેન્ટ એવોર્ડ" દ્વારા સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે આ ભવ્ય સમારંભનું આયોજન અમદાવાદ ખાતે તા. ૧૭.૧૧.૨૨, શનીવારના રોજ યોજવામાં આવેલ જેમાં ફેડરેશનના પ્રમુખશ્રી અરૂણભાઈ મુછાળા સહિત તમામ ટ્રસ્ટીશ્રીઓ અને અગ્રગણ્ય મોઢ મહાજન તથા અમદાવાદના વિવિધ મોઢ વણિક મંડળના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં વિવિધ ક્ષેત્રમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા ૨૨ મોઢવણિક સભ્યોને "તેજસ્વી મોઢ એક્સેલેન્ટ એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવેલ. આપણે માટે આનંદ અને ગૌરવની બાબત એ છે કે આ ૨૨ પૈકી આપણી સંસ્થાના ૩ સભ્યો પણ આ સન્માન મેળવવા હકદાર થયેલ છે. આ સન્માન પ્રાપ્ત કરનાર (૧) શ્રી ચીમનભાઈ શાંતિલાલ શાહ (વટવાવાળા) (૨) શ્રી મનોજભાઈ રજનીકાંત કોઠારી અને (૩) શ્રી જય મહેશભાઈ ગાંગડીયાને ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને**
**યુથવીંગ-મહિલાવીંગના સભ્યો**

*"CONGRATULATIONS"*
*We are proud of you.*

## શ્રી ચીમનલાલ શાંતિલાલ શાહ (વટવાવાળા) (મૂળ-અડવાલ, હાલ-અમદાવાદ)



શ્રી ચીમનભાઈ શાહનો જન્મ ૪ જૂન, ૧૯૪૧ ના રોજ ધંધુકા પાસે અડવાલ ગામમાં થયેલ. કૌટુંબિક પરિસ્થિતિ ખૂબ જ ગરીબ હોવાથી માત્ર ૬ ધોરણ સુધીના અભ્યાસ સાથે સાબુની ફેરી પણ કરતા હતા. ત્યારબાદ અમદાવાદમાં કાપડની દુકાનમાં રૂા. ૪૦થી નોકરી શરૂ કરેલ અને રૂા. ૪૦૦ સુધી પહોંચેલ. નીતિમત્તા-પ્રમાણિકપણું અને નિષ્ઠાપૂર્વક ખંતથી નોકરી કરતાં તેઓને ૩૩ ટકા ભાગીદાર બનાવેલ.

પરિવારમાં પત્ની શ્રી મનોરમાબેનનો સ્વર્ગવાસ થયો છે. ૨ દીકરા તથા ૩ દીકરીઓ છે. તેઓ પરિણીત છે.

તેઓશ્રી લાયન્સ ક્લબ, મનોરમા ચીમનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા અન્ય ઘણા બધા ટ્રસ્ટો સાથે સંકળાઈને સામાજિક સેવાલક્ષી કામ કરી રહ્યા છે તેમજ યુવાવર્ગને વ્યસનોથી દૂર રહી, જીવનમાં આવતા દુ:ખોનો સામનો કરી આગળ વધવાનો સંદેશ આપે છે. તેઓનું પ્રવૃત્તિમય જીવન દ્રષ્ટાંતરૂપ-પ્રેરણારૂપ બને, શારીરિક સ્વસ્થતા સાથે દીર્ઘાયુ રહીને સમાજની સેવા કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના.





## MANOJ KOTHARI

I was appointed as Gujarat Administrtive service officer in the year 1989. I was given appointment in IAS cadre from 2005. During my entire Govt. service; I had served in different departments on various posts in the state. Some of my postings are:

(1) Director, District Rural Development Agency, Anand. (2) Executive Director, NRI Division, Gandhinagar. (3) M.D., Gujarat Rural Indistries Marketing Corporation,Gandhinagar. (4) Joint Secretary, Education Department, Gandhinagar. (5) District Development Officer, Rajkot. (6) Municipal Commissioner, Bhavnagar (7) Commissioner of Relief, Gandhinagar (8) M.D., Madhya Gujarat Vij Company Ltd, Vadodara (9) District Collector, Narmada.

After my retirement on 30/09/2020 I was given appointment as a Member, Gujarat Revenue Tribunal for 3 Years. It is a Judicial posting. So at present I am working on this post.

Thanks and regards.

## જય મહેશભાઈ ગાંગડીયા

૩ ડિસેમ્બર, વર્લ્ડ ડીસેબલ-ડે નિમિત્તે ગુજરાત રાજ્યના માનનીય ગવર્નર શ્રી દેવવ્રત આચાર્યજી દ્વારા ડીસેબલ બાળકોને સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જયે ઉપસ્થિત રહી માનનીય ગવર્નરશ્રીને પોતાના હાથે બનાવેલ પેઈન્ટીંગ ગીફ્ટ કરેલ હતું. માનનીય ગવર્નરશ્રીએ સુતરની આંટી પહેરાવી હાજર બધા બાળકો સાથે જયનું પણ સન્માન કરેલ હતું. Proud moment for our family.

**- મહેશભાઈ ગાંગડીયા**







# CONGRATULATIONS - BEST WISHES...

## URMI AJAYBHAI SHAH

**CONGRATULATIONS!**

By God's Grace & Blessings from Lord Shrinathji, our beloved daughter Urmi Ajaybhai Shah has passed the International Media Make-Up examination certified by CIDESO (Zurich, Switzerland).

She completed her Post Graduate Diploma in Cosmetology & Masters in Media Make-Up from International School for Aesthetics & Spa (ISAS Ahmedabad).

We wish her the very best for all her future endeavors!

**BLESSINGS & BEST WISHES:**


Late Shri Jayantilal Ratilal Shah (Dada)
Late Shri Sureshbhai Harilal Kothari (Nana)
Pushpaben Jayantilal Shah (Dadi)
Sunitaben Sureshbhai Kothari (Nani)
Varsha Ajay Shah (Mummy - Pappa)
Nehal Nimit Kothari (Mami - Mama)
Payal Jay Shah (Bhabhi - Bhai)
Vaishali Devesh Kothari (Mami - Mama)
Darshana Dharmendra Shah (Kaki - Kaka)












## MOKSH NIRMIT GANDHI

My grand son Moksh Nirmit Gandhi has been honoured with Gold Medal in Gujarat State - TAEKWONDO CHAMPIONSHIP

I wish him many more success in coming future.

**PRAFUL VINODRAI GANDHI**

Laxmi Pharma - Pujitha Pharma
Gandhi Interiors
Gandhi & Sons (DSA - Central Bank of India)

## જય મહેશભાઈ ગાંગડીયા

૨૪ વર્ષ. જયને અમે જન્મના પહેલા દિવસે એડોપ્ટ કરેલ હતો. ૩ દિવસ પછી કમળો થતા તાવ આવવાથી ખેંચ આવી. તેમાંથી તે સેરેબલ પાલ્સી નામના રોગનો શિકાર બન્યો. તેની ડિસેબીલીટી ૮૦% છે. તેની દરેક ક્રિયામાં અમારે હેલ્પ કરવી પડે છે. તેની દવા ફક્ત ફિઝીયોથેરાપી જ છે, જે હજુ ચાલુ છે. જય ૬ વર્ષથી કેનવાસ પર પેઈન્ટીંગ કરે છે. તેણે ૩૦૦થી વધારે પેઈન્ટીંગ બનાવીને સગાવહાલા-પ્રતિષ્ઠીત વ્યક્તિઓને ગીફ્ટ કરેલ છે. જયના ૧૨ એક્ઝીબિશન થયેલ છે અને તેની આવકમાંથી કોરોના ટાઈમે પીએમ કેર ફંડમાં ડોનેશન આપેલ છે. તેણે આપણા મુખ્યમંત્રી તેમજ રાજ્યપાલશ્રીને તાજેતરમાં જ પેઈન્ટીંગ ગીફ્ટ કરેલ છે અને તેની મહેચ્છા આપણા લોકલાડીલા પીએમ શ્રી નરેન્દ્ર મોદી સાહેબને પેઈન્ટીંગ આપવાની છે. જયનું સ્લોગન : I cant'walk but im not lazy.





# "દિલ દઈને કામ કરો"

- શ્રી પ્રદીપભાઈ વડોદરીયા (રાજકોટ) મો.: ૯૯૬૨૫ ૨૨૪૫૪



જે લોકો કાળજીપૂર્વક કામ કરવા ટેવાયેલા નથી. તેમની ભૂલોનો ભોગ નિર્દોષ લોકો બનતા રહે છે. દિલ દઈને કામ કરવાનું વલણ ન હોવાને કારણે ધાર્યા કરતાં અનેકગણું નુકશાન થાય છે. તેથી જ જીંદગીનું સોનેરી સૂત્ર નોંધવા જેવું છે. "કામ કરવું હોય તો દિલ દઈને કરો." ન કરવું હોય તો તેને મુલતવી રાખો પણ અડધું-અડધું બેદરકારથી કરશો નહીં. બેદકારીથી કામ કરવું એ ગુનો છે. કામ કરવું હોય તો ખંતથી અને સંપૂર્ણ જવાબદારીપૂર્વક કરવું જોઈએ તેમ ન કરવાથી ભયંકર પરિણામો આવી શકે છે.

એક વાર ડૂબતા માણસોને બચાવવાની હોડીમાં જ કાણું પડ્યું અને ખતરો ઉભો થયો જ્યારે રિપેરીંગ કામ શરૂ થયું તો જાણવા મળ્યું કે તેના તળિયે મોટો લોખંડનો હથોડો પડી રહ્યો હતો અને અથડાઈને કાણું પડ્યું હતું. સમજવાની વાત તો એ છે કે તેર વર્ષ પહેલાં હોડી બાંધનારાઓની બેદરકારીથી તે હથોડો તળિયે પડી રહ્યો હતો.

તેવી જ રીતે બેદરકારીથી કરેલા કામની ખરાબ અસરો જોવી હોય તો છાશવારે રેલ્વે ફાટક ઉપર થતા અકસ્માતોના સમાચારો પેપરોમાં આવે છે એમાં ફાટકમેન ઓછા જવાબદાર નથી.

મકાનોના બાંધકામમાં થતી બેદરકારી વિશે તો જેટલું કહીએ તેટલું ઓછું છે. કેટલાય મકાનો બંધાતા પહેલા જ તૂટી પડે છે અને લીકેજ તો નવા મકાનમાં પણ જોવા મળે છે. આમાં કોણ કોને જવાબદાર ઠેરવે એ એક સમસ્યા બની જાય છે. કાળજીથી કરેલું કામ લાંબે ગાળે દીપી ઉઠે છે અને બેદરકારીથી કરેલું કામ ટૂંકાગાળામાં જ ખરાબ પરિણામો દેખાડી આપે છે. આવા ગુનાઓની પુરેપુરી સજા થતી નથી અને બેદરકારીને આમ ઓથ મળી જાય છે.

પહેલાથી જ હલકું કામ, કામ કરવાની આદત પાછળથી આપણા જીવનનો અંશ બની જાય છે. મોટાભાગના લોકો કામ કેટલા વધુ પ્રમાણમાં કર્યું તેના તરફ લક્ષ્ય આપે છે કામ કેવું કર્યું તેના તરફ ધ્યાન આપતા નથી. કોઈપણ કામ આપણે દિલ દઈને ન કર્યું હોય અને અધુરૂં રહેવા દીધું હોય તો તેની છાપ રહી જવાની અને તેની ખબર વહેલી મોડી પડવાની, તેનાથી આપણું સ્વમન ઘવાય તેવો પ્રસંગ આવવાનો તેને કારણે આત્મસંતોષ પણ નહિં થાય અને મનોવૈજ્ઞાનિક રીતે મનમાં ગુનાની ભાવના ઉદ્‌ભવવાની પછી આપણે પહેલાં જેવા મનુષ્ય રહીશું નહિ. આપણામાંથી કશુંક ચાલ્યા જવાનો, આપણે કશું ગુમાવ્યાનો અનુભવ થાશે.

બેદરકારીનું ધીમું ઝેર ચારિત્ર્યમાં પ્રસરી જાય છે અને જ્યારે વ્યક્તિને ખબર પડે છે ત્યારે મોડું થઈ ગયું હોય છે. બેદરકારી આત્મશ્રદ્ધાને હડપ કરી જાય છે અને આત્મશ્રદ્ધા જાય એટલે માણસ દિશાશૂન્ય બની જાય છે. બેદરકારીની ટેવ એવી ચૂપકીદીથી જીવનમાં પ્રવેશી જાય છે કે વ્યક્તિને તેની ખબર પણ પડતી નથી અને ખબર પડે છે કે તેની આ ટેવ તેના જીવનની પ્રગતિ માટે અવરોધરૂપ છે છતાં તેને માટે તે કાંઈ જ કરી શકવાની સ્થિતિમાં હોતી નથી.

આપણે આપણી નોકરી / ધંધાના પ્રારંભના દિવસો યાદ કરીશું તો જણાશે કે શરૂઆતમાં આપણે ચીવટ અને ચોક્સાઈ રાખતા પણ પછી બેદરકાર બની ગયા હતા અને પાછળ તો તેની ટેવ પડી ગઈ હતી. જે આજે પણ ચાલુ જ છે તે આપણી જીવન પદ્ધતિમાં વણાઈ ચૂકી છે.

જો આપણને આપણા કામથી સંતોષ થાય તો તેની મજા જુદી જ છે. આંતરિક આતનંદથી આપણો પહેરો ખીલી ઉઠે છે પૂરેપૂરી આવડતથી અને ધ્યાન દઈને કરેલું કામ નિજાનંદનું પ્રથમ સોપાન બની જાય છે.

એક જાણીતા ઉદ્યોગપતિ કહે છે કે નિષ્કાળજી અને બેદરકારીને કારણે દરરોજનું ઓછામાં ઓછું એક અબજનું નુકસાન થાય છે.

એક ઉદ્યોગપતિએ તો જણાવ્યું કે બધા બરાબર કાર્ય કરે તે માટે જૂદું જૂદું સ્થળે સુપરવાઇઝરો મુકવા પડે છે તે કારણે જ બધા ધ્યાનપૂર્વક કાર્ય કરે છે.

"એ ન ભૂલવું જોવે કે આપણી પ્રતિષ્ઠા આપણું કામ છે" અને પ્રતિષ્ઠા કેળવવી એટલે શાખ મેળવવી. "શાખ એ જ લાખ" તેથી જ આપણા હાથમાં જે કામ સોંપાયું હોય તે ઉત્તમ રીતે કરવું જોઈએ – પછી તે કામ નાનું હોય કે મોટું હોય. નાનું કામ પણ સારામાં સારી રીતે કરવું જોવે તેના ઉપર આપણી ઉત્તમપણાની મહોર લાગવી જોવે. હંમેશા પૈસા કરતા આમ પ્રતિષ્ઠાનું મૂલ્ય વધે છે એટલે કે નાના કામને પણ પૂરેપૂરું મહત્ત્વ આપો. દરરોજનું કામ પણ પૂરેપૂરી સાવધાનીથી કરવું જોઈએ. "ધ્યાન ઉપર લેજો કે અત્યારે જે કામ આપણે કરીએ છીએ તેને આધારે જ આપણી પ્રગતિનું દ્વાર ખૂલે છે કે બંધ થાય છે તે પછી તે કામ નોકરી ધંધો કે પછી અભ્યાસ (વિદ્યાર્થીઓ) કેમ નથી !!

જેને સફળતા મેળવવી છે તે તો પહેલેથી જ પોતાનું કામ ચીવટથી અને કાળજીથી જ કરશે. ઉત્તમ રીતે કામ કરવું અને પરિપૂર્ણ કરવું એ જ એનો આદર્શ હશે.

અને તેથી જ આપણને ક્લાર્ક ઢગલાબંધ મળે છે પણ હોંશિયાર મેનેજર મળતા નથી. મિકેનીક હજારો મળે છે પણ ઉત્તમ એન્જિનિયર મળતા નથી. સામાન્ય જગ્યાઓ માટે હજારો માણસો મળશે પણ ઉચ્ચ સ્થાન માટે થોડાંક જ ઉમેદવાર હશે કારણ કે ઉચ્ચ સ્થાન ઉત્તમ આવડત માંગી લે છે. આવી આવડત થોડાકમાં જ હોય છે. આમ સામાન્ય કક્ષાના માણસ બનવામાં આપણે પોતે જ જવાબદાર હોઈએ છીએ. જીંદગીના પ્રારંભનાં વર્ષોમાં આપણી કારકિર્દીની શરૂઆતમાં આપણે ધ્યાન આપ્યું હોતું નથી અને તેથી જ આપણે ધારેલી પ્રગતિ કરી શકતા નથી.

જે શિક્ષણ મેળવવું જોઈએ તે મેળવતા નથી. સ્કૂલ-કોલેજમાં તો નિષ્ફળ જઈએ છીએ પણ ધંધાકીય શિક્ષણ મેળવવામાં પણ પાછળ રહીએ છીએ અને તેથી જ પ્રગતિ શક્ય બનતી નથી. દુનિયાને ડોક્ટરો, વકીલો, ખેડૂતો અને વેપારીઓ જોઈતા નથી પણ પોતપોતાના ક્ષેત્રમાં ઉત્તમ નિષ્ણાતો દુનિયા ઇચ્છે છે. તેઓ પોતાની પૂરેપૂરી શક્તિથી કામ કરે તેમ ઈચ્છે છે. દુનિયા ઈચ્છે છે કે તમે તમારા ક્ષેત્રના નિષ્ણાત બનો અને જે કામ કરો તે શ્રેષ્ઠ રીતે જ કરો.

જે યુવાન શરૂઆતથી જ જીવનમાં સારી રીતે કામ કરવાની ટેવ પાડતો નથી તે પાછળથી હેરાન થાય છે કોઈ પણ કામ વધુમાં વધુ મહેનતથી કરવું અને સંપૂર્ણ કાળજી રાખવી એ જીવન સૂત્ર હોવું જોઈએ. યુવાનોએ આ માટે વધુ સતર્ક રહેવું જોઈએ. એક વખત ટેવ પડી ગયા પછી વાંધો આવતો નથી. થોડીક પણ બેદરકારી રાખવામાં આવે તો આખી કારકિર્દીને નુકશાન પહોંચે છે.

"કામ એ માત્ર પૈસાની બાબત નથી. ચારિત્ર્યની બાબત પણ છે. ચારિત્ર્ય પાસે પૈસાની કોઈ જ કિંમત નથી.

સારી રીતે કરેલા કામનો બદલો તરત નથી મળતો પણ લાંબાગાળે મળે છે અને મળે છે ત્યારે વ્યાજ સાથે મળે છે. આમાં ધીરજ રાખવી જરૂરી છે.

ભલે તમને ઓછો પગાર મળતો હોય, પણ તમે જે કામ કરો તે સુંદર રીતે કરો આમ થવાથી પૈસા તો સામે ચાલીને આવશે. તમારા હાથમાંથી જે કામ પસાર થાય છે તે શ્રેષ્ઠ રીતે થઈને જ આગળ વધવું જોઈએ.

આ લેખ માત્ર અને માત્ર આજના યુવાન મિત્રોને ધ્યાનમાં રાખીને લખેલ છે.

યુવાન મિત્રો મારે તમને કાંઈક કહેવું છે કે,

૧. તમારામાં અતૂટ શક્તિ પડેલ છે એને સાચા રસ્તે કામે લગાડો.

૨. જીવનમાં ઉપર દર્શાવેલ પ્રમાણે કામ કરશો તો હતાશા ક્યારેય નહિં આવે.

૩. આપણે ત્યાં મોટાભાગનો સમય વ્યવહાર અને તહેવારમાં જ જાય છે. આગમચેતી એ છે કે સમયને ઓળખજો. સમય બરબાદ ન કરો. સમયનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમે જાણો જ છો કે ગયેલ સમય પાછો ક્યારેય નહિં આવે. સામાન્યમાં સામાન્ય માણસથી અમેરિકાના પ્રેસીડેન્ટ વચ્ચે એક જ વાત કોમન છે કે સૌને ૨૪ કલાક સરખા મળે છે. બસ, હવે તમે જ નક્કી કરો.

૪. આપણે નાના હતા ત્યારે એક વાત સ્કૂલમાં શીખતા કે **PLAY WHILE PLAY AND WORK WHILE WORK** તો યાદ રાખજો કે કામના ભોગે કાંઈ જ નહિ. પહેલાં તમારો અભ્યાસ / કામ પૂરું કરો પછી જ બીજી બધી વાત...

૫. પોતાનું કામ આત્મીયતાથી કરો.

૬. યુવાન મિત્રો જીવનમાં એક સૂત્ર અમલમાં મુકજો કે **NEVER RUN AFTER MONEY BUT RUN AFTER PERFORMANCE THEN MONEY WILL FOLLOW YOU.**

સફળતા મેળવવાની એક ચાવી એટલે "દિલ દઈને કામ" કરવાની.


**યુવાન મિત્રો આ બાબતે ક્યારેય પણ કાઉન્સેલીંગની જરૂર હોય તો બેધડક સંપર્ક કરશોજી.... ૯૬૬૨૫૨૨૪૫૪**


## સ્નેહસેતુમાં જાહેરાતના દર

| વિગત | | આખુ પાનુ | અડધુ પાનુ | ૧/૪ પાનુ |
|---|---|---|---|---|
| આખા વર્ષના (કુલ અંક-૪) | કવર (મલ્ટીકલર) | ૧૫,૦૦૦/- | ૮,૦૦૦/- | --- |
| | ઈનસાઈડ કવર (મલ્ટીકલર) | ૧૨,૦૦૦/- | ૬,૫૦૦/- | --- |
| એક અંકના | મલ્ટીકલર પ્રિન્ટીંગ | ૪,૦૦૦/- | ૨,૫૦૦/- | --- |
| | સીંગલકલર પ્રિન્ટીંગ | ૧,૨૦૦/- | ૬૦૦/- | ૩૦૦/- |

# Monday MARK by RAJEEV MANIAR

**Rajeev Maniar**
**Life Skill Mentor & Trainer**
**9825028399 | www.rajeevmaniar.com**



## HAPPY 2023

It was the new year as its today and a painting competition was organized. Lot of people attended the exhibition and saw various paintings ! People who saw the paintings appreciated it a lot.

However, there was a very simple painting ! It just had a Black rectangular cloth with 2 wings on the sides. People could not understand the painting & were sure that it will not win a prize.

Finally, when the result was announced this simple painting received the prize. All the printers & people were surprised at the results !

The painter was invited to explain the painting ! He said – Opportunities when come they are in black. We do not know anything about it! However, we only realize about it when they fly away!

Friends – At the start of this New Year 2023, I pray almighty to bless the people who have been reading my Monday MARK & wish that you all have the power to recognize the opportunities in front of you before they fly away. Recognize Opportunities and Make Your MARK.

## CONDUCTOR

There was a very famous Speaker who used to give sermons on effects on wrong doings. Once he was traveling on a bus to another city. He gave a Rs. 100/- note for a ticket to the conductor and the conductor gave the ticket which was costing Rs. 25/-. The conductor returned the rest of the money. The Speaker counted the money and to his surprise, he found that by mistake the conductor has given Rs. 10/- more!

The Speaker thought, it's okay to take Rs. 10/- more & he put it in his pocket. He had thoughts for keeping the money in his pocket like... The bus company is earning a lot & the conductor must be cheating and putting the money in his pocket. With these type of thoughts, he thought of putting the money in his pocket. After a few minutes, his destination came where he had to get down of the bus !

As he was about to de-board the bus – he gave Rs. 10/- to the conductor and said – By mistake you have given me Rs. 10/- more... please take it. The conductor smilingly replied – I had purposely given you Rs. 10/- more. I wanted to check as you have been giving sermons on wrong doings but do you follow the same? He bowed down to the Speaker for his mistake on checking on him !

The Speaker thanked God for giving him the right thought to return back the money... or else it would have been a Black Spot on him for Life !

Folks! Pray to God to give you the right thought always & Make Your MARK.

## MIRROR

One average looking middle aged man was continuously looking in a mirror. One smart looking guy observed him and was sarcastically smiling at this activity... The average looking guy saw that person and asked – you must be wondering why I am looking at the mirror?

He shyingly replied – Yes, looking continuously in the mirror will not make you look smart!

The average looking man said – Mirror is the only thing that tells you the truth irrespective of the outer appearance. People may not remember me by my face, But some may definitely remember me for my deeds. While I look in the mirror – it reminds me to do some good deeds so that people will always remember me...

The smart looking guy then asked – Does that mean that, we smart looking people should not look at the mirror? The average looking guy said... No – Everyone should look in to the mirror & thank God for giving you a good appearance then others and remember to do some good deed today...

People should feel – smart people also do good deeds!

Friends, Do look in a mirror quite often, as Mirror is the Reflection of your own inner consciousness, and think – What is one good deed you do today ? Do Good Deeds & Make Your MARK.

# નારી તું નારાયણી



- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ)
મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૯

ભારતની આઝાદીના ગૌરવપૂર્ણ ૭૫ વર્ષ હમણાં જ આપણે પૂરા કર્યા છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની 'હર ઘર તિરંગા''ની હાકલને દેશવાસીઓએ હૃદયપૂર્વક સ્વીકારી અને દેશ-વિદેશમાં રહેતા દરેક ભારતીયે ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

મોદીજીએ 'મહિલા સશક્તિકરણ'ને પ્રોત્સાહન આપતી અનેક યોજનાઓ બનાવી છે અને તેમાં પણ દેશના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન એક આદિવાસી મહિલા એ આપણા દેશ માટે, સમાજ માટે અને મહિલાઓ માટે ગર્વની વાત છે. આપ સર્વેને ખ્યાલ આવી જ ગયો હશે કે તે આદિવાસી મહિલા અન્ય કોઈ નહીં પરંતુ આપણા દેશના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ 'શ્રીમતી દ્રોપદી મુર્મુ' છે.

ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય પદના ઉમેદવારના નામની પસંદગી કરવા ૨૦ જેટલા નામોની ચર્ચા કરેલી. પરંતુ છેલ્લે 'શ્રીમતી દ્રૌપદી મુર્મુ'ના નામ પર મહોર મારવામાં આવેલી. તેની સામે વિરોધ પક્ષના ઉમેદવાર તરીકે ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી યશવંતસિંહની પસંદગી કરવામાં આવેલી. મુર્મુ ભારે બહુમતીથી યશવંત સિંહાને હરાવી અને ચુંટણી જીતી ગયેલ અને તા. ૨૫ જુલાઈ, ૨૦૨૨ના રોજ દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

દ્રૌપદી મુર્મુ અત્યાર સુધીના રાષ્ટ્રપતિમાં સૌથી નાની વયના છે અને આઝાદી પછી જન્મ લેનાર પ્રથમ રાષ્ટ્રપતિ છે.

સંથાલ જનજાતીના દ્રૌપદીનો જન્મ ૨૦ જૂન, ૧૯૫૮માં ઓરિસ્સાના મયુરભંજ જિલ્લામાં ઉપરબેડા ગામમાં થયો છે. પ્રાથમિક શિક્ષણ મયુરભંજમાં મેળવ્યા બાદ કોલેજનું શિક્ષણ 'રમાદેવી મહિલા કોલેજ' ભુવનેશ્વરમાં મેળવેલ. તેઓના ગામમાંથી ભુવનેશ્વર કોલેજમાં જનાર તેઓશ્રી પ્રથમ મહિલા હતા જ્યાં તેઓએ બી.એ.ની ડિગ્રી મેળવેલ. શ્રીમતી દ્રૌપદી મુર્મુના પિતા અને દાદા ગ્રામપ્રધાન હતા. તેથી તેઓને નાનપણથી જ રાજકારણમાં રસ હતો. વર્ષ ૧૯૯૭માં રાજનીતિમાં પ્રવેશ કર્યો તે પહેલા તેઓશ્રી 'અરવીંદો ઈંટીગ્રલ, એજ્યુકેશન ફંડ અને રિસર્ચ સેન્ટર રાજગાંગમાં સહાયક પ્રોફેસર હતા.

શ્રીમતી મુર્મુને કોલેજકાળમાં જ શ્યામ મુર્મુ સાથે પ્રેમ થયો હતો અને તેઓએ લગ્ન કર્યા હતા. તેઓને ચાર સંતાન હતા. જેમાં ૧૯૯૮માં એક પુત્રી મૃત્યુ પામી હતી. બાદમાં ૨૦૦૯ અને ૨૦૧૩ના વર્ષમાં બન્ને પુત્રોનું અલગ અલગ કારણોસર મૃત્યુ થયું હતું. વર્ષ ૨૦૧૪માં પતિ શ્યામચરણ પણ મૃત્યુ પામ્યા હતા. આમ પાંચ વર્ષમાં બે પુત્રો અને પતિને ગુમાવી દીધા હતા. હાલમાં તેઓની એક પુત્રી છે જેનું નામ ઈતિશ્રી છે. જે હાલમાં બેંક કર્મચારી છે.

પોતાના પતિ અને પુત્રોના મૃત્યુ બાદ પરિસ્થિતિનો સામનો કરવા વર્ષ ૨૦૧૮માં બ્રહ્માકુમારી નિર્મલાને અનુસરવાનું શરૂ કર્યું. આમ મનને મજબૂત બનાવ્યું હતું.

શ્રીમતી મુર્મુએ પોતાના સાસરીના ઘરને એક ટ્રસ્ટમાં બદલીને એક સ્કુલને દાન આપી દીધું છે. જે ચાર એકરમાં ફેલાયેલું છે. પતિ અને પુત્રોના નામ પરથી ટ્રસ્ટનું નામ 'જીન્જી' રાખવામાં આવ્યું છે. જેમાં પતિ અને પુત્રોના સ્મારક પણ રાખવામાં આવેલ છે.

**શ્રીમતી દ્રૌપદી મુર્મુની રાજકીય કારકિર્દી :-**

– વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૪ સુધી ઓરિસ્સામાં રાજ્યમંત્રી તરીકે ટ્રાન્સપોર્ટ અને વાણિજ્ય ખાતું સંભાળેલ.

– ૨૦૦૨ થી ૨૦૦૪ ઓરિસ્સાની સરકારમાં પશુપાલન અને મત્સ્ય પાલન ડિપાર્ટમેન્ટમાં રાજ્યમંત્રી તરીકે સેવા આપેલ.

– ૨૦૦૨ થી ૨૦૦૯ વર્ષ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિના રાષ્ટ્રીય કાર્યકારિણી મેમ્બર હતા. તથા એસ.ટી. મોરચાના અધ્યક્ષ સ્થાને રહી જવાબદારી સંભાળેલ.

– અને છેલ્લે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી ઝારખંડના રાજ્યપાલ તરીકે પદ સંભાળેલું.

રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરવામાં આવી ત્યારે તેઓએ કહ્યું હતું, ''मैं हैरान भी हुं और खुश भी । सुंदर मयुरभंज जिले की अेक आदिवासी महिला के रूप में, मैंने शिर्षपद के लिअे उम्मीदवार बनने के बारे मे कभी सोचा नहीं था।

આપણા દેશના લાખો દેશવાસીઓ, વિશેષ રૂપથી જેઓએ ગરીબી અને મુશ્કેલીનો સામનો કર્યો છે તેઓને શ્રીમતી મુર્મુના જીવનથી પ્રોત્સાહન મળશે. તેઓના નીતિમય જીવન, સૂઝ અને દયાળુ સ્વભાવથી આપણા દેશને ઘણો ફાયદો થશે.

શપથ ગ્રહણ કરતી વખતે શ્રીમતી દ્રૌપદી મુર્મુએ કહ્યું કે,

''मेरे लिअे बहुत संतोष की बात है कि जो सदियो से वंचित रहे, वे गरीब, दलीत, पिछडे तथा आदिवासी मुझमें अपना प्रतिबिबं देख रहे हैं। मेरे इस निर्वाचन में देश के हर गरीब तब के का आशीर्वाद सामील है, देश की करोडो महिला और बेटीयां के सपनो और सामर्थ्य की झलक हैं।

– भारत माता की जय, वंदे मातरम्

# "કુંડળીના ગુણો તો મેળવી લીધા પણ શું ?????
# સમજણના ગુણો મેળવ્યા ખરાં ?????"



- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)

સમયનુ ચક્ર ચાલવું જ રહે છે. વર્ષ ક્યાં પૂરું થઈ જાય છે ખબર જ નથી પડતી. આ જોતજોતામાં દિવાળી આવી ગઈ – પણ હાલનું વાતાવરણ જોતા તો લાગે છે હજુ ચોમાસુ જ ચાલુ છે. સમયની સાથે પરિવારમાં આપણા દીકરા–દીકરીઓ ક્યાં મોટા થઈ જાય છે ખબર જ નથી પડતી. ગ્રેજ્યુએટ થાય – ભણવાનું પૂરું કરે – જોબ–બિઝનેસ શોધે એ દરમિયાન એમને જાતે શોધી લીધેલું હોય તો ભલે. બાકી મમ્મી–પપ્પાની મૂરતીયા અને કન્યા શોધવાની એક્સર્સાઈઝ ચાલુ.

દિવાળી જાય એટલે લગ્નની મૌસમ પૂરબહારમાં ખીલે – કેટલાક યુવક–યુવતીઓ બીજા કન્ટ્રીમાંથી આવે આપણે એને લેબલ લગાવીએ એન.આર.આઈ. ઉમેદવાર અને આ લગ્નની મૌસમમાં બીજા પણ ઘણાં બધાની સગાઈ–વિવાહ ગોઠવતા હોય છે બન્ને પક્ષે ઘણું બધું જોઈને ખાસ તો જન્માક્ષર–ગુણાંકને મેળવવા ઉપર માતા–પિતાનો વધુ ભાર હોય છે. દાદી મારી બહેન તો હરખભેર બોલે પણ છે.... "અમે તો ત્રણ મહારાજ પાસે જન્માક્ષર જોવરાવ્યા. બધાનો એક જ મત કે આવું ઠેકાણું તો તમે દીવો લઈને શોધવા જાવ તોયે ના મળે.... કેટલા સરસ ગુણાંક મળે છે." ચોવીસ દોકડા તો કોઈ કરે. ઓગણચાલીસ દોકડા મળે છે. ખબર નથી આ દોકડા શું છે ? મળતા દોકડા એને ૧૦૦% માનવું જ જોઈએ. એમાં આપણે કોઈ વિરોધ ના કરી શકાય.

પણ હમણાં તાજેતરમાં જ એક લગ્ન વિચ્છેદનો કિસ્સો સાંભળવા મળ્યો. આ લગ્ન તુટવાના કારણે તો બન્ને પક્ષની વાત સાંભળતા ઘણા બધા દેખાયા. પણ છોકરાનાં માતાનો વસવસો હતો કે અમે તો પોતે જ્યોતિષી જાણીએ અને ચાર મહારાજને પણ જન્માક્ષર બતાવેલ. ૩૦ ગુણાંક મળતા હતા, બન્નેની કુંડળી ખૂબ જ સારી રીતે મેચ થતી હતી, તેમ છતાં આવું કેમ થયું ? અમે પોતે જ બીજાના હાથ જોઈએ અને અમારી સાથે તો આવું બનવું ના જોઈએ. ખૂબ જ ચીવટથી કાર્ય કરેલું.

દીકરાની મા તરીકે આ બહેનનું દુ:ખ તેની વાત વ્યાજબી લાગતી હતી પણ આજે રહી–રહીનેય સવાલ એ થાય છે કે શું આ કુંડળીના ગુણાંકો તુટતા લગ્નને બચાવી શકે છે ? જો કે શ્રદ્ધા અને સમજણ બન્ને અલગ વસ્તુ છે. આમા ચર્ચા ના હોય કારણ કે આનો કોઈ અંત નથી. આજે એવા પણ ઘણાએ દીકરા–દીકરીઓ છે કે જે કુંડળી અને જન્માક્ષર અને ગ્રહોના ઘરમાં દોડવાના ચક્કરમાં દામ્પત્ય જીવનનો આનંદ માણી શક્તા નથી એમને એમ ઉંમર વધતી જાય છે અને પછી મનગમતું પાત્ર મળવાનો અવકાશ પણ ઓછો થતો જાય છે અને એક એવી ઉંમરના પડાવે તો જે આવે તેને હરખભેર વધાવી લે છે. જ્યારે એરેન્જ મેરેજની વાત આવે ત્યારે લગભગ મોટાભાગના ઘરોમાં કુંડળી મેળવવાની વાત થાય જ છે અને તેમાં કાંઈ ખોટું પણ નથી. પણ એક વાતનું સાથે એ પણ ધ્યાન રાખવું કે જીવનભર સાથે રહેવા માટે કુંડળીની સાથે–સાથે પરસ્પર સમજણના ગુણો પણ મળતાં હોવા જોઈએ. શું એ આવા સમયે મહત્ત્વનું પાસું નથી ?

આપણાં સમાજમાં કંઈ કેટલાયે દાખલા એવા હશે કે જેની કુંડળી ખૂબ સારી મળતી હતી છતાં પણ તેમના લગ્નમાં સમસ્યા આવી હોય અથવા તો લગ્ન વિચ્છેદ થયું હોય, તો કંઈ કેટલાયે જોડા એવા પણ હશે કે જેમની કુંડળી ન મળતી હોય તેમ છતાં તેમનો સંસાર સુખેથી ચાલતો હશે. કોઈ પણ લગ્ન સુખરૂપ ચાલવા પાછળ કુંડળીના ગુણાંક કરતાં મારા મતે સમજણ વધારે કામ કરતી હોય છે. પરસ્પર એકબીજાની સમજણ કેવી છે ! એકબીજાના વિચારો કેટલા મેચ થાય છે, એકબીજાની વેવલેન્થ કેટલી મળે છે તે પાસા વધારે મહત્ત્વના હોય છે. આમાં જ્યોતિષીને અવગણવાની વાત નથી. કુંડળી પણ મેળવો પણ એ પછીની વાત છે. બાકી બીજું બધું મળવું હોય તો કુંડળી મળી જ જશે. મળવું જ પડશે. પણ જો એકલી કુંડળીને છોડીને બાકીનું કાંઈ ના મળવું હોય તો ઉપર આગળ જણાવ્યું તેવું પણ ક્યારેક બની શકે. દીકરાની માતા હજુ આજે પણ કહે છે – "મને સમજાતું નથી – કુંડળી મળવાં છતાં આવું કેમ થયું ?...." આમાં જ્યોતિષીનો કોઈ વિરોધ નથી – જ્યોતિષીને કે કુંડળીને અવગણવાની વાત નથી. કારણ કે એ દરેકની પર્સનલ આસ્થાનો વિષય છે. તમે જેમાં માનો છો તે વસ્તુ સાથે જોડાવવામાં કોઈ જ સમસ્યા ના હોઈ શકે. પણ સાથે જોડાનારી એ બે વ્યક્તિને પરસ્પર એકબીજા સાથે કેટલું ફાવે છે તે જોવું પણ જરૂરી છે. કહેવાનો મતલબ માત્ર એટલો જ કે કોઈ એક જ વાત પર અડી રહી આંધળુકિયા કરવાને બદલે થોડું સમજી–વિચારીને પગલાં લેવા જોઈએ.

કોઈ પણ સગપણની વાત આવે ત્યારે બે પરિવાર સૌ પહેલા છોકરા–છોકરીના જન્માક્ષર મેળવતા હોય છે. ખરી વાત છે ઘણી વાર ગ્રહોની દશા અને જન્માક્ષરના ગુણાંકો સૌ પોતાની આસ્થા પ્રમાણે જોવડાવે તેમાં કાંઈ ખોટું પણ નથી. પણ જન્માક્ષર મળ્યા બાદ

એક સરખાં જાણ્યાં-પિછાણ્યાં વગર તમે લગ્ન જેવો મોટો નિર્ણય લઈ લો અને એક જ વાત કે કુંડળી મળે છે એટલે બધુ સારૂ જ હશે એને આંધળુક્રિયા કહેવાય. આગળ જતાં કાંઈ સમસ્યા ઊભી થાય તો તે તમારી નરી મૂર્ખામી જ ગણાશે. એટલે જ જ્યારે તમે કોઈ સાથે જીવન ગાળવાનો નિર્ણય લો છો ત્યારે જન્માક્ષર કરતાં તમને પરસ્પર એકબીજા સાથે કેટલું ભળશે-ફાવશે તે જાણવું ખૂબ જરૂરી છે. ઘણીવાર એવું બનતું હોય છે કે બે વ્યક્તિનો સ્વીકારભાવ તદ્દન વિરૂદ્ધમાં હોય ત્યારે ભલભલાં ગ્રહો તેમના જોડાને સલામત રાખી શકતા નથી. કારણ કે બંને પાત્રમાંથી જ્યારે કોઈ કાંઈ સમજવા જ તૈયાર ના હોય ત્યારે એકબીજા સાથે રહેવાનું આકરૂ થઈ જાય છે. તે સમયે કોઈ માનતા-બાધા-ગ્રહો કે જાપ તેમને સાથે રહેવાની સમજણ પૂરી નથી પાડી શકતા.


લગ્ન પહેલા અને લગ્ન પછી બે પાત્રોની રહેણી-કરણી તેમનો સ્વભાવ અને સમજણ અત્યંત અલગ થઈ જાય છે. સ્વાભાવિક વાત છે કે તમે સાથે રહેતા હોવ છો અને અલગ-અલગ રહેતા હોવ ત્યારે કોઈ વાર મળવાનું થતું હોય ત્યારે તમે તમારા પાર્ટનર સાથે અલગ હોય છે. બે વ્યક્તિની સમજ એકબીજાથી ઘણી અલગ હોય છે. એવા સમયે માત્ર કુંડળીના આધારે નિર્ણય લેવાના બદલે લગ્નનો નિર્ણય લેતા પહેલા એકબીજાની સાથે પુરતી વાતો કરો. વારંવાર વધુ વાતો કરવાથી એકબીજા વિશે તમે પૂરૂ જાણી શકશો. એકબીજાને ખુલ્લા દિલથી તમે કેવો સ્વભાવ ધરાવો છો તે જણાવો. તો તમારો સંસાર રથ ગતી પકડશે બરાબર ચાલશે - ઘણીવાર એવું બનતું હોય છે કે લગ્ન પહેલા છોકરા-છોકરી વાતો તો ઘણી કરે છે પણ સજાગ રહીને વાતો કરે છે. પોતે જેવા છે તેવા નહીં પણ હોય જ નહીં, બની જ ના શકે તેવા સામેના પાત્ર સામે પ્રેઝન્ટ કરતાં હોય છે. આ કારણે પણ આગળ જતાં ઘણી સમસ્યા ઊભી થતી હોય છે.


પાર્ટનરની સાથે પરિવારની સમજણ પણ જરૂરી છે. બે પક્ષની લગ્ન સંબંધથી જોડાય ત્યારે તેની સાથે બે પરિવાર પણ જોડાતાં હોય છે. મોટાભાગના ઘરેલું કંકાસ પરિવારની સમસ્યામાંથી જ ઉભા થતાં હોય છે, ત્યારે આપણે કોઈ એક વ્યક્તિ પાસે સમજણની અપેક્ષા ના રાખી શકીએ. આ માટે તો બન્ને તરફના પ્રયાસો અને બન્ને તરફની સમજણ જરૂરી છે. મહત્ત્વની છે. બે ભિન્ન ભિન્ન કુટુંબમાંથી આવતી વ્યક્તિ જોડાય છે ત્યારે બન્ને પાત્રોએ અને બન્ને પરિવારે થોડું તો લેટ-ગો કરવાની ગણત્રી સાથે જ સાથે રહેવાનું હોય છે અને એ પણ કોઈ મનમોટાવ વગર લેટ-ગો કરશો. બે-પાંચ વર્ષ આ રીતે રહેશો તો બન્ને એકબીજાની હેબીટ્સ અને સ્વભાવથી ટેવાઈ જશો. પણ કોઈ ગ્રહ-કુંડળી કે વાત-વિચારોની કે સ્વભાવની નથી કે તમને છૂટા પાડી શકે.

## અભિનંદન

### જયશ્રીબેન ઉમેશકુમાર શાહ

સૂરજના મમ્મી પણ સરસ સ્વીમર છે. તેઓ પણ સમયાંતરે સ્વીમીંગ સ્પર્ધાઓમાં ભાગ લે છે.
૧૧મા ખેલ મહાકુંભમાં ૫૦ મી. બટરફ્લાય અને ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકની તરણ સ્પર્ધામાં ભાગ લઈ, બંનેમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ હતું.
ઉપરાંત સને ૨૦૨૦ માં પોરબંદર ખાતે ૪૦ થી ૬૦ વર્ષની મહિલા વયજૂથમાં ૧ કિમી.નું દરિયાઈ અંતર ૧ કલાક ૨ મિનિટ ૨૮ સેકન્ડમાં પાર કરી સફળ રહ્યા હતા.








# વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)



## (૧) હેલ્થી લાડુ

સામગ્રી ૨૫૦ ગ્રામ ખજૂર, ૧૫૦ ગ્રામ અંજીર, ૫૦ ગ્રામ કાજુ, ૫૦ ગ્રામ બદામ, ૨૫ ગ્રામ સૂર્યમુખીના બી, ૨૫ ગ્રામ કોળાના બી, ૨૫ ગ્રામ મગજતરી બી, ૧૦ ગ્રામ ખસખસ, ૧૦ ગ્રામ કીસમીસ, ૧૫ ગ્રામ નાયલોન કોપરાની છીણ, ૫૦ ગ્રામ અખરોટ, ૨૫ ગ્રામ પીસ્તા, બે ચમચા મધ, બે ચમચા ઘી.

સૌ પ્રથમ ખજૂર એકદમ સોફ્ટ લેવી. ધોઈને ઠળિયા કાઢી લેવા. અંજીરને પણ ધોઈ નાના ટુકડા કરી લેવા, કડાઈમાં ઘી મૂકી વારાફરતી બધી જ વસ્તુ શેકી લેવી. પહેલા ખસખસ, કોપરાની છીણ, કીસમીસ શેકી બાઉલમાં કાઢી લેવું ત્યારબાદ કાજુ, બદામ, અખરોટ, પીસ્તા, મગજતરીના બી, કોળાના બી, સૂર્યમુખીના બી શેકવા બાઉલમાં કાઢી લેવા. ખજૂર અને અંજીર એકદમ સોફ્ટ થાય ત્યાં સુધી સાંતળવું. જાયફળ પાવડર, એલચી પાવડર મિક્સ કરવો. બધી જ સામગ્રી મિક્સ કરી મધ નાખી મિશ્રણ તૈયાર કરવું હથેળી પર ઘી લગાવી મીડીયમ સાઈઝના લાડુ વાળવા ઈચ્છા હોય તો તળેલો બાવળિયો ગુંદર પણ નાખી શકાય. ખૂબ જ સ્વાદિષ્ટ, પૌષ્ટિક, શક્તિવર્ધક લાડુ તૈયાર થશે.

નોંધ : મનગમતા ડ્રાયફ્રુટ વધતા ઓછા લઈ શકાય. ડ્રાયફ્રુટને ઝીણા સમારીને લેવા જેથી ચાવવામાં ખૂબ જ સ્વાદિષ્ટ લાગશે.

## (૨) એવરગ્રીન ખીચડી

સામગ્રી : ૧ વાટકી મિક્સ કઠોળ (ફ્રેશ લઈ શકાય, વટાણા, તુવર, ચણા, પાપડીના બી, વાલ) મગ ૧ વાટકી જુવાર, બે ચમચા ચોખા, ૧ ઝુડી પાલક, ૨ તીખા લીલા મરચા, ૧ ટુકડો આદુ ૧ કપ સમારેલું લીલું લસણ, લીલી ડુંગળી; ૧ કપ સમારેલી કોથમીર બે ચમચી મેથીના પાન, ૪ ચમચી ફ્રેશ નાળિયેરની છીણ, ૧ નંગ કેપ્સિકમ ૧ સમારેલી ડુંગળી થોડું સમારેલું આદું મરચા કોથમીરની ડાંડી

સૌપ્રથમ જુવારને ધોઈ ૬ થી ૭ કલાક બરાબર પલાળવી. ફ્રેશ દાણાના હોય તો બધા જ કઠોળ અલગ અલગ પલાળી બાફી લેવા દાણો આખો રહે તેવી રીતે બાફવા. જુવાર અને ચોખાને પણ થોડી વધુ સીટી વાગે તે રીતે સોફ્ટ દાણો બાફી લેવો. શોશપેનમાં પાણી નાખી મીઠું ચપટી સોડા અને ખાંડ નાખી પાલક બે લીલા મરચા, ૧ આદુનો ટુકડો, ૪ લસણની કળી નાખી બાફી કાઢી લેવી. એકદમ ઠંડુ પાણી રેડી ઠંડી કરતી. ત્યારબાદ થોડા લીલા લસણ, ડુંગળીના પાન મિક્સ કરી ગ્રીન પેસ્ટ તૈયાર કરવી. કડાઈમાં તેલ મૂકી રાઈ તતડે પછી જીરુ તજ, લવિંગ, બાદિયા, તમાલપત્ર, સૂકા લાલ મરચા, કોથમીરની ડાંડી અને હીંગ, ડુંગળી, લસણ, આદુ-મરચાંની પેસ્ટ સાંતળી જુવાર, કઠોળ બધી જ સામગ્રી મિક્સ કરી મીઠું નાખી ગ્રીન પેસ્ટ નાખી થોડીવાર સાંતળવું જરુર લાગે તો થોડું ગરમ પાણી રેડી લચકાદાર એવરગ્રીન ખીચડી તૈયાર કરવો.

ગાર્નિશીંગ : બે ચમચી ઘી, ઝીણા સમારેલા લીલા લસણ, ડુંગળી, કોથમીર, કોપરાની છીણ વગેરે ગાર્નિશ કરી લીંબુ રસ નાખી સર્વ કરવું.

નોંધ : ગ્રીન કલર રહે તેથી ગ્રીન મસાલો જ વાપરવો તીખાશ ગમે તે પ્રમાણમાં તીખા મરચા લઈ શકાય. ગમે તો ઉપર ચીઝ ખમણી શકાય.

## (૩) કોર્ન રગડા પેટિસ

સામગ્રી : ૨૫૦ ગ્રામ અમેરિકન મકાઈ દાણા, ૧૫૦ ગ્રામ મકાઈનો લોટ, ૨ નંગ બાફેલા બટાકા, ૩ ચમચી આદું-મરચાની પેસ્ટ, ૨ ડાંડી લીમડાની, ૧ કપ ઝીણી સમારેલી કોથમીર, ૨ ઝીણી સમારેલી ડુગળી, ૨ ચમચી લસણની પેસ્ટ, ૨ લીંબુનો રસ, ૧ ચમચી ગરમ મસાલો, ચપટી ખાંડ

મકાઈના દાણાને બાફીને અધકચરી પેસ્ટ કરી લેવી. બે નંગ મકાઈને છીણીને પેસ્ટ કરવી. મકાઈ બાફી હોય તે પાણીમાં ૩ ચમચી મકાઈનો લોટ મિક્સ કરી પેસ્ટ બનાવવી.

પેટિસ માટે : અધકચરી બાફેલી મકાઈ, બાફેલા બટાકાનો માવો બે-ત્રણ ચમચી મકાઈનો લોટ, આદું-મરચાની પેસ્ટ બે સમારેલા મરચા, કોથમીર, લીંબુનો રસ, ચપટી ખાંડ, ચાટ પાવડર, આમચૂર પાવડર ગરમ મસાલો, મીઠું, બધું મિક્સ કરી પેટિસનું મિશ્રણ તૈયાર કરવું. મકાઈના લોટમાં રગદોળી પેટિસને સેલો ફ્રાય કરવી.

રગડો : કડાઈમાં તેલ મૂકી રાય, લીમડો, આદુ-મરચા, હીંગ વડે મકાઈની પેસ્ટને સાંતળવી. થોડા આખા દાણા મિક્સ કરવા

બધો જ મસાલો હળદર, ધાણાજીરુ, લાલ મરચું પાવડર આદું-મરચાની પેસ્ટ ગરમ મસાલો નાખી સાંતળવું બે કપ પાણી નાખી મકાઈની પેસ્ટ નાખી થોડીવાર ઉકળવા દેવુ લીંબુનો રસ, મીઠું, ખાંડ નાખી રગડો બરાબર તૈયાર કરવો.

સર્વિંગ ડીશમાં પેટિસ મૂકી ઉપર રગડો પાથરી ગાર્નિશ કરી ગરમાગરમ રગડો સર્વ કરવો.

ગાર્નિશીંગ માટે : ઝીણી સમારેલી ડુંગળી કોથમીર, ફુદીનાની ચટણી ખજૂર આંબલીની ચટણી નાયલોન સેવ અને કોથમીર વડે સજાવી કોર્ન પેટિસ રગડો સર્વ કરવો.

## (૪) કચોરી ચાટ

સામગ્રી : ૧ વાટકી તુવેર દાણા, ૧ વાટકી લીલા વટાણા, ૧ વાટકી લીલા ચણા, ૧ વાટકી ફ્રેશ કોકોનેટ, ૩ ચમચી મરચાની પેસ્ટ, ૧ ચમચી આદુની પેસ્ટ, ૧ ચમચી આમચૂર પાવડર, ૧ ચમચી ચાટ મસાલો, ૧ ચમચી તજ-લવિંગ થાવડર થોડા અધકચરા પીસેલા ધાણા, મરી, જીરુ, વરિયાળી, તલ, થોડી સમારેલી કોથમીર, ચપટી ખાંડ, સ્વાદ મુજબ મીઠું, તળવા માટે તેલ

લોટ : ૧ કપ મેંદાનો લોટ, ૧ કપ ઘઉંનો લોટ, બે ચમચી દૂધમાં પલાળેલી સોજી બે ચમચા તેલ મીઠું નાખી પરાઠા જેવો લોટ બાંધવો.

વટાણા, તુવેર દાણા, ચણા પાર બોઈલ ખુલ્લા વાસણમાં કરી લેવા જેથી ગ્રીન કલર જળવાઈ રહે. કડાઈમાં તેલ મૂકી તુવેર ચણા અને વટાણા સાંતળવા થોડા પ્રેસ કરી અધકચરી પેસ્ટ બનાવી વારાફરતી બધા મસાલા મિક્સ કરી નાળિયેરનું છીણ નાખી મિક્સ કરવું કચોરીનું મિશ્રણ તૈયાર કરવું કોથમીર મિક્સ કરવી. મિડીયમ સાઇઝના બોલ્સ બનાવવા લોટમાંથી લૂવા લઈ પુરી વણી વચ્ચે સ્ટફિંગ ભરી કચોરી વાળીને તૈયાર કરવી. મિડીયમ તાપે ગોલ્ડન બ્રાઉન કચોરી તળવી.

સર્વિંગ પ્લેટમાં કચોરી ગોઠવી ઉપર ખજૂર આંબલીની ચટણી કોથમીર ફુદીનાની ચટણી લસણની ચટણી અને ઝીણી સેવ વડે સજાવી કચોરી ચાટ સર્વ કરવો.

## (૫) કચરીયું

સામગ્રી : ૨૫૦ ગ્રામ કાળા તલ, ૧૫૦ ગ્રામ ખજૂર, ૫૦ ગ્રામ ગુંદર, ૫૦ ગ્રામ કોપરાની છીણ, ૫૦ ગ્રામ બદામ, ૫૦ ગ્રામ કાજુ, ૫૦ ગ્રામ અખરોટ, ૨ ચમચી તલનું તેલ, ૧ ચમચી મધ, ૨ ચમચી મગજતરીના બી, ૧ ચમચી પીપરીમૂળ પાવડર (ગંઠોડા પાવડર) ૧ ચમચી સૂંઠ પાવડર

રીત : બધા જ ડ્રાયફ્રૂટ એકદમ ઠંડા કરી લેવા ત્યારબાદ ગ્રાઇન્ડ કરવા તલને પણ ક્રશ કરી લેવા ખજૂર એકદમ પોચો લેવો તેને પણ ગ્રાઇન્ડ કરી લેવો. ખજૂર, તલ, ડ્રાયફ્રૂટ બધું મિક્સ કરી બે ચમચી તલનું તેલ નાખી ચર્ન કરવું. બાઉલમાં તળેલા ગુંદરને અધકચરો પાવડર કરી સૂંઠ પાવડર, ગંઠોડા પાવડર મગજતરી પાવડર, મધ મિક્સ કરી હાથ વડે ખૂબ મસળવું. બાઉલને તલના તેલ વડે ગ્રીસ કરી કોપરાનું છીણ બદામના ફાડા, કાજુના ફાડા ફરતા ગોઠવી કચરિયું હલકા હાથે દબાવી ભરવું. અનમોલ્ડ કરી સર્વ કરવું.

નોંધ : નાના બાળકો માટે નાના ગોળાવાળી ચોકલેટ વર્ચિસિલીમા રગદોળી ચોકલેટ રેપરમાં રેપ કરી કેન્ડી બનાવવી.

## અંતર્યામી

– મો.ક.ગાંધી

જે ક્રિયા મારામાં ચાલે છે તે અંતર્યામીની છે એમ કહી શકાય કે નહીં એ હું નિશ્ચયપૂર્વક નથી જાણતો. પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારાં મોટામાં મોટાં કહેવાયાં છે તે અને નાનામાં નાનાં ગણાય તે કાર્યો કર્યાં છે. તે તપાસતાં તે અંતર્યામીનાં પ્રેરાયેલાં થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગતું.

અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિશેની શ્રદ્ધાને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂંસી શકાય એવી નથી. તેથી તેને શ્રદ્ધારૂપે ઓળખતો મટી અનુભવરૂપે જ હું ઓળખું છું.

છતાં એને એમ અનુભવરૂપે ઓળખાવવી એ પણ સત્ય ઉપર એક પ્રકારનો પ્રહાર છે. તેથી તેને શુદ્ધરૂપે ઓળખાવનારો શબ્દ મારી પાસે નથી એમ કહેવું એ જ કદાચ વધારે યોગ્ય હોય.

**- ગાંધીજીના આત્મકથાના અગિયારમા પ્રકરણમાંથી સાભાર**

# THANKS - GIVING



- જયશ્રીબેન ઠાર (પૂના)

**Its the most wonderful time of the year and everyone telling you be of good cheer....**

રીયા તેના આડોશ-પાડોશના નાના બાળકોને આ ગીત ઉપર ડાન્સ શીખવાડી રહી હતી. બધા બાળકો સુંદર રીતે ડાન્સના સ્ટેપ શીખી રહ્યાં હતાં. હું મારા ઘરમાંથી ક્યારની આ જોતી મજા લઈ રહી હતી. બધા બાળકો ગોરા-ગોરા, ગુલાબી-ગુલાબી ગાલ, બ્લુ આંખો અને થોડા હટાકટા, રંગબેરંગી સ્વેટર, મોજા બૂટમાં એવા સુંદર લાગી રહ્યાં હતાં. જાણે ધરતી ઉપર નાની-નાની પરીઓ ઉતરી આવી હોય. અરે હા, હાલ હું **U.S.** (અમેરિકા) આવેલી છું. હાલ અહીં તેમના તહેવારોની સીઝન ચાલી રહી છે. ચાલો તેમના તહેવારો વિષે જાણકારી આપું.

**thanks giving - National day** અમેરિકાનો ખૂબ જ માનીતો અને જાણીતો તહેવાર છે. રીયા તેના ગાર્ડનમાં આ ભૂલકાઓને આ તહેવારની પાર્ટી માટે ડાન્સની પ્રેક્ટિસ કરાવી રહી હતી.

આપણા દેશમાં દિવાળી, દશેરા, હોળી વગેરે તહેવારો સદીઓથી હર્ષોઉલ્લાસને આનંદથી ઉજવવામાં આવે છે. એવી જ રીતે અન્ય દેશોમાં પણ તેમનાં અલગ અલગ તહેવારો હોય છે. જેને તેઓ ખૂબ જ ઉત્સાહને આનંદથી ઉજવતા હોય છે. **thanks giving** અમેરિકાનો પ્રસિદ્ધ તહેવાર છે. હાલ **U.S.**માં આ તહેવાર જોરશોરથી મનાવી રહ્યાં છે. આ તહેવાર પાછળની ભાવના યાની હેતુ બહુ જ ઉચ્ચ છે. જેનાથી હું ખૂબ જ પ્રેરિત **(inspire)** થઈ છું. મનને ખુશ કરી દેવા તેવા કારણો છે. તેથી ઊંડાણમાં આ તહેવાર વિશે જાણવાની ઈચ્છા થઈ. ઘણા સવાલો પણ ઉદભવ્યા. આ **thanks giving** છે શું ? શા માટે તે ઉજવે છે ? કેવી રીતે ઉજવે છે ?

આ તહેવારને ઉજવવા પાછળ ઘણા કારણો છે.

એના ઇતિહાસમાં જઈએ તો :- ૧૬૨૦માં **Mayflower** નામના એક જહાજમાં ૧૦૨ બ્રિટીશ યાત્રીઓ જેઓ બ્રિટીશ ચર્ચમાં માનતા ન હતાં. આથી પોતાના ધાર્મિક સ્વાતંત્ર માટે જગા યાની નવું જગ શોધતા હતા. તેઓ અમેરિકા તરફ આવવા રવાના થયાં. રસ્તામાં અનેક મુશ્કેલીઓ પડી. તેમનાં ઘણા માણસો પણ મરી ગયાં. તેઓ અમેરિકાના મેસેચ્યુસેટસ **(Massachusett)** નામનાં ગામમાં આવી પહોંચ્યા. સ્કોવ્ટોન નામના માણસ સાથે મેળાપ થયો જે ઈન્ગલીશ જાણતાં હતાં. તેને આ યાત્રીઓને મદદ કરીને સહારો આપ્યો. એ સર્વ યાત્રી અહીં જ સ્થાઈ ગયાં. ખેતી કરીને જીવન નિર્વાહ કરવા લાગ્યાં. ૧૬૨૧માં યાની એક વર્ષ બાદ ખેતમાં સારી ફસલ આવી. સારી ફસલ આવે તો જીવનમાં સુખ-સમૃદ્ધિ શાંતિ ને આનંદ આવે ખરૂને ? સારી આવક થવાથી તે સર્વ યાત્રીઓ એ પરમપિતા પરમાત્માનો આભાર માન્યો. આ આનંદને વ્યક્ત કરતા તેને એક તહેવાર તરીકે ઉજવવા લાગ્યાં. પ્રભુ પ્રત્યે પણ ખુશી જાહેર કરતા આ દિવસને સેલીબ્રેટ કરવા લાગ્યાં.

આથી આને હાર્વેસ્ટ ફેસ્ટીવલ પણ કહે છે. ભગવાનનો આભાર માને છે પ્રાર્થના કરે છે કે આવતે વર્ષે પણ સારી ફસલ આવે, આનંદ શાંતિ આવે. આ પ્રથા અમેરિકામાં પહેલા આવનાર યાત્રીઓએ શરૂ કરી. આથી એમ પણ કહેવાય છે અમેરિકામાં આવેલા પહેલા યાત્રીઓએ આ તહેવારને ઉજવવાની શરૂઆત કરી.

ડિસેમ્બર ૧૮૨૨માં અમેરિકાએ બ્રિટીશરોને હરાવીને વિજય મેળવ્યો હતો. આથી આ દિવસને નેશનલ ડે તરીકે જાહેર કરવામાં આવ્યો. તેથી આ દિવસને ઉજવવા માટે છૂટી પણ આપવામાં આવી. આથી આ તહેવારમાં ૨ થી ૩ દિવસની છૂટી હોય છે.

અબ્રાહ્મ લિંકન જે ખૂબ જ ગરીબીમાંથી ઉપર આવેલા, અમેરિકાનાં પ્રથમ પ્રેસીડેન્ટ બનેલા. એમના મતે દરેક રાજ્યો વચ્ચે, માણસો વચ્ચે, કુટુંબ ને પરિવાર વચ્ચે પ્રેમ ને શાંતિ હોવા જરૂરી છે. બધા જ પ્રેમથી સંપીને હળીમળીને રહે એ માટે દરેક વ્યક્તિની બીજી વ્યક્તિનો આભાર માને અને ધન્યવાદ આપે. આ રીતે **thanks giving** એક સાથે સેલીબ્રેટ કરે. સૌ પ્રથમ પ્રભુનો આભાર માને. આ રીતે પણ આ તહેવારની શરૂઆત થઈ.

છેલ્લે કેટલાક વર્ષોથી આ તહેવારને પારિવારિક સ્નેહમિલન **(get to gather)** અને શોપિંગની મસ્તી ખરીદી કરવાનો આનંદ તરીકે ઉજવવામાં આવે છે.

નવેમ્બર મહિનાનાં છેલ્લા ગુરૂવારે આ તહેવાર ઉજવવામાં આવે છે. નવેમ્બરના છેલ્લા ગુરુવારે કુટુંબના દરેક સભ્યો ભેગા થઈને જમવાનો આનંદ લે છે. બધા ફેમીલી મેમ્બર એકબીજા માટે ભેટ લાવે છે. પાર્ટી કરે છે. ભેટ **(gift)** આપીને એકબીજા માટે પ્રેમની લાગણી વ્યક્ત કરે છે. આ રીતે એકબીજાનો આભાર માને છે.

કૃતજ્ઞતા (gratitude) દિવસ ઉજવે છે.

બીજા દિવસને યાની શુક્રવારને (Black Friday) કહે છે. આ black friday થી 1st ડિસેમ્બર સોમવારને સાયબર Monday કહે છે. આ જ દિવસે માર્કેટમાં દરેક ચીજવસ્તુ ઉપર સેલ હોય છે. એમાં એ black friday નાં તો ધૂમ ખરીદી થાય છે. લોકો પહેલેથી વસ્તુઓના લિસ્ટ બનાવીને મૂકે છે. ટૂંકમાં આખા વર્ષની ખરીદી આ દિવસે વધારે પ્રમાણમાં થાય છે. દરેક શોપ–માર્કેટ–મોલમાં અતિ ભીડ હોય છે. બધા જ ખરીદીનાં મૂડમાં હોય છે.

પ્રભુનો આભાર બાદ લોકોનો આભાર આવી ઉત્તમ ભાવના માટે મને આ તહેવાર ખૂબ જ ગમ્યો. તેનું નામ પણ આકર્ષક છે. પ્રભુનો આભાર માનવો ને બાદ પ્રભુના સર્જન એવા માનવનો આભાર માનવાનો.

જીવ માત્રને કોઈ એનો આભાર માને એ ખૂબ જ ગમે છે. મનને દિલમાં આનંદ આવે એક જાતની ખુશીની લહેર દોડે છે. જેને વર્ણવી નથી શકાતી. તેથી જ આપણે નાના નાના બાળકોને શીખવાડીયે છે કે કોઈ તમને કંઈ આપે તો thanks બોલવાનું. કારણ આ એક અદ્‌ભૂત અહેસાસ છે.

આવા સુંદર thanks giving ના ફેસ્ટીવલ ઉપર હું પણ આ ઈન્ટરનેટ ટેક્નોલોજીનો દિલથી આભાર માનું છું. કરોનાં સમયમાં ઘરમાં રહેવું સુરક્ષિત છે. ત્યારે માત્ર ને માત્ર આ ટેક્નોલોજી દ્વારા એકબીજાને મળ્યાનો આનંદ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ માધ્યમ દ્વારા શોપિંગ કરવું, બહારથી જમવાનું (Food) ઓર્ડર કરવું. અગત્યની મીટીંગો લેવી અરે ઘર બેઠા કામ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ થઈ છે. સૌથી મહત્ત્વનું દેશને પરદેશમાં રહેતા આપણા પરિવારના લોકો, આપણા દોસ્ત ને સગાસંબંધીઓને આ જ માધ્યમ દ્વારા ઘર બેઠા મળી શકીએ છીએ. જાણે આખી પૃથ્વી એક પરિવાર બની ગઈ છે. આપણે બોલીએ છીએ. "વસુધૈવ કુટુંબકમ્" એ સત્ય છે ને શક્ય છે માત્ર આ ટેક્નોલોજીને લીધે.

"બહુત શુક્રિયા બડી મહેરબાની મેરી જીંદગીમેં ઈન્ટરનેટ આયા."

## ઈટાલી અને એક શિક્ષક

ઈટાલીનો એક પ્રસંગ છે. ઈટાલીના પાટનગર રોમમાં એક ઈટાલિયન વ્યક્તિ અત્યંત વ્યસ્તતાના કારણે સમયસર ટેક્સ ભરી શક્યા નહોતા. એ કારણસર તેમને કોર્ટમાં હાજર થવું પડ્યું. ન્યાયાધીશે સમયસર ટેક્સ કેમ ના ભર્યો તેવો પ્રશ્ન પૂછ્યો.

ઈટાલિયન નાગરિકે જવાબ આપ્યો : સર, હું એક શિક્ષક છું અને મારી કામની વ્યસ્તતાના કારણે સમયસર કર ભરવાનો મને સમય ના મળ્યો, મને માફ કરો. તેઓ આગળ વાત ચલાવે તે પહેલાં જ ન્યાયાધીશ બોલ્યા : આજે કોર્ટમાં એક શિક્ષક ઉપસ્થિત છે.

અને કોર્ટમાં સામેની બેચ પર બેઠેલા બધા જ લોકો ઊભા થઈ ગયા. રોમના ન્યાયાધીશે તેમને કોર્ટમાં બોલાવવા બદલ માફી માગી અને તેમની સામેનો કેસ કાઢી નાખ્યો. આવો હતો શિક્ષક પ્રત્યેનો આદર.

આ સિવાય પણ બીજી જાણવા જેવી વાતો છે (૧) અમેરિકામાં બે જ પ્રકારના લોકોને વીઆઈપીનો દરજ્જો મળે છે : એક વૈજ્ઞાનિક બીજા શિક્ષકો (૨) ફ્રાન્સની કોર્ટમાં ઉપસ્થિત લોકોમાંથી માત્ર શિક્ષકોને જ ખુરશીમાં બેસવાનો અધિકાર છે. (૩) જાપાનમાં શિક્ષકને પકડવા પોલીસે સરકારની પરવાનગી લેવી પડે છે. (૪) અમેરિકા અને યુરોપિયન દેશોમાં પ્રાથમિક શિક્ષકોને સૌથી વધુ પગાર મળે છે. કારણ કે તેઓ નાના બાળકોને સારા નાગરિક બનાવવાનું કામ કરે છે.

બધા જ શિક્ષક ભાઈ–બહેનોને વંદન.

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા પ્રગતિ મંડળ – નરોડા

## "ક્રિકેટ ટુર્નામેન્ટ"

તા. ૧૧-૧૨-૨૦૨૨ ના રોજ શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા પ્રગતિ મંડળ દ્વારા ફેમીલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટમાં ૧૦ ટીમોએ ભાગ લીધેલો. દરેક ટીમમાં આઠ મેમ્બર્સનો સમાવેશ થતો હતો. જેમાં વધુમાં વધુ ૪ પુરૂષ અને ઓછામાં ઓછી બે મહિલા તથા બાળકોનો સમાવેશ કરવામાં આવેલો. ટુર્નામેન્ટ બપોરે ત્રણ વાગ્યાથી સ્ટાર્ટ થઈ હતી અને રાત્રિના લગભગ ૧૧ વાગ્યા સુધી ચાલેલી હતી. ટુર્નામેન્ટ માટે બહારથી એમ્પાયર રાખવામાં આવેલ હતા તથા ટુર્નામેન્ટમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા માટે લગભગ ૩૦ જણાની હાજરી હતી. ટુર્નામેન્ટમાં બપોરે ચા-પાણીની વ્યવસ્થા કરેલી અને સાંજે દરેક ખેલૈયાઓ માટે ભોજનમાં સી.જી.રોડના ફેમસ છોલે કુલ્ચાની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ફાઈનલ મેચમાં શાહ વોરિયર્સ અને વિનસ ટીમ વચ્ચે ભારે રસાકસી જામી હતી. ફાઈનલી વિનસ ટીમનો વિજય થયો હતો. વિજેતા થયેલી ટીમ તથા રનર-અપ ટીમને સંસ્થા તરફથી ટ્રોફી આપવામાં આવી હતી. મેચ દરમિયાન લાઈવ કોમેન્ટ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેચની ફોટોગ્રાફીનું કામ શિવ સ્ટુડીયો દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થા તેનો આભાર માને છે.

સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન જયમીન રૂપાણી, પિયુષ શેઠ તેમજ જીગર શાહ દ્વારા ખૂબ જ સરળ રીતે કરવામાં આવેલ.

**આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મળેલ સહયોગની યાદી નીચે મુજબ છે.**

| | |
|---|---|
| રૂા. ૧૫૦૦૦-૦૦ | કિરણભાઈ શાહ |
| રૂા. ૩૧૦૦-૦૦ | બીપીનભાઈ શાહ |
| રૂા. ૨૫૦૦-૦૦ | રામભરોસે |
| રૂા. ૨૫૦૦-૦૦ | મનીષભાઈ વી. મહેતા |
| રૂા. ૨૫૦૦-૦૦ | પુષ્પાબેન અમીચંદ મહેતા |
| રૂા. ૨૫૦૦-૦૦ | ચંદ્રિકાબેન પ્રભુદાસ રૂપાણી |
| રૂા. ૨૫૦૦-૦૦ | વિજયભાઈ અંબાણી |
| રૂા. ૨૧૦૦-૦૦ | રાજેશભાઈ એન. પરીખ |
| રૂા. ૧૧૦૦-૦૦ | રાજેન્દ્રભાઈ સી. સોલંકી |
| રૂા. ૧૧૦૦-૦૦ | ધીમંત રમણલાલ દામાણી |
| રૂા. ૧૧૦૦-૦૦ | દિપકભાઈ શાહ |
| રૂા. ૧૧૦૦-૦૦ | પ્રમોદભાઈ પારેખ |
| રૂા. ૧૦૦૦-૦૦ | ભાનુમતીબેન શાહ (યોગેશભાઈ) |
| રૂા. ૧૦૦૦-૦૦ | મનીષભાઈ રમણીકલાલ દામાણી |
| રૂા. ૧૦૦૦-૦૦ | સુરેશભાઈ શેઠ (પિયુષભાઈ) |
| રૂા. ૧૦૦૦-૦૦ | હંસાબેન કિશોરભાઈ અંબાણી |
| રૂા. ૧૦૦૦-૦૦ | ભરતભાઈ રમણીકલાલ દામાણી |
| રૂા. ૧૦૦૦-૦૦ | પરેશભાઈ દામાણી |
| રૂા. ૧૦૦૦-૦૦ | વિનોદભાઈ મંગળદાસ ગાંધી |
| રૂા. ૧૦૦૦-૦૦ | શૈલેષભાઈ નોટારીયા |
| રૂા. ૧૦૦૦-૦૦ | ધર્મેન્દ્રભાઈ દિવાન |
| રૂા. ૫૦૦-૦૦ | તેજસભાઈ પારેખ |
| રૂા. ૫૦૦-૦૦ | જીતેન્દ્રભાઈ હીરાલાલ ગાંધી |
| રૂા. ૫૦૦-૦૦ | નીતાબેન ભૂપેન્દ્રભાઈ અંબાણી |
| રૂા. ૫૦૦-૦૦ | લીનાબેન કિશોરભાઈ શાહ |
| રૂા. ૫૦૦-૦૦ | અનિરૂદ્ધભાઈ અંબાણી |
| રૂા. ૫૦૦-૦૦ | હિતેન્દ્ર અમૃતલાલ શાહ |
| રૂા. ૫૦૦-૦૦ | વિમલભાઈ દિવાન |
| રૂા. ૫૦૦-૦૦ | અતુલભાઈ અંબાણી |
| રૂા. ૫૦૦-૦૦ | શૈલેષભાઈ પારેખ |
| રૂા. ૫૦૦-૦૦ | જયેશ નવીનચંદ્ર પારેખ |
| રૂા. ૫૦૦-૦૦ | બીપીનભાઈ પારેખ |
| રૂા. ૫૦૦-૦૦ | સતીષભાઈ ફોજદાર |
| **રૂા. ૫૨૧૦૦-૦૦** | **કુલ રકમ** |

# કારોબારી

**સંસ્થાની તા. ૧૮-૧૨-૨૦૨૨ ના રોજ યોજાયેલ સામાન્ય સભામાં નીચે મુજબની કારોબારીની રચના કરવામાં આવેલ.**

પ્રમુખ : શ્રી મનીષભાઈ મહેતા

ઉપપ્રમુખ : શ્રી રાજુભાઈ સોલંકી

મંત્રી : શ્રી રાજેશભાઈ પરીખ

સહમંત્રી : શ્રી આશિષભાઈ કલ્યાણી

ખજાનચી : શ્રી જીગરભાઈ શાહ

તથા

કારોબારી સભ્ય:
શ્રી ધીમંતભાઈ દામાણી
શ્રી દીપકભાઈ શાહ
શ્રી ચિરાગભાઈ નોતરીયા
શ્રી વિમલભાઈ દિવાન
શ્રી ધર્મેન્દ્રભાઈ દિવાન
શ્રી જયેશભાઈ પારેખ
શ્રી શૈલેષભાઈ પારેખ
શ્રી હાર્દિકભાઈ શાહ
શ્રી જયમીનભાઈ રૂપાણી
શ્રી જીગ્નેશભાઈ પારેખ

# જાણવા જેવું – ભારતીય રાષ્ટ્રીય ધ્વજનું નિર્માણ

આજે આપણે ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા માટે સંબંધિત નિયમ તથા તેના નિર્માણ વિશે થોડીક વાત કરીશું.

પીંગલી વૈંકયા નામના વ્યક્તિએ ધ્વજનું નિર્માણ સૌ પ્રથમ વખત કર્યું હતું. ભારતીય રાષ્ટ્રીય ધ્વજનું નિર્માણ કરવાનો શ્રેય એમને જાય છે.

- ભારતીય રાષ્ટ્રીય ધ્વજનું પ્રદર્શન, પ્રતિક અને નામ અધિનિયમ, ૧૯૫૦ તથા
- રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ ૧૯૭૧ એ ના ઉપબંધો દ્વારા નિયંત્રિત થાય છે.
- આ બંને અધિનિયમને આવરી લેતો અને નવો એક કાયદો બનાવવામાં આવ્યો જેનું નામ ભારતીય રાષ્ટ્રીય ધ્વજ સંહિતા ૨૦૦૨ છે.
- ભારતીય રાષ્ટ્રીય ધ્વજ સંહિતા ૨૦૦૨માં આ બધા જ નિયમો રિવાજો, ઔપચારિકતાઓ અને નિર્દેશો આ બધાને એક સાથે લાવવાનો પ્રયાસ કર્યો છે.

**ભારતીય રાષ્ટ્રીય ધ્વજ સંહિતામાં શું છે એ આપણે જોઈએ.**

- ભારતીય રાષ્ટ્રીય ધ્વજનું નિર્માણ હાથથી કાંતેલુ સુતર, ઉન તથા હાથવણાટના સિલ્ક અથવા ખાદીના કપડાથી બનેલા હોવા જોઈએ.
- સ્કુલ, કૉલેજ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ધ્વજ કેવી રીતે ફરકાવવો જોઈએ તથા તેનું સન્માન કેવી રીતે કરવું જોઈએ તેનું વિસ્તૃત વર્ણન બતાવેલું છે.
- ભારતીય રાષ્ટ્રીય ધ્વજનો આકાર લંબચોરસ હોવો જોઈએ એની લંબાઈ, પહોળાઈ (ઉંચાઈ) ૩:૨ હોવી જોઈએ.
- ભારતીય રાષ્ટ્રીય ધ્વજને બીજા કોઈ પણ ધ્વજ સાથે એક જ ધ્વજ દંડ ઉપર ફરકાવો જોઈએ નહિ એટલે કે ભારતીય રાષ્ટ્રીય ધ્વજનો ધ્વજ દંડ અલગ હોવો જોઈએ.
- જનતા દ્વારા રાષ્ટ્રીય, સાંસ્કૃતિક કાર્યક્રમો વખતે કાગળના ધ્વજ ફરકાવી શકાય પણ એને જમીન પર ફેંકાય નહિ. એનો નિકાલ સન્માનપૂર્વક કરવો જોઈએ.
- ભારતીય રાષ્ટ્રીય ધ્વજને વાહન, રેલગાડી, નાવ, એરોપ્લેન વિગેરે છતને ઢાંકવા માટે ઉપયોગ કરવો જોઈએ નહિ.
- ધ્વજનો ઉપયોગ કોઈ વર્દી, પોશાક, રુમાલ, તકિયા અથવા કોઈ ડ્રેસ ઉપર ના થવો જોઈએ.
- કોઈ વ્યક્તિ અથવા વસ્તુને સલામી આપવા માટે ધ્વજને ક્યારેય ઝુકવા ના દેવો જોઈએ.
- જે જગ્યાએ ધ્વજને પ્રદર્શન માટે ખુલ્લો મુકવામાં આવે એ જગ્યા પર મૌસમની ચિંતા કર્યા વગર સુર્યોદયથી સુર્યાસત સુધી ફરકાવો જોઈએ.
- ભારતીય નાગરિક હવે રાતમાં પણ ધ્વજને ફરકાવી શકશે પણ એના માટે એક શરત છે કે ધ્વજ દંડ એટલો મોટો હોવો જોઈએ કે રાતમાં દુરથી પણ ધ્વજ દેખાઈ શકે અને ચમકી શકે.
- નામદાર સુપ્રિમ કોર્ટે એવું કહ્યું છે કે ધ્વજ ફરકાવવાના અધિકારને મૂળ અધિકાર તરીકે ગણવો જોઈએ.
- નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ કહ્યું છે કે ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનો અધિકાર ભારતીય બંધારણના આર્ટીકલ ૯૦/૧/એ ના અભિવ્યક્તિના સ્વતંત્રતાના અધિકારમાં આવે છે.
- આગળ કહ્યું એમ કે કોઈ પણ વાહન ઉપર ધ્વજ ફરકાવી ના શકાય પણ કેટલાક એવા ગણમાન્ય વ્યક્તિઓ છે કે જેમના વાહન ઉપર ધ્વજ ફરકાવી શકાય.

(૧) રાષ્ટ્રપતિ (૨) ઉપરાષ્ટ્રપતિ (૩) ગવર્નર અને લેફ્ટનન્ટ ગવર્નર (૪) વિદેશોમાં ભારતીય મિશનના પ્રમુખ (૫) પ્રધાનમંત્રી અને કેબિનેટ મંત્રી (૬) સંઘના રાજ્ય મંત્રી અને ઉપમંત્રી (૭) રાજયના મુખ્યમંત્રી, રાજ્ય તથા સંઘ દ્વારા શાસિત પ્રદેશોના અન્ય કેબિનેટ મંત્રી (૮) રાજ્ય સરકારના રાજયમંત્રી તથા અન્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપમંત્રી (૯) લોકસભાના અધ્યક્ષ (૧૦) રાજયસભાના ઉપસભાપતિ (૧૧) લોકસભાના ઉપાધ્યક્ષ (૧૨) રાજયોમાં વિધાન પરિષદોના અધ્યક્ષ (૧૩) ભારતના મુખ્ય ન્યાયાધીશ (૧૪) સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ (૧૫) હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ (૧૬) હાઈકોર્ટના ન્યાયાધીશ.

## ધ્વજ નિર્માણનું કાર્ય

- કર્ણાટકના બાગલકોટ જિલ્લાના દુબલીમાં આવેલી સંસ્થા કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગ સંયુક્ત સંઘ ને રાષ્ટ્રીય ધ્વજ નિર્માણ કરવાનું કાર્ય અધિકારિક રીતે સોંપવામાં આવેલું છે.
- ૧૮૦૦૦ ધ્વજ દર વર્ષે આ સંસ્થા દ્વારા બનાવવામાં આવે છે.
- આ સંસ્થાને બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ (બીઆઈએસ) દ્વારા ભારતીય રાષ્ટ્રીય ધ્વજના નિર્માણ કાર્ય માટે મંજુર કરવામાં આવી છે.
- આ સંસ્થા દ્વારા ૯ પ્રકારના અલગ અલગ સાઈઝમાં ધ્વજ નિર્માણ કરવામાં આવે છે.
- દર વર્ષે રુપિયા ૧.૫ કરોડના ધ્વજ અહીંયા બનાવવામાં આવે છે.
- દરેકે દરેક ધ્વજ ક્વોલિટી માટે ૧૮ વખત ચેક થાય છે.
- રાષ્ટ્રીય ધ્વજને બનાવવા માટે તથા ફોલ્ડ કરવા માટે ચોક્કસ રુલ્સ તથા નીતિનિયમો છે જેનું પાલન આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- આ સંસ્થા દ્વારા ભારતીય રાષ્ટ્રીય ધ્વજ વિદેશોમાં અને ભારતીય એલચી કચેરીઓમાં નિર્યાત થાય છે.

## રાષ્ટ્રધ્વજ ફરકાવવાની રીતો

### ૧૫મી ઓગસ્ટના રોજ -

- નીચેથી બાંધીને નીચેથી ઉપર તરફ દોરીથી ખેંચીને લઈ જવાનો અને પછી દોરીથી ખુલ્લો મુકવાનો.
- લોકસભાના વડા વડાપ્રધાન ધ્વજવંદન કરે અને લાલકિલ્લા પરથી દેશની જનતાને સંદેશો આપે. આ દિવસે (યાને તા.૧૫/૮/૪૭ના રોજ) સ્વતંત્રતા મળી તેના માનમાં ધ્વજવંદના થાય.

### ૨૬મી જાન્યુઆરીના રોજ -

- રાષ્ટ્રધ્વજને બાંધેલી અવસ્થામાં ઉપર અગાઉથી મુકી રાખવાનો અને દોરી ખેંચીને ફરકાવવાનો.
- ર૬મી જાન્યુઆરી ૧૯૫૦ આપણુ બંધારણ રચાયું જે ગણતંત્ર દિન તરીકે ઓળખાય છે. એટલે બંધારણના વડા રાષ્ટ્રપતિ બંધારણના સન્માનમાં ધ્વજવંદન કરે અને રાજપથ પરથી રાષ્ટ્રજોગ સંદેશો આપે.

- સૌજન્ય : જાગૃતજન

## શું થાય તો – શું કરવું ?

જોવાની ઈચ્છા થાય તો – હું કેવો છું ? તે જોવું.

રોવાની ઈચ્છા થાય તો – પોતાના અધમ કૃત્યો માટે રોવું.

લેવાની ઈચ્છા થાય તો – બીજાના ગુણોને ગ્રહણ કરવા.

ખાવાની ઈચ્છા થાય તો – ગમ (ક્ષમા) ખાવી.

પીવાની ઈચ્છા થાય તો – વીતરાગની વાણીનું પાન કરવું.

લૂંટવાની ઈચ્છા થાય તો – સંતોષ અને જ્ઞાનનું ધન લૂંટવું.

ક્રોધ કરવાની ઈચ્છા થાય તો – ક્રોધ ઉપર જ ક્રોધ કરવો.

કંઈ કરવાની તમન્ના જાગે તો – બીજાનું ભલું કરવું.

મારવાની ઈચ્છા થાય તો – વાસનાઓને મારવી.

# સરકારી યોજનાની વિગત

| ક્રમ | યોજનાનું નામ | આવક / Yearly |
|---|---|---|
| ૧ | રાઈટ ટુ એજ્યુકેશન RTE | ૧,૫૦,૦૦૦ |
| ૨ | માં અમૃતમ કાર્ડ યોજના | ૩,૦૦,૦૦૦ થી ઓછી |
| ૩ | યુવા સ્વાવલંબન યોજના | ૪,૫૦,૦૦૦થી ઓછી |
| ૪ | આયુષ્યમાન કાર્ડ યોજના | ૪,૦૦,૦૦૦ થી ઓછી |
| ૫ | વિધવા સહાય યોજના/ગંગા સ્વરુપ યોજના | ૧,૫૦,૦૦૦/- થી ઓછી |
| ૬ | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૧,૫૦,૦૦૦/- થી ઓછી |
| ૭ | સ્કૂલ વાહન યોજના | આવક મર્યાદા નથી |
| ૮ | સી.એમ.કેર ફંડ યોજના | ૧,૫૦,૦૦૦/- થી ઓછી |
| ૯ | સુકન્યા સમૃધ્ધિ યોજના | આવક મર્યાદા નથી |
| ૧૦ | પાલક માતા-પિતા યોજના | ૩૬,૦૦૦/- થી વધુ નહિ |
| ૧૧ | પ્રધાનમંત્રી આવાસ યોજના સબસિડી/સહાય | ૩,૦૦,૦૦૦/- થી વધુ નહિ |
| ૧૨ | ધો. ૧૧-૧૨ Sc. ટ્યુશન ફી | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૧૩ | વિદેશ અભ્યાસ માટે લોન | ૬,૦૦,૦૦૦/- થી ઓછી |
| ૧૪ | પાયલોટ તાલીમ લોન | આવક મર્યાદા નથી |
| ૧૫ | ડોક્ટર, વકીલ વ્યવસાય શરુ કરવા લોન | ૬,૦૦,૦૦૦ થી ઓછી |
| ૧૬ | બિન અનામત અભ્યાસ માટે લોન | ૬,૦૦,૦૦૦ થી ઓછી |
| ૧૭ | બિન અનામત ટ્યુશન ફી સહાય | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૧૮ | બિન JEE/GUJCET/NEET પરીક્ષા/ટ્યુશન ફી સહાય | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૧૯ | બિન અનામત GPSC, UPSC, Railway, Bank પરીક્ષા/ટ્યુશન ફી સહાય | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૦ | બિન અનામત ભોજન બીલ સહાય (હોસ્ટેલ) | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૧ | બિન અનામત સ્વરોજગાર વાહન સહાય યોજના | ૪,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૨ | માનવ ગરિમા યોજના/સ્વ રોજગાર-બ્યુટિ પાર્લર/મોબાઈલ રીપેર/ વગેરે | ૧,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૩ | બેન્કેબલ યોજના માટે લોન કુટીર યોજના રોજગાર માટે | ૧,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૪ | માનવ કલ્યાણ યોજના - ટૂલ્સ | ૧,૫૦,૦૦૦/-થી ઓછી |
| ૨૫ | મુખ્યમંત્રી ગ્રામોદય યોજના - માસિક રોજગારી | આવક મર્યાદા નથી |
| ૨૬ | મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના - જૂથમાં કામ કરવા લોન | આવક મર્યાદા નથી |
| ૨૭ | બેટરી થ્રી વ્હીલર વાહન યોજના સબસિડી | આવક મર્યાદા નથી |
| ૨૮ | દિવ્યાંગ વ્યક્તિ બસ પાસ/શિષ્યવૃત્તિ/વીમા/સાધન સબસિડી/ઈ-સ્કૂટર/લગ્ન સહાય યોજના | આવક મર્યાદા નથી |
| ૨૯ | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના) | આવક મર્યાદા નથી |
| ૩૦ | (NFSA) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - રાહત દરે | APL-1 અને BPL રેશન ધારક હોવા જોઈએ |
| ૩૧ | દીકરી યોજના | આવક મર્યાદા નથી |
| ૩૨ | અટલ સ્નેહ યોજના | આવક મર્યાદા નથી |
| ૩૩ | વિદ્યાદીપ વીમા યોજના | આવક મર્યાદા નથી |
| ૩૪ | પ્રધાનમંત્રી સુકન્યા વીમા યોજના (રૂા. ૧૨ વાર્ષિક પ્રીમીયમ) | આવક મર્યાદા નથી |
| ૩૫ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (ફક્ત રૂા. ૩૩૦ વાર્ષિક પ્રીમીયમ) | આવક મર્યાદા નથી |
| ૩૬ | શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ | આવક મર્યાદા નથી |
| ૩૭ | પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન | આવક મર્યાદા નથી |
| ૩૮ | વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના | આવક મર્યાદા નથી |
| ૩૯ | રાષ્ટ્રીય પરિવાર નિયોજન યોજના | આવક મર્યાદા નથી |
| ૪૦ | કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન | આવક મર્યાદા નથી |
| ૪૧ | મુખ્યમંત્રી ગ્રામોદય યોજના | આવક મર્યાદા નથી |

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP)
૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. : ૯૬૨૪૭ ૯૬૪૩૪
ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

# ગર્વમેન્ટ બેનીફીટ યોજના ફોર્મ

એસ.વી.વી.પી. સભ્યપદ નંબર ______

સભ્યનું નામ ______ ______ ______
ઘટક નામ પિતાનું નામ

સરનામું ______

______

______ પીન

ફોન નં (Mo.) ______ ઈ-મેઈલ ______

મોબાઈલ નંબર (વોટ્સએપ) ______

જ્ઞાતિ/ઘટક **શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ.**

જન્મ તારીખ ______ અભ્યાસ ______

નોકરી/વ્યવસાય ______ નોકરી/વ્યવસાયની વિગત ______

પરણિત/અપરણિત/વિધવા/વિધુર ______ લગ્નની તારીખ ______

પિતા/માતા/વાલી/કુટુંબની વાર્ષિક આવક ______

નીચે દર્શાવેલ આવકના આંકડા મુજબ જે વાર્ષિક આવક લાગુ પડતી હોય તેમણે ✓ નિશાની કરવી.

**૧,૨૦,૦૦૦/-** ☐ **૩,૦૦,૦૦૦/-** ☐ **૫,૦૦,૦૦૦/-** ☐ **૮,૦૦,૦૦૦/-** ☐

આયુષ્યમાન કાર્ડ છે ? હા ☐ ના ☐ | માઅમૃતમ કાર્ડ છે ? હા ☐ ના ☐

સરકારની યોજનાના મળતા લાભ લેવા માંગો છો. ? હા ☐ ના ☐

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | વાર્ષિક આવક | જન્મ તારીખ | પ્રવૃત્તિ | લગ્નની વિગત / તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

સભ્યની સહી ☐ તારીખ ______

જ્ઞાતિ/ઘટકનું નામ અને સરનામું **શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ.**

સ્થળ ______

તારીખ ______

જ્ઞાતિ / ઘટકનું નામ / પ્રમુખ કે મંત્રીની સહી અને સિક્કો
**શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ.**

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

## સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા–ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામઃ ..........................................................................................................

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .................... મો.નં.: .................... ઈ–મેઈલઃ ..............................

રહેણાંકનું પૂરૂં સરનામુંઃ .............................................................................

..........................................................................................................

વ્યવસાય / નોકરીઃ ...................................................... ટે.નં.: ..........................

વ્યવસાયનું સરનામુંઃ ..................................................................................

..........................................................................................................

પરિવારની કુલ સભ્ય સંખ્યાઃ પુરૂષ ............ મહિલા ............ (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ..........

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ...........................................................

---

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગતઃ .................................

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામઃ ..........................................................

સભાસદનો સભ્યપદ નં.: ............................ સભાસદનો મો.નં.: ..............................

સભાસદનું પૂરૂં સરનામુંઃ ...............................................................................

---

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા. ૧૫૦૦/– આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગતઃ ..............................................................)

**નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.**

---

તારીખઃ ................ અરજદારની સહીઃ ....................................

સભ્યપદ મંજૂર / નામંજૂર .................. તારીખઃ ..................

**સંસ્થાના પદાધિકારીની સહી**

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH™

૫૦ વર્ષનો
અતુટ વિશ્વાસ

આજ કા સ્વાદ કલ કી સુરક્ષા




હિંગ | કાશ્મીરી મરચું | મરચું | હળદર | ધાણાજીરૂ

HARIHAR FOODS PVT. LTD.
(An ISO 22000:2005 Certified Company)
519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad
www.shreeganeshmasala.com • Like us on



# ડો. પરીન દિપકભાઈ પટેલ

**MBBS MS FHNS**

## મોઢા અને ગળાના કેન્સર સર્જન

(કન્સલટન્ટ હેડ એન્ડ નેક કેન્સર સર્જન
HCG કેન્સર સેન્ટર, અમદાવાદ)

ASTHA Oncology Associates

Fellow IFHNOS - MSKCC USA
ટાટા મેમોરિયલ (મુંબઈ)
AIMS (કોચી)

મોઢા અને ગળાના દરેક પ્રકારના કેન્સર જેવા કે,

- ગલોફાના
- જીભ
- ટોન્સિલ (કાકડા)
- થાઈરોઈડ ગ્રંથિ
- પેરોટિડ (લાળગ્રંથિ)
- સ્વરપેટી
- નાક, કાન અને સાયનસને

લગતા તમામ કેન્સરની સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ...

જ્ઞાતિજનો માટે સાચી સલાહ, સચોટ નિદાન તેમજ વ્યાજબી સારવાર
અત્યંત આધુનિક અભિગમથી...

... સંપર્ક ...

HCG adding life to years

## HCG કેન્સર સેન્ટર,

સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ.
Mo. No. 9898901813 / 9898767537
E-mail : parinqp2002@gmail.com